અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૯ ઓગસ્ટ ૨૦૨૩, શનિવાર
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ સુદ ત્રીજ

વર્ષ : ૧૫
અંક : ૨૪

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ચંદ્રયાન-૩ મિશનની પ્રથમ તસવીર સામે આવી । ચંદ્રની દક્ષિણ ધ્રુવ પર ૨૩ ઓગસ્ટે લેન્ડ થશે

# ચંદ્રયાન-૩ના લેન્ડર ઈમેજર દ્વારા ચંદ્રનો શાનદાર નજારો કેદ થયો

## રોવર ત્યાંની આબોહવા, સિસ્મિક એક્ટિવિટી અને ભૌગોલિક પરિસ્થિતિ અંગે માહિતી આપશે

। નવી દિલ્હી, તા.૧૮ ।

લેન્ડર મોડ્યુલના પ્રોપલ્શન મોડ્યુલથી અલગ થયા બાદ ચંદ્રયાન-૩ મિશનની પ્રથમ તસવીર સામે આવી છે. આ તસવીર લેન્ડર ઈમેજર દ્વારા લેવામાં આવી છે. આ તસવીર ૧૭ ઓગસ્ટે લેન્ડર ઈમેજરમાં ફીટ કરવામાં આવેલા કેમેરા-૧ દ્વારા લેવામાં આવી હતી. આ પહેલા ગુરુવારે (૧૭ ઓગસ્ટ) લેન્ડરને પ્રોપલ્શન મોડ્યુલથી અલગ કરવામાં આવ્યું હતું.

જાણકારી મુજબ થોડીવારમાં લેન્ડર મોડ્યુલ ડીબૂસ્ટિંગ પ્રક્રિયામાંથી પસાર થયા પછી ચંદ્રની નીચેની ભ્રમણકક્ષામાં ઉતરશે. આ ૫ છી લેન્ડર ધીમી ગતિ સાથે આગળ વધશે. જણાવી દઈએ કે ચંદ્રયાન-૩ ૧૪ જુલાઈના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું. તે ૫ ઓગસ્ટે ચંદ્રની ભ્રમણકક્ષામાં પહોંચ્યુ હતું. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) અનુસાર, લેન્ડર ૨૩ ઓગસ્ટે ચંદ્રની સપાટી પર ઉતરશે.

લેન્ડર ગુરુવારે (૧૭ ઓગસ્ટ) ના રોજ પ્રોપલ્શન મોડ્યુલથી સફળતાપૂર્વક અલગ થયું હતું. લેન્ડર મોડ્યુલમાં લેન્ડર અને રોવર છે. વિક્રમ લેન્ડરને આ મિશનમાં આશરે ૧૦૦ કિમીનું અંતર કાપવાનું છે. લેન્ડર હવે તેની ઉંચાઈ ઘટાડીને અને ગતિ ધીમી કરીને આગળ વધશે.

ચંદ્રયાન-૩ ૧૪ જુલાઈએ લોન્ચ થયા બાદ ૫ ઓગસ્ટે ચંદ્રની



ભ્રમણકક્ષામાં પ્રવેશ્યું હતું. ઈસરોના જણાવ્યા અનુસાર, લેન્ડરને ૨૩ ઓગસ્ટની સાંજે લગભગ ૬ વાગ્યાની આસપાસ ચંદ્ર પર ઉતરવાનું છે. ૧૭ ઓગસ્ટે ચંદ્રયાન-૩ના પ્રોપલ્શન મોડ્યૂલને બપોરે ૧:૧૫ વાગ્યે લેન્ડર અને રોવરથી અલગ કરી દીધું હતું.

ચંદ્રયાન-૩ ચંદ્રની દક્ષિણ ધ્રુવ પર ૨૩ ઓગસ્ટે લેન્ડ થશે. ૧૭ તારીખે લેન્ડર અને રોવર અલગ પડ્યા બાદ ૨૩ તારીખે વિક્રમ લેન્ડર ચંદ્રની જમીન પર ઉતરશે. લેન્ડિંગની અંતિમ ૧૭ મિનિટ તમામ વૈજ્ઞાનિકો માટે અતિ મહત્વની રહેશે. ચંદ્રની ધરતી પર લેન્ડ થયા બાદ રોવર ત્યાંની આબોહવા, સિસ્મિક એક્ટિવિટી અને ભૌગોલિક પરિસ્થિતિ અંગે માહિતી આપશે. ચંદ્રની સફર માનવીને બીજા વિશ્વમાં જીવવાનો અને કામ કરવાનો પ્રથમ અનુભવ પ્રદાન કરશે. આ સફર અમને તાપમાન અને અવકાશના અત્યંત કિરણોત્સર્ગમાં અદ્યતન સામગ્રી અને સાધનોનું પરીક્ષણ કરવાની મંજૂરી આપશે. મનુષ્યો શીખશે કે માનવ કાર્યોમાં મદદ કરવા, દૂરસ્થ સ્થાનોનું અન્વેષણ કરવા અને જોખમી વિસ્તારોમાં માહિતી એકત્રિત કરવા માટે રોબોટ્સનો શ્રેષ્ઠ ઉપયોગ કેવી રીતે કરવો. નાસા મુજબ છે કે, ચંદ્ર પર સફળતા પૂર્વક હાજરી સ્થાપિત કરીને, મનુષ્ય પૃથ્વી પરના જીવનને વધારશે અને આપણા બાકીના સૌરમંડળ અને તેની બહારની શોધ કરવા માટે તૈયાર થશે. પૃથ્વી કરતાં ઓછા ગુરુત્વાકર્ષણ અને વધુ રેડિયેશનવાળા વાતાવરણમાં અવકાશયાત્રીઓને સ્વસ્થ રાખવું તબીબી સંશોધકો માટે એક મોટો પડકાર છે. ચંદ્રનું અન્વેષણ તકનીકી નવીનતાઓ અને એપ્લિકેશનો અને નવા સંસાધનોના ઉપયોગ માટે નવી વ્યવસાય તકો પણ પ્રદાન કરે છે. આખરે, ચંદ્ર પર ચોકીઓ સ્થાપવાથી મનુષ્યો અને સંશોધકોને પૃથ્વીની બહારના ગ્રહો અને ઉપગ્રહોની શોધખોળમાં વિસ્તૃત મદદ મળશે.

### ન્યૂઝ બ્રિફ

#### દિલ્હીથી બિહાર સુધી ૧૯-૨૦ ઓગસ્ટે ભારે વરસાદની આગાહી



। નવી દિલ્હી, તા.૧૮ ।

દેશભરના ઘણા રાજ્યોમાં વરસાદને કારણે હવામાન ખુશનુમા રહ્યું છે, જ્યારે ઘણા રાજ્યો બિન-સક્રિય ચોમાસાને કારણે સહેજ ભેજનો સામનો કરી રહ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, શુક્રવારે (૧૮ ઓગસ્ટ) રાષ્ટ્રીય રાજધાનીમાં હવામાન સ્વચ્છ રહેવાની ધારણા છે. ૧૯ અને ૨૦ ઓગસ્ટે વરસાદની સંભાવના છે. આ સિવાય દિલ્હીનું મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૮ ડિગ્રી સેલ્સિયસ રહી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઉત્તર પ્રદેશમાં શુક્રવાર, ૧૮ ઓગસ્ટે હવામાન સ્વચ્છ રહેવાની સંભાવના છે.

#### એનઈપી ભાજપ શાસિત રાજ્યોમાં જ લાગુ ન કરાઈ

। બેંગલુરૂ, તા.૧૮ ।

કર્ણાટકમાં કોંગ્રેસ સરકારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી)ને ખતમ કરવા સામે ભાજપે વિરોધ વ્યક્ત કર્યો હતો. તેના જવાબમાં ઉપમુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે કહ્યું કે એનઈપીભાજપનો રાજકીય એજન્ડા હતો. તેને ભાજપ શાસિત રાજ્યોમાં લાગુ જ નથી કરાઈ. શિવકુમારે ભારપૂર્વક કહ્યું કે આ રાજ્યનો વિષય છે, રાષ્ટ્રીય વિષય નથી. પત્રકારો સાથેની વાતચીતમાં શિવકુમારે કહ્યું કે એનઈપીલાગુ કરવાનો નિર્ણય ભાજપનો હતો.

#### કુકી ગામમાં મૈતેઈ શસ્ત્રધારીઓના ગોળીબારમાં ત્રણનાં મોત નિપજ્યા

। ઈમ્ફાલ, તા.૧૮ ।

થોડાક દિવસોની શાંતિ બાદ હિંસાગ્રસ્ત મણિપુરમાં આજે સવારે ફરી એકવાર હિંસા ભડકી. સૂત્રોના જણાવ્યાનુસાર સવારે આશરે ૫.૩૦ વાગ્યે ઉખરુલ જિલ્લાના લિટન પોલીસ સ્ટેશનની હદમાં આવતા થવઈ કુકી ગામમાં શંકાસ્પદ મૈતેઈ શસ્ત્રધારી બદમાશો અને કુકી સ્વયંસેવકો વચ્ચે ભયંકર ગોળીબારની ઘટના બની હતી. તેમાં કુકી સમુદાયના ૩ લોકો મૃત્યુ પામ્યા હતા.

### યુપી પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષપદે અજય રાયની નિયુક્તિ

## રાહુલ ગાંધી અમેઠીથી જ ચૂંટણી લડશે : અજય રાય

। વારાણસી, તા.૧૮ ।



અજય રાય ઉત્તર પ્રદેશ કોંગ્રેસ કમિટીના નવનિયુક્ત અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા બાદ પ્રથમ વખત તેમના ગૃહ જિલ્લા વારાણસીમાં લાલ બહાદુર શાસ્ત્રી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પહોંચ્યા હતા. એરપોર્ટ પર પહોંચતાની સાથે જ હજારો કાર્યકર્તાઓએ ઢોલ, માળા અને અંગ વસ્ત્રો સાથે અજય રાયનું સ્વાગત કર્યું. કામદારોની ભીડને કારણે નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ હતી. પરિસ્થિતિ એવી બની કે કોંગ્રેસના કાર્યકરો અજય રાયને આવકારવા આગળ કૂદી પડ્યા અને એક વર્તુળમાં ઉભેલા પોલીસ અને સીઆઈએસએફના જવાનોને ધક્કો માર્યોના પણ સમાચાર મળી રહ્યા છે. વાતચીત દરમિયાન અજય રાયે જણાવ્યું કે, કોંગ્રેસ પાર્ટીએ તેમને ૨૦૧૪માં પણ મહત્વપૂર્ણ જવાબદારી સોંપી હતી. ભાજપે તેમની સામે દરેક રણનીતિ અપનાવી હતી.

કોંગ્રેસ નેતાએ કહ્યું કે ન તો અજય રાયે ઝૂક્યા હતા અને ન તો ફરી ઝુકશે. અજય રાયે કહ્યું કે, રાહુલ ગાંધી અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જે વિશ્વાસ કર્યો છે તે સાથે સામાન્ય જનતાની વચ્ચે જશે. અજય રાયે જણાવ્યું કે ૨૦૧૪ અને ૨૦૧૯માં તેમને જે જવાબદારી સોંપવામાં આવી હતી.

### મોદીનું ક્ષેત્રીય પંચાયતી રાજ પરિષદ કાર્યક્રમને સંબોધન

## સામાન્ય લોકો જોડાઈ શકે એવી તકો શોધો : નરેન્દ્ર મોદી

। નવી દિલ્હી, તા.૧૮ ।



વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા ક્ષેત્રીય પંચાયતી રાજ પરિષદ કાર્યક્રમને સંબોધિત કર્યો હતો. આ દરમિયાન વડા પ્રધાને કહ્યું કે આપણે દરેક જિલ્લાના સ્તરને ઉપર લાવવું જોઈએ. આ માટે ૫ વર્ષનું લક્ષ્ય નક્કી કરો. તેમણે કહ્યું કે વર્ષમાં ૩ વિષયો નક્કી કરો. તમામ વિભાગો સાથે મળીને કામ કરો. તમે જે પણ કરો છો, તેને જન આંદોલન બનાવીને કરો. વડા પ્રધાને કહ્યું કે એક વર્ષમાં આપણે ૪-૫ એવી તકો શોધીએ જેમાં સરકારના નેતૃત્વમાં, પંચાયતના નેતૃત્વમાં સમગ્ર જિલ્લાના સામાન્ય લોકો તેમાં જોડાઈ શકે. પહેલાં ૭૦ હજાર કરોડ રૂપિયાની ગ્રાન્ટ મળતી હતી, આજે તે ૩ લાખ કરોડ રૂપિયાથી વધુ થઈ ગઈ છે. અમે ૩૦ હજારથી વધુ નવી જિલ્લા પંચાયતની ઈમારતો બનાવી છે. વધુમાં, તેમણે કહ્યું કે અમે સંગઠનમાં માનીએ છીએ, અમે મૂલ્યોમાં માનીએ છીએ, અમે સમપ ર્ણમાં માનીએ છીએ અને અમે સામૂહિક જવાબદારી સાથે સામૂહિકતાના મૂલ્યો સાથે આગળ વધીએ છીએ અને અમને મળેલી જવાબદારીને કુશળતા પૂર્વક નિભાવીએ છીએ. તમને જણાવી દઈએ કે ૧૫ ઓગસ્ટના રોજ લાલ કિલ્લા પરથી વડા પ્રધાને વિશ્વકર્મા યોજના શરૂ કરવાની જાહેરાત કરી હતી. આનો ઉલ્લેખ કરતા પીએમએ કહ્યું કે ૧૩,૦૦૦ કરોડ રૂપિયાનું પ્રારંભિક બજેટ તૈયાર કરવામાં આવ્યું હતું.

### જૂન ૨૦૨૩ માં, રોજગારની કૂચ પર સારા સમાચાર

## દેશમાં જૂન મહિનામાં ૨૦.૨ લાખ નવા કર્મચારી એસિકમાં જોડાયા

**આ વર્ષે જૂનમાં કુલ ૨૪,૨૯૮ નવી કંપનીઓએ આ સામાજિક યોજના હેઠળ પોતાનું રજીસ્ટ્રેશન કરાવ્યું**

। નવી દિલ્હી, તા.૧૮ ।

જૂન ૨૦૨૩ માં, રોજગારની કૂચ પર સારા સમાચાર આવ્યા છે. કુલ ૨૦.૨ લાખ નવા કર્મચારીઓ જૂન મહિનામાં કર્મચારી રાજ્ય વીમા નિગમ (એસિક)માં જોડાયા છે. બીજી તરફ, જો આપણે મે વિશે વાત કરીએ તો, એસિકમાં જોડાનારા નવા કર્મચારીઓની સંખ્યા જૂન મહિના જેટલી હતી. જ્યારે એપ્રિલ ૨૦૨૩માં કુલ ૧૭.૮ લાખ લોકો આ યોજના સાથે જોડાયેલા હતા. શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, આ વર્ષે જૂનમાં કુલ ૨૪,૨૯૮ નવી કંપનીઓએ આ સામાજિક યોજના હેઠળ પોતાનું રજીસ્ટ્રેશન કરાવ્યું છે. જ્યારે મે ૨૦૨૩માં કુલ ૨૪,૮૮૬ નવી કંપનીઓએ સ્કીમ હેઠળ નોંધણી કરાવી હતી. અહેવાલ મુજબ, એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન હેઠળ નોંધાયેલા ૨૦.૨ લાખ કર્મચારીઓમાંથી ૪૮.૨૨ ટકા ૨૫ વર્ષથી ઓછી ઉંમરના યુવાનો છે. આવી સ્થિતિમાં જૂન, ૨૦૨૩માં સંગઠિત ક્ષેત્રમાં કુલ ૯.૭૭ લાખ યુવાનોને નોકરી મળી છે. તે જ સમયે, આ આંકડા એ પણ દર્શાવે છે કે જૂન ૨૦૨૩ માં, કુલ ૩.૮ લાખ મહિલાઓને નોકરી મળી છે. તે જ સમયે, ૭૧ ટ્રાન્સજેન્ડરોએ પણ યોજના હેઠળ નોંધણી કરાવી છે. નોંધનીય છે કે સંગઠિત ક્ષેત્રમાં ૨૧,૦૦૦ રૂપિયાથી ઓછો માસિક પગાર ધરાવતા લોકો આ યોજના હેઠળ પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકે છે. આમાં પણ કંપની અને કર્મચારીઓ બંને પોતપોતાનું યોગદાન આપે છે. આ સ્કીમની જેમ, ૧૦ કે તેથી વધુ કર્મચારીઓ ધરાવતી કંપની પોતાની નોંધણી કરાવી શકે છે. નોંધણી પછી, તમામ લાભાર્થીઓને ઈજીૈં કાર્ડ મળે છે. આવી સ્થિતિમાં, યોજના હેઠળ દર મહિને નોંધાયેલા લોકોની સંખ્યા દર્શાવે છે કે સંગઠિત ક્ષેત્રમાં કેટલા લોકોને નોકરી મળી છે.

આ યોજના હેઠળ, સરકાર ઓછા પગારવાળા લોકોને વધુ સારી તબીબી સુવિધાઓ પૂરી ૫ ાડે છે. આ માટે, સરકાર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૧૫૦ થી વધુ હોસ્પિટલો અને દવાખાનાઓ પણ ચલાવે છે. જેમાં યોજનાના લાભાર્થીઓ અને તેમના પરિવારજનોને વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે. આ યોજના હેઠળ, કોઈ બિમારીના કિસ્સામાં, કર્મચારીના પરિવારને ૯૧ દિવસ સુધીની પેઈડ રજાની સુવિધા પણ મળે છે. તે જ સમયે, મહિલા કર્મચારીઓને મેટરનિટી લીવના બદલામાં ૨૬ અઠવાડિયા માટે સંપૂર્ણ પગાર મળે છે.

### કર્ણાટકમાં સરકારનો વિવાદાસ્પદ નિર્ણય

## કર્ણાટકમાં મંદિરોને રિનોવેશન ફંડ અટકાવી દેવાનો નિર્ણય

**કોંગ્રેસના નેતૃત્વ હેઠળની સરકાર દ્વારા આ નિર્ણયની જાણ થતાં જ હિન્દુ સંગઠનો-ભાજપે આક્રમક વલણ અપનાવ્યું**

। બેંગલુરૂ, તા.૧૮ ।

કર્ણાટકમાં કોંગ્રેસના નેતૃત્વ હેઠળની સરકાર દ્વારા મંદિરોના રિનોવેશન અને ડેવલપમેન્ટ સંબંધિત કામકાજ માટે જારી કરવામાં આવતું ફંડ અટકાવી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ નિર્ણયની જાણ થતાં જ હિન્દુ સંગઠનો અને ભાજપે આક્રમક વલણ અપનાવ્યું હતું. આ આદેશ સ્ટેટ્સ હિન્દુ રિલિજિયસ ઈન્સ્ટ્યૂટિશન એન્ડ ચેરિટેબલ એન્ડાવમેન્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા જારી કરાયો હતો અને આ આદેશની નકલ તમામ જિલ્લા કમિશનરને પહેલાંથી જ મોકલી દેવામાં આવી હતી. આદેશમાં જણાવાયું છે કે જો મંદિરમાં રિનોવેશન કામ ન થયું હોય તો ફંડ રિલીઝ કરવામાં ન આવે.

### આદિવાસી છાત્રનું એન્જિનિયરનું સપનું પૂરું કરવા

## બોમ્બે હાઈકોર્ટે ૧૫ ઓગસ્ટે રજાના દિવસે સુનાવણી કરી

**ગૌરવને તેની સીટ કન્ફર્મ કરવા માટે ૧૬ ઓગસ્ટે બપોરે 3 વાગ્યા સુધીમાં જાતિનું પ્રમાણપત્ર સબમિટ કરવાનું હતું**

। મુંબઈ, તા.૧૮ ।

બોમ્બે હાઈકોર્ટે ૧૫ ઓગસ્ટે રજાના દિવસે પણ કેસની સુનાવણી કરી હતી. મળતી માહિતી પ્રમાણે ગૌરવ વાઘ નામના વિદ્યાર્થીનું જાતિ તપાસ સમિતિએ અનુસૂચિત જનજાતિ (એસટી) પ્રમાણપત્ર રદ કર્યું હતું. જેના માટે બોમ્બે હાઈકોર્ટે સુનાવણી કરી હતી. ૧૮ વર્ષના આદિવાસી વિદ્યાર્થીનું એન્જિનિયર બનવાનું સપનું પૂરું કરવા માટે કોર્ટે ૧૫ ઓગસ્ટના રોજ સરકારી રજાના દિવસે આ મામલે સુનાવણી કરી હતી. ગૌરવ વાઘને ન્યાય અપાવતા, ન્યાયમૂર્તિ અવિનાશ ઘરોટે અને મનોહર ચંદવાનીની ડિવિઝન બેન્ચે જાતિ તપાસ સમિતિના નિર્ણયને બાજુ પર રાખ્યો હતો.



ન્યૂઝ બ્રિફ

## વડોદરામાં રિલ્સ બનાવવાની ઘેલછામાં નબીરાઓએ રસ્તા પર જોખમી સ્ટંટ કર્યા

। વડોદરા,તા.૧૮ ।

જીવ જોખમમાં મૂકી રિલ્સ બનાવી ફેસમ થવાનું જાણે હવે સામાન્ય બની ગયું હોય તેવું લાગી રહ્યું છે. દરરોજ અનેક જોખમી રીતે સ્ટંટ કરતા વાયરલ વીડિયો સામે આવે છે. ત્યારે વડોદરામાં ફરી આવો જ એક વીડિયો સામે આવ્યો છે. પ્રથમ દ્રશ્યોમાં જોઈ શકાય છે કે નબીરાઓએ પોતાનો જીવ તો જોખમમાં મૂક્યો જ, સાથે સાથે અન્ય વાહનચાલકોનો જીવ પણ જોખમમાં મૂક્યો છે. સ્વતંત્રતા દિવસના રોજ પથી ૬ કાર ચાલકોએ રિંગ રોડ પર જોખમી સ્ટંટ કર્યા હતા. નબીરાઓએ જોખમી રીતે વાહનોને ઓવરટેક કર્યા હતા. તેમજ કારની બહાર નીકળી સીન સપાટા કર્યા હતા. રીલ્સની ઘેલછામાં રોડ પર જોખમી સ્ટંટ કરનારા પોલીસના સકંજામાં આવી ગયા છે. તો પોલીસે ex.MLAનું લખાણ લખેલી એક કારને પણ કબ્જે કરી છે. બાપોદ પોલીસે રફતારબાજો સામે IPC ૨૭૯, ૧૮૪ કલમ મુજબ ગુનો દાખલ કર્યો છે. પોલીસે ૫ લોકોની અટકાયત કરી જેમાં ૩ સગીરનો પણ સમાવેશ છે. પોલીસે જપ્ત કરેલી કારમા ex.MLAનાં લખાણ મુદ્દે જણાવ્યું કે આ પ્લેટ માત્ર સ્ટેટસ ઉભું કરવા ખોટી રીતે લગાવાઈ હતી.

## વરાછામાં બે યુવકોએ દુકાનમાં ઘૂસી ચપ્પુની અણીએ તેલનાં ડબ્બાની લૂંટ ચલાવી

। સુરત,તા.૧૮ ।

વરાછા વિસ્તારમાં આ ઘટના સામે આવી છે. જ્યાં એક કરિયાણાના દુકાનદાર ને ચપ્પુ બતાવીને તેલના ડબ્બાની લૂંટ કરાઈ હતી. બાળક અને મહિલા ગ્રાહકોની હાજરીમાં જ દુકાનદાર પર અણીદાર ચપ્પા વડે હુમલો કરવાનો પ્રયાસ પણ આવ્યો હતો. સુરત શહેરમાં ચપ્પાની અણીએ તેલના ડબ્બાનૂ લૂંટ કરાઈ હોવાની ઘટના સામે આવી છે. વધતી મોંઘવારી હવે ચોરોના માથે પણ હાવી થઈ હોય એવી આ ઘટના સામે આવી છે. આમ તો હાલમાં ટામેટાની લૂંટના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે, ત્યાં હવે તેલના ડબ્બા દુકાનમાં ઘૂસીને લૂંટી ગયા હતા. સુરત શહેરમાં આવેલા વરાછા વિસ્તારમાં આ ઘટના સામે આવી છે. જ્યાં એક કરિયાણાના દુકાનદાર ને ચપ્પુ બતાવીને તેલના ડબ્બાની લૂંટ કરાઈ હતી. દુકાનનુ શટર લુંટારુએ બંધ કરીને ધમકીઓ આપી હતી, પરંતુ એક બાળકે શટર બહારથી ખોલી નાંખ્યુ હતુ.



અમદાવાદમાં એફ-૨૦ના વિઝીટરે સાબરમતી ગાંધીઆશ્રમની મુલાકાત લીધી હતી.

### વિવાદિત વીડિયોને લઇ તેમના પરિવારમાં ચિંતાનું મોજું ફરી વળીયું

## સુરતના ૭૦ હજાર જેટલા કારીગરોમાં દહેશતનો માહોલ

### રાજકોટમાં હાલ ATS એ બંગાળ કેટલાક આંતકવાદીને ઝડપી પાડ્યા હતા, ત્યારબાદ મામલો ગરમાયો હતો

। સુરત,તા.૧૮ ।

રાજકોટમાં બંગાળી સમાજ માટે વિવાદિત ટિપ્પણી અને વીડિયો વાયરલથી ગુજરાતમાં રહેતા બંગાળીમાં ભયનો માહોલ છવાયો છે, ત્યારે સુરતમાં પણ ૭૦ હજાર જેટલા બંગાળી વસે છે. વીડિયોને લઈ તેમના પરિવારમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. ઘટનાને લઈ સુરતમાં રહેતા અને જ્વેલર્સ મેકિંગનું કામ કરતા બંગાળીઓએ આજે સુરત GJEPC ખાતે બેઠક બોલાવી હતી અને ત્યાં ઘટનાને લઈ ચર્ચા કરવામાં આવી હતી. હવે બંગાળી સમાજ દ્વારા પોલીસને પણ રજુઆત કરવામાં આવશે.

રાજકોટમાં હાલ ATS એ બંગાળ કેટલાક આંતકવાદીને ઝડપી પાડ્યા હતા. ત્યારબાદ મામલો ગરમાયો હતો. આ ઘટનાનો લાભ લઈ કેટલાક ટીખરખોરોએ સમાજમાં અરાજકતા ફેલાવવા એક વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો.

### શહેર અને જિલ્લામાં રખડતા ઢોરનો ત્રાસ યથાવત

## ભાવનગર શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં રખડતા ઢોરના કારણે બેના મોત થયા

। ભાવનગર,તા.૧૮ ।

ભાવનગર શહેર અને જિલ્લામાં રખડતા ઢોરનો ત્રાસ યતાવત છે. રખડાતા ઢોરે અનેક લોકો જીવ લીધો હોવા છતા તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. આજે એક જ દિવસમાં રખડતા ઢોરે બે લોકોનો ભોગ લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. ભાવનગર શહેર અને જિલ્લામાં રખડતા ઢોરનો ત્રાસ યતાવત છે. રખડાતા ઢોરે અનેક લોકો જીવ લીધો હોવા છતા તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. આજે એક જ દિવસમાં રખડતા ઢોરે બે લોકોનો ભોગ લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. આ મામલે



લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને તંત્રની કાર્યવાહી સામે સવાલો ઉઠી રહ્યા છે. ભાવનગર જિલ્લામાં રખડતા ઢોરના કારણે વધુ એક યુવાનનો જીવ ગયો છે. સિહોર તાલુકાના આબલા ગામે આખલાએ યુવકને અડફેટે લીધો હતો. યુવકને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો જ્યાં સારવાર દરમિયાન યુવકે દમ તોડ્યો હતો. મૃતક યુવક જગદીશભાઈ ડાભી પોતાનું બાઈક લઈને સિહોર તરફ જઈ રહ્યા હતા એ દરમિયાન આખલાએ અડફેટે લીધા હતા. ભાવનગર જિલ્લામાં રખડતા આખલાના કારણે થઈ રહેલ મોતનો સિલસીલો ક્યારે અટકશે તે કહેવું મુશ્કેલ છે. તો બીજી તરફ ભાવનગર શહેરમાં વધુ એક આધેડનું રખડતા ઢોરના કારણે મોત થયું છે. શહેરના ટોપ થ્રી સર્કલ પાસે ચાલીને જઈ રહ્યા હતા એ દરમિયાન રખડતા ઢોરે અડફેટે લેતા ગંભીર ઈજા પહોંચી હતી.

### પ્રથમ તબક્કામાં ૭૫ થી વધુ CCTV લગાવાશે

## વડોદરા શહેરનાં ૧૦ ફ્લાયઓવર બ્રિજ પર CCTV લગાવવાનો મહત્વનો નિર્ણય

### સીસીટીવી કેમેરા લગાવવાથી ગુનાહિત પ્રવૃતિઓ અટકાવી શકાશે, તેમજ થયેલ ગુનાહિત પ્રવૃતિઓને ડામવા માટે સીસીટીવી ફૂટેજ મહત્વનાં બની શકે છે

। વડોદરા,તા.૧૮ ।

અમદાવાદનાં ઈસ્કોન બ્રિજ અકસ્માતમાં ૯ લોકોનાં મોત બાદ વડોદરા મહાનગર પાલિકા હરતકમાં આવી છે. મ્યુનિસપલ કમિશ્નર દ્વારા વડોદરા શહેરનાં ૧૦ ફ્લાયઓવર બ્રિજ પર CCTV લગાવવાનો મહત્વનો નિર્ણય લીધો છે. સૌ પ્રથમ શહેરનાં ૧૦ બ્રિજ પર CCTV લગાવાશે. શહેરનાં ૧૦ બ્રિજ પર પોલ લગાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. તેમજ દરેક પોલ પર ૪ સીસીટીવી લગાવવામાં આવશે. પ્રથમ તબક્કામાં ૭૫ થી વધુ કેમેરા ફ્લાયઓવર બ્રિજ પર લગાવાશે. આ બાબતે વડોદરા મ્યુનિ. કમિશ્નર દિલીપ રાણાએ જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ શહેરીજનોની સુરક્ષાની દ્રષ્ટિએ મહત્વનો પ્રોજેક્ટ છે. ૧૦ ફલાય ઓવર પર ૭૫ થી વધુ કેમેરા મુકાશે. સીસીટીવી કેમેરા લગાવવાથી ગુનાહિત પ્રવૃતિઓ અટકાવી શકાશે. તેમજ થયેલ ગુનાહિત પ્રવૃતિઓને ડામવા માટે સીસીટીવી ફૂટેજ મહત્વનાં બની શકે છે. વડોદરા શહેરમાં આવેલા ત્રણ બ્રિજ પરથી કેટલાક લોકો નદીમાં કચરો નાંખતા સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. જેઓને વાહન નંબરનાં આધારે પકડી પાડી રૂા. ૨૫૦૦૦ થી વધુનો દંડ ફટકાર્યો હતો.

### સૌરાષ્ટ્રમાં PGVCLનો સપાટો । ભાવનગર જિલ્લામાં ૧૫ કરોડ રૂપિયાની વીજ ચોરી પકડાઇ હતી

## રાજકોટ સહીત સૌરાષ્ટ્રમાં ચાર મહિનામાં ૮૨ કરોડ રૂપિયાની વીજ ચોરી

। રાજકોટ,તા.૧૮ ।

રાજકોટમાંથી ફરી એકવાર વીજ કંપની PGVCLની મોટી કાર્યવાહી કરી હતી. અહીં PGVCL ટીમે અચાનક દરોડાની કાર્યવાહી હાથ ધરતાં કરોડોની ચોરી પકડી પાડી છે. રાજકોટ સહીત સૌરાષ્ટ્રમાં PGVCન્એ ચાર મહિનામાં ૮૨ કરોડ રૂપિયાની વીજ ચોરી પકડી હતી. PGVCLએ એક લાખ ૧૩ હજારથી વધુ વીજ જોડાણોનું ચેકિંગ કર્યું હતું જેમાંથી જેમાંથી ૨૭ હજાર ૨૫૪ કનેક્શનમાં ગેરરીતિ ઝડપાઈ હતી. સૌથી વધુ ભાવનગર જિલ્લામાં ૧૫ કરોડ રૂપિયાની વીજ ચોરી પકડાઈ હતી.

છેલ્લા કેટલાય દિવસોથી રાજકોટ સહિતના વિસ્તારોમાં PGVCLની ટીમે સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યુ છે આમાં પાંચ દિવસમાં દોઢ કરોડથી વધુની વીજ ચોરીને પકડી પાડવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે, રાજકોટ સહિતના આજુબાજુના વિસ્તારોમાં PGVCLની ટીમે પાંચ દિવસની દરોડાની કાર્યવાહી શરૂ કરી હતી, જેમાં ૪૪ ટીમો કામે લાગી હતી, આ તમામ ટીમે ચેકીંગની કામગીરી દરમિયાન આજી, ખોખડદડ, મોરબી રોડ ઉપરના વિસ્તારોમા દરોડા પાડ્યા હતા, આ દરોડામાં લગભગ પાંચ દિવસમાં દોઢ કરોડની વીજ ચોરીને પકડી પાડી હતી. આમાં ૧૦૮ કનેક્શનમાંથી ૮૩ લાખને વીજ ચોરી પણ પકડાઈ હતી. જોકે, આ કાર્યવાહી કરવા છતાં હજુ પણ PGVCLની ટીમે વીજ ચોરો સામેની આ ઝૂંબેશને યથાવત રાખી છે.બિપરજૉય વાવાઝોડાથી સૌથી વધુ નુકસાન પાવર ઈલેક્ટ્રિક કંપની PGVCLને થયુ હોવાનું સામે આવ્યુ છે. બિપરજૉય વાવાઝોડાથી PGVCLને કરોડો રૂપિયાનું નુકસાન પહોંચ્યુ છે. એક રિપોર્ટ અનુસાર, રાજ્યમા PGVCLને અંદાજિત ૧૨૫ કરોડથી વધુનો ફટકો પહોંચ્યો છે.

આમાં સૌથી વધુ નુકસાન જામનગરમાં થયુ છે, જામનગરમાં ૬૪ કરોડ રૂપિયાનુ નુકસાન થયુ છે. આ ઉપરાંત અનેક જગ્યાએ PGVCLને નુકસાનમાં ક્યાંક ટીસી ડેમેડ થયા છે, તો ક્યાંક પાવર સપ્લાય લાઈનો તુટી ગઈ છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના દરિયાકાંઠા વિસ્તારોમાં હજારો વીજપૉલ ધરાશાયી થયા છે. બિપરજૉયના કેરના કારણે સૌરાષ્ટ્રમાં ૮૭૦ ગામડાઓમાં અંધારપટ છવાઈ ગયો છે. આ નુકસાનીમાં સૌરાષ્ટ્રમાં ૩૮,૫૨૯ જેટલા વીજપૉલ ડેમેજ થયા છે અને ૫૨૨૪ ટીસી ડેમેજ થયા હોવાનું સામે આવ્યુ છે. PGVCLને સૌથી વધુ નુકસાન રાજકોટ, મોરબી, પોરબંદર, જુનાગઢ, જામનગર, ભુજ, અંજાર, ભાવનગર, બોટાદ, અમરેલી, સુરેન્દ્રનગરમાં કુલ ૧૨૫.૧૬ કરોડ રૂપિયાનું નુકસાન થયુ છે.

**વિશેષ** અંકલેશ્વર ખાતે શ્રીમતી જયાબેન મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં જે. બી. મોદી કેન્સર સેન્ટરની વિવિધ સુવિધાઓનું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ

# ગુજરાતના માળખાકીય વિકાસનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચ્યો છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અંકલેશ્વર ખાતે શ્રીમતી જયાબેન મલ્ટી સ્પેશ્યાલીટી હૉસ્પિટલમાં જે. બી. મોદી કેન્સર સેન્ટરની વિવિધ સુવિધાઓઓનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયેલા ગુજરાતના બહુઆયામી માળખાકીય વિકાસનો લાભ છેવાડાના માનવીને મળી રહ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગુણવત્તાયુક્ત માળખાકીય વિકાસના કારણે ગુજરાતના દરેક વિસ્તારમાં ઉદ્યોગ-ધંધાઓ વિકસાવવા રાજ્ય સરકારે પરિણામકારી પ્રયાસ કર્યો છે. જેના પરિણામે નાના ગામડાઓ-શહેરોમાં અત્યાધુનિક સુવિધા ધરાવતી હોસ્પિટલો દર્દીઓની સ્વાસ્થ્ય-સુખાકારી વધી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની રાજનીતિથી છેવાડાના માનવીને સરકારની યોજનાઓ પહોંચાડીને દેશ અને દુનિયાનમાં એક નવો આયામ પ્રસ્થાપિત કર્યો છે. જેથી તેમનો 'આત્મા ગામડાનો, સુવિધા શહેરોની' સંકલ્પ સાકાર થઈ રહ્યો છે. આ પ્રસંગે તેમણે ઉદાહરણરૂપે જસદણ જેવા નાના શહેરમાં બનેલી પ્રાઈવેટ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ દ્વારા છેવાડાના માનવીઓને પૂરી પાડવામાં આઆવતી સ્વાસ્થ્ય સેવાઓનો ઉલ્લેખ કર્યો હતો.

શ્રી પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે હરહંમેશ સામાજિક સંગઠનો દ્વારા કરવામાં આવતી પ્રજાલક્ષી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. રાજ્ય સરકારે ૨૪ કલાક વીજળી-પાણી સહિત માળખાકીય સુવિધાઓ પૂરી પાડીને નાગરિકોની સેવાઓનો સર્વાંગી વિકાસ કર્યો છે. જેના પરિણામે મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ ગ્રામ્યસ્તરે બની રહી છે.



તેની સુવિધાઓનો લાભ ગામની આજુબાજુના લોકોને પણ મળતો થયો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અંકલેશ્વર સ્થિત શ્રીમતી જયાબેન મલ્ટી સ્પેશ્યાલીટી હૉસ્પિટલના જે. બી. મોદી કેન્સર સેન્ટર ખાતે અંદાજીત રૂ. ૭.૬ કરોડ મૂલ્યના PET-CT સ્કેન મશીનનું લોકાર્પણ કર્યું હતું તેમજ કેન્સરના દર્દીઓ માટે પર્સનલ હાઈજીન કિટ સહિત પોષણ રક્ષક કિટની સુવિધા શરૂ કરાવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના વિદેશ પ્રવાસ અંતર્ગત જે પ્રકારે સન્માન પ્રાપ્ત થાય છે તેનાથી સમગ્ર દેશના લોકોનું સન્માન કરવામાં આવ્યું હોય તેવી પ્રતીતિ થઈ રહી છે. વિદેશની ધરતી પર પણ તેમણે દેશનું ગૌરવ વધાર્યુ છે. પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ અંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશના છેવાડાના લોકોના આરોગ્યની દરકાર સરકારે કરી છે. પીએમ જેએવાય કાર્ડને કારણે નારગિકોને સ્વાસ્થ્યલક્ષી સુવિધાઓ મેળવવામાં આર્થિક સંકટ દૂર થયું છે અને ઉત્તમ સારવાર મેળવવામાં હવે કોઈ બાધ રહ્યો નથી. રાજ્ય સરકાર દ્વારા પીએમ જેએવાય કાર્ડની કુટુંબદીઠ મર્યાદા ૫ લાખથી વધારીને ૧૦ લાખની કરવામાં આવી છે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જી-૨૦નો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે, પ્રધાનમંત્રીના નેતૃત્વમાં દેશ જ્યારે જી૨૦નું પ્રેસિડેન્સી સંભાળી રહ્યો છે ત્યારે ગાંધીનર ખાતે ટ્રેડિશનલ મેડિસીન પર ભાર મૂકવા સરકાર આપી રહી છે. સરકારનાપ્રયત્નોના કારણે વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા પરંપરાગત ચિકિત્સા પદ્ધતિને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે જામનગર ખાતે વિશ્વ કક્ષાનું ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશન મેડિસીન લઈ રહ્યું છે.

રાજ્યમાં છેવાડાના લોકો સુધી આરોગ્યની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા ૧૯ મેડીકલ કોલેજોમાંથી ૪૦ મેડીકલ કોલેજોની મંજૂરી આપી છે. આ મંજૂરી મળતાં દર વર્ષે ૭૦૫૦ ડૉકટરો રાજ્યની જનતાની આરોગ્યની દરકાર લેશે તેમ તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના પ્રાકૃત્તિક કૃષિની ઝુંબેશને બિરદાવતા જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીના કારણે લોકોના સ્વાસ્થ્ય સાથે સાથે જમીનની ગુણવત્તામાં સુધારો થાય છે. આગામી પેઢીને સ્વાસ્થલક્ષી સમસ્યાનો સામનો ન કરવો પડે તે માટે પ્રાકૃતિક ખેતી અપનાવવી ખૂબ જરૂરી છે તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

વધુમાં, મુખ્યમંત્રીશ્રીએ ગૌરવભેર જણાવતા કહ્યું હતું કે, દેશ જ્યારે આઝાદીના અમૃતકાળમાં પ્રવેશ્યો છે ત્યારે વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા આગામી સમયમાં ગુજરાત નેતૃત્વ કરશે. તેમજ વિકસિત ગુજરાતથી વિકસિત ભારત બનાવવાની નેમ મુખ્યમંત્રીએ વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ પ્રાંસગિક પ્રવચન આપતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં ઓદ્યોગિક વિકાસનો પાયો નાખવામાં આવ્યો ત્યારથી અંકલેશ્વર જીઆઈડીસીએ ભરૂચ જિલ્લાના તેમજ અન્ય વિસ્તારના લોકોને પણ રોજગાર પૂરી પાડવામાં અનન્ય ફાળો આપ્યો છે. અહીના દરેક ઉદ્યોગોને મેનપાવર અહીથી મળતો હોવાની અનોખી ભાત અહી જોવા મળી છે. જેમ ઓદ્યોગિક એકમોએ રોજગારી પૂરી પાડવામાં અગ્રણી ફાળો આપ્યો છે. એ જ પ્રમાણે તેમણે પોતાનું સામાજિક દાયિત્વ પણ નિભાવ્યું છે. સામાજિક દાયિત્વમાં સેવાકાર્ય તરીકે શિક્ષણ, મેડિકલ સુવિદ્યાઓમાં પોતાનું અનુદાન આપી સેવાના કામમાં ફાળો આપી પોતાની જવાબદારીઓ અદા કરી છે. એટલે જ ઔધોગિક એકમોના લોકફાળાના કારણે આ વિસ્તારને અત્યાધુનિક સુવિધા ધરાવતી હોસ્પિટલ મળી છે.

યશસ્વી વડાપ્રધાન મોદીના નેતૃત્વ અને આગવી સૂઝબુઝના કારણે 'પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ' અને લોકફાળા થકી કેવી રીતે વિકાસ કરવો તેનું ઉત્તમ ઉદાહરણ તેમણે પૂરું પાડ્યું છે. આ ૭૭માં સ્વાતંત્ર દિને વડાપ્રધાન મોદીએ ૨૦૪૭ સુધીમાં સર્વશ્રેષ્ઠ વિકસિત રાષ્ટ્ર બનાવવું તે માટે અનેકવિધ સૂચનો આપ્યા છે.

હાલ પાંચમા નંબરની ઈકોનોમી ધરાવતા સર્વશ્રેષ્ટ ભારતને ૨૦૩૦ સુધીમાં વર્લ્ડની ત્રીજા નંબરની ઈકોનોમિ તરીકે પહોચાડવાની આપણી પણ જવાબદારીઓ બની રહશે. ત્યારબાદ આપણે વિશ્વગુરૂના સંકલ્પને પણ સાકાર કરીશું.

ગુજરાતમાં નિકાસ ક્ષેત્રે ૩૩ ટકા જેટલો હિસ્સો અંકલેશ્વર અને વાપી જીઆઈડીસીનો રહ્યો છે. સરકારની યોગ્ય નિતિ અને સરકારની સમન્વય નિતીને કારણે હવે ઔધોગિકરણને વેગ મળ્યો છે. સૌનો સાથ સૌનો વિકાસ એ ન્યાયે દહેજ અને જિલ્લાના બીજા ઔદ્યોગિક એકમોનો પણ વિકાસ હવે તેજ ગતિએ થઈ રહ્યો છે. કેન્સરની શરૂઆતથી અંત સુધી તમામ સગવડ એક જ છત હેઠળ મળી રહે તેવી સુવિધા ઊભી કરવામાં આવી છે.આ વેળાએ પોષણ રક્ષક ન્યુટ્રિશિયન પ્રોગ્રામ અંતર્ગત પોષણ કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

## ટ્રમ્પને ઝેરી પત્ર મોકલવાના કેસમાં કેનેડિયન મહિલાને ૨૨ વર્ષની જેલ



। વોશિંગ્ટન, તા.૧૮ ।

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને તેમના કાર્યકાળ દરમિયાન ઝેરીલો પત્ર (રિસિન એટલે સાયનાઈડ કરતાં વધુ શક્તિશાળી ઝેરવાળો) મોકલવાના કેસમાં ૫૬ વર્ષની કેનેડિયન મહિલાને કોર્ટે સજા ફટકારી છે. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર જિલ્લા ન્યાયાધીશ ડબ્ની ફ્રેડરિકે ૫૬ વર્ષીય પાસ્કેલ ફેરિયરને ૨૨ વર્ષની જેલની સજા ફટકારી છે. તેની સજા પૂરી થયા બાદ તેને યુએસમાંથી દેશનિકાલ કરવામાં આવશે. ન્યાયાધીશ ફ્રેડરિકે મહિલાને કહ્યું હતું કે તેની આ હરકત સમાજ માટે ઘાતક અને નુકસાનકારક છે. મીડિયા રિપોર્ટ્સ કહે છે કે પાસ્કેલ ફેરિયર પાસે ફ્રાન્સ અને કેનેડાની બેવડી નાગરિકતા ધરાવે છે. ફેરિયરે કોર્ટને કહ્યું હતું કે તે પોતે દિલગીર છે કે તેની આ યોજના નિષ્ફળ ગઈ હતી. તે પોતાની જાતને એક સમાજિક કાર્યકર તરીકે જુએ છે, પોતે આતંકવાદી નહીં. ફેરિયરની સપ્ટેમ્બર ૨૦૨૦ માં બફેલો, ન્યૂ યોર્કમાં સરહદ પાર કરતી વખતે ધરપકડ કરવામાં આવી હતી. તેણી પાસે બંદૂક, ચાકુ અને દારૂગોળો હતો. ૨૦૧૪માં મિસિસિપીના એક માણસને તત્કાલિન રાષ્ટ્રપતિ બરાક ઓબામા અને અન્ય અધિકારીઓને રિસિન-લેસ્ડ પત્રો મોકલવા બદલ ૨૫ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી.

## મકાન ધરાશાયી થવા છતાં કોન્સ્ટેબલ ફરજ પર હાજર

। શિમલા, તા.૧૮ ।

હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ સહિત પંજાબમાં પણ મોનસૂનના સ્વરૂપમાં કહેર વરસી રહ્યો છે. જ્યારે હિમાચલમાં તો પૂર, ભૂસ્ખલન અને આભ ફાટવાની વારંવાર બનતી ઘટનાઓએ બધુ જ વેરવિખેર કરી નાખ્યું છે. રાજ્યને થનારું નુકસાન હજારો કરોડોમાં પહોંચી ગયું છે. ત્યારે એવા પણ અનેક અહેવાલો આવી રહ્યા છે જે તમને અંદરથી હચમચાવી મૂકી શકે છે. એક પોલીસ હેડ કોન્સ્ટેબલનું લગભગ એક કરોડ રૂપિયાની કિંમતનું મકાન આ લેન્ડસ્લાઈડની લપેટમાં આવી ગયું. તેમ છતાં તેનું દુ:ખ ભૂલાવી તે ફરજ પર તહેનાત થઈ ગયો હતો. ૫૪ વર્ષીય અશોક ગુલેરિયા ભારતીય સૈન્યમાં લાન્સ નાયક પદેથી નિવૃત્ત થયા હતા અને તેઓ શિમલામાં હેડ કોન્સ્ટેબલ તરીકે તહેનાત થયા હતા. બે વર્ષ પહેલાં તેમણે મંડી જિલ્લામાં તેમના પૈતૃક ગામમાં ૮૦ લાખના ખર્ચે એક ઘર તૈયાર કર્યું હતું.

## કચરાનો ઉપયોગ કરી વાર્ષિક ૬૫૦૦૦ મેગાવોટ વીજળી પેદા કરી શકાય

। નવી દિલ્હી, તા.૧૮ ।

દેશભરમાં કચરાનો ઉપયોગ કરી વાર્ષિક ૬૫૦૦૦ મેગાવોટ વીજળી પેદા કરી શકાય છે. જે ૨૦૩૦ સુધીમાં ૧.૬૫ લાખ મેગાવોટ અન ૨૦૫૦ સુધીમાં ૪.૩૬ લાખ મેગાવોટ સુધી પહોંચી શકે છે. નિષ્ણાતોએ આ માહિતી આપી હતી. તાજેતરમાં જ વેસ્ટ મેનેજમેન્ટ માટે આયોજિત નિષ્ણાતોની બે દિવસની વર્કશોપમાં આ શ્વેતપત્ર તૈયાર કરાયો હતો. તેમાં કહેવાયું હતું કે દેશમાં દર વર્ષે ૬.૫ કરોડ ટન કચરો પેદા થાય છે અને તેના ૨૦૩૦ સુધી વધીને ૧૬.૫ કરોડ ટન તથા ૨૦૫૦ સુધીમાં ૪૩.૬ કરોડ ટન થવાનું અનુમાન છે. ડૉક્યુમેન્ટ અનુસાર નગરપાલિકા ક્ષેત્રમાં લગભગ ૭૫-૮૦ ટકા કચરાને એકઠું કરાય છે અને તેમાંથી ફક્ત ૨૨થી ૨૮ ટકાને પ્રોસેશ કરાય છે અને બીજા કાર્યોમાં ઉપયોગમાં લેવાય છે. વર્કશોપમાં ઈન્ટરનેશનલ ક્લાઈમેટ ચેન્જ એન્ડ સસ્ટેનેબિલિટી એક્શન ફાઉન્ડેશન, ભારતીય ટેક્નોલોજી સંસ્થાન, આઈએસએમ (ધનબાદ), ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સિઝ (ટીઆઈએસએસ) ના નિષ્ણાતો અને ઉદ્યોગના પ્રતિનિધિઓ જોડાયા હતા.



ઇન્ડોનેશિયાના જકાર્તામાં એંકોલ બીચ ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગ રૂપે આયોજિત ગ્રીસ-પોલ ક્લાઇમ્બીંગ સ્પર્ધામાં લોકો ભાગ લે છે.

### ઐતિહાસિક ઘટનાથી ભારત માત્ર એક કદમ દૂર

## ચંદ્રયાન 3 : રોવર ચંદ્રની સપાટી પર જ્યાં-જ્યાં ફરશે ત્યાં તિરંગો અંકિત થશે

। નવી દિલ્હી, તા.૧૮ ।

જ્યારથી ભારતે ચંદ્રયાન મિશન ૩ લોન્ચ કર્યું છે, ત્યારથી સૌની નજર ચંદ્રયાન-૩ પર છે. એ ઐતિહાસિક ક્ષણની સૌ કોઈ આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યાં છે કે ક્યારે ચંદ્રયાન-૩ ચંદ્રની સપાટી પર લેન્ડ થાય. શું તમને ખબર છે કે, જ્યારે ચંદ્રયાન ચંદ્રની સપાટી પર લેન્ડ થશે, લેન્ડરમાંથી રોવર નીકળશે અને એ રોવર ચંદ્રની સપાટી પર જ્યાં-જ્યાં ફરશે ત્યાં આપણો રાષ્ટ્રધ્વજ તિરંગો અંકિત થશે. જાણો શું કહી રહ્યાં છે વૈજ્ઞાનિક. આખરે એ ઘડી આવી ગઈ છે, જેની સૌ કોઈ આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યાં હતા. ચંદ્રની સપાટી પર ચંદ્રયાનના ઉતરણની ઐતિહાસિક ઘટનાથી ભારત માત્ર એક કદમ દૂર છે. જોકે, ચંદ્રની સપાટી પર સફળતાપૂર્વકના સોફ્ટ લેન્ડિંગની ઘટના બાદ ભારત અનેક સફળતાઓ હાંસલ કરશે, તેમાં કોઈ બે મત નથી. વૈજ્ઞાનિક ધનંજય રાવલે જણાવ્યું કે, આવી કોઈપણ જગ્યાએ આપણે લેન્ડ કરીએ અને રોવર ચાલે એ જ સૌથી મોટી ઘટના છે. જ્યારે ચંદ્રની સપાટી પર લેન્ડરમાંથી રોવર બહાર આવશે ત્યારે રોવર જ્યાં ચાલશે ત્યારે તેના વ્હીલ પર ભારતનો ધ્વજ એમ્બોસ કરેલો છે એટલે ચંદ્રની સપાટી પર જ્યાં જ્યાં રોવર ફરશે ત્યાં ભારતના ધ્વજની છાપ પડશે એ સૌથી મોટી સફળતા છે.

### આંધ્રપ્રદેશમાં સરવેમાં અહીં જગન મોહનની પાર્ટી YSRCP ક્લિનસ્વીપ કરી રહી છે એટલે ૨૫માંથી ૨૫ સીટ જીતી રહી છે

# પીએમ મોદી-અમિત શાહના ગણિતો અહીં જાય છે ફેઈલ

। નવી દિલ્હી, તા.૧૮ ।

લોકસભાની ચૂંટણીને હવે થોડો સમય જ બાકી રહ્યો છે. તમામ પાર્ટીઓ લોકસભાની જીત માટે પોતાના સોગઠાં ગોઠવી રહી છે પણ તમે જાણો છો દેશનું એક એવું રાજ્ય છે જ્યાં ETG રિસર્ચ સાથે ટાઈમ્સ નાઉ નવભારતના સર્વેમાં ભાજપ અને કોંગ્રેસને ૦ બેઠક મળી રહી છે. અહીં પીએમ મોદી હોય કે અમિત શાહ કે રાહુલ કોઈનો ગજ વાગતો નથી. વાત કરી



રહ્યાં છે આપણે આંધ્રપ્રદેશની. દક્ષિણ ભારતના આ રાજ્યમાં જગન મોહન રેડ્ડીની સરકાર છે. લોકસભા પહેલાંના સરવેમાં અહીં જગન મોહનની પાર્ટી YSRCP ક્લિનસ્વીપ કરી રહી છે એટલે ૨૫માંથી ૨૫ બેઠકો જીતી રહી છે. ગત લોકસભામાં એમનો દબદબો રહ્યો હતો.

યેદુગુડી સૈંડિન્તિ જગન મોહન રેડ્ડી એક ભારતીય રાજનેતા છે. તેઓ આંધ્રપ્રદેશ અને વાઈએસઆર કોંગ્રેસ પાર્ટી અને આંધ્ર પ્રદેશ વિધાનસભાના નેતા છે. તેઓ આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી વાઈએસ રાજશેખર રેડ્ડીના પુત્ર છે. જગન મોહન રેડ્ડી ૨૧ ડિસેમ્બર ૧૯૭૨ના રોજ આંધ્રપ્રદેશના કડપ્પા જિલ્લાના પુલિવેન્દુલા ગામમાં જન્મયા હતા. તેમણે હૈદરાબાદ પબ્લિક સ્કૂલમાં પોતાનું સ્કૂલ શિક્ષણ લીધું છે અને નિજામ કૉલેજથી સ્નાતકની ડીગ્રી મેળવી છે. પિતાના મોત બાદ તેઓ રાજકારણમાં આવ્યા હતા. રેડ્ડીના પિતા વાય.એસ.રાજશેખર રેડ્ડી, જેઓ વાયએસઆર તરીકે જાણીતા છે, તેઓ ૨૦૦૪ થી ૨૦૦૯ દરમિયાન આંધ્ર પ્રદેશના બે વખતના મુખ્ય પ્રધાન હતા. તેમણે કડપા જિલ્લામાં ૨૦૦૪ની ચૂંટણી દરમિયાન ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ માટે પ્રચાર કરીને તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી. ૨૦૦૯માં તેઓ કડપા લોકસભા મતવિસ્તારમાંથી સંસદ સભ્ય તરીકે ચૂંટાયા હતા. સપ્ટેમ્બર ૨૦૦૯ માં તેમના પિતાના અવસાન પછી, તેમણે તેમના પિતા દ્વારા છોડવામાં આવેલો રાજકીય વારસો લેવાના પ્રયાસો શરૂ કર્યા હતા.

### રાહુલ ગાંધી ૨૫ ઓગસ્ટ સુધી રહેશે પ્રવાસે

## રાહુલ ગાંધીના લેહ લદ્દાખ પ્રવાસના દિવસો અચાનક વધારવામાં આવ્યા

### રાહુલ લેહ લદ્દાખમાં કોંગ્રેસના નેતાઓ સાથે બેઠક કરશે અને સામાન્ય ચૂંટણી પહેલા એકતાનો મંત્ર પણ આપશે

। લેહ, તા.૧૮ ।

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ લેહ લદ્દાખનો તેમનો પ્રવાસ લંબાવ્યો છે. રાહુલ હવે ૨૫ ઓગસ્ટ સુધી લેહ લદ્દાખમાં રહેશે. જણાવવામાં આવી રહ્યું છે કે ૨૦ ઓગસ્ટે રાહુલ પોતાના દિવંગત પિતા રાજીવ ગાંધીનો જન્મદિવસ પેંગોંગ લેક પર ઉજવશે અને અલગ-અલગ કાર્યક્રમોમાં ભાગ લેશે. તેમના રોકાણ દરમિયાન તેઓ કારગિલ મેમોરિયલની પણ મુલાકાત લેશે અને ત્યાંના યુવાનો સાથે વાતચીત કરશે. મળતી માહિતી મુજબ રાહુલ ગાંધી લેહ લદ્દાખની



એક અઠવાડિયાની મુલાકાત દરમિયાન અન્ય ઘણા કાર્યક્રમોમાં સામેલ થશે. લેહમાં ફૂટબોલ મેચ પણ જોશે. રાહુલ પોતે પણ કોલેજકાળમાં ફૂટબોલર રહી ચૂક્યા છે. ફૂટબોલ રમતી વખતે તેમને ઘૂંટણની ઈજા થઈ હતી જે હજુ પણ તેમને પરેશાન કરે છે.

### જમ્મુ-કાશ્મીર મામલે સુનાવણી પર સુપ્રીમની ટકોર

## ૩૭૦મી કલમ સંદર્ભે ઉલ્લંઘન જણાશે તો કોર્ટ હસ્તક્ષેપ કરશે

### બંધારણીય બેન્ચે કલમ ૩૭૦ હટાવવા વિરુદ્ધ દાખલ અરજીઓ પર ૭મા દિવસે દલીલો દરમિયાન સવાલો કર્યા

। નવી દિલ્હી, તા.૧૮ ।

જમ્મુ-કાશ્મીર મામલે સુનાવણીના ૭મા દિવસે સુપ્રીમકોર્ટે અરજદારોને કહ્યું કે શું તમે કલમ ૩૭૦ ખતમ કરવાની કેન્દ્રની મંશાનું આકલન કરવા ન્યાયિક સમીક્ષા ઈચ્છો છો? કોર્ટે કહ્યું કે ન્યાયિક સમીક્ષા દરમિયાન જો તેમાં કોઈ ઉલ્લંઘન જણાશે તો કોર્ટ હસ્તક્ષેપ પણ કરશે. બંધારણીય બેન્ચે આ ટિપ્પણી કરતાં કહ્યું કે શું તમે અમને કલમ ૩૭૦ રદ કરવાના સરકારના નિર્ણયને અંતર્નિહિત વિવેકની ન્યાયિક સમીક્ષા કરવા કહી રહ્યા છો? સીજેઆઈ ડી.વાય. ચંદ્રચૂડ, જસ્ટિસ સંજય કિશન




કૌલ, સંજીવ ખન્ના, બી.આર.ગવઈ અને સૂર્યકાંતની બંધારણીય બેન્ચે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવા વિરુદ્ધ દાખલ અરજીઓ પર ૭મા દિવસે દલીલો દરમિયાન સવાલો કર્યા હતા. તેનો જવાબ આપતાં અરજદારો વતી વરિષ્ઠ વકીલ દુષ્યંત દવેએ કહ્યું કે હું બંધારણ સાથે કરાયેલી દગાબાજીની વાત કરી રહ્યો છું. તેમણે કહ્યું કે આ મામલે સત્તાનો સંસદીય પ્રયોગ સંપૂર્ણપતે સત્તાના રંગમાં રંગાયેલો હતો. દવેએ બેન્ચને કહ્યું કે એવું ફક્ત એટલા માટે કરાયું કેમ કે જમ્મુ-કાશ્મીરની વિધાનસભા ભંગ કરી દેવાઈ હતી અને આ રીતે સંસદ પાસે સત્તા હતી અને રાષ્ટ્રપતિ પાસે કલમ ૩૫૬ હેઠળ શક્તિ હતી. વરિષ્ઠ એડવોકેટ દુષ્યંત દવેએ ચર્ચાને આગળ વધારતા કહ્યું કે તમે ઈતિહાસ, ખાસ કરીને બંધારણીય ઈતિહાસ ફરીવાર ન લખી શકો. તેમણે કહ્યું કે સરકાર પાસે કલમ ૩૭૦(૩) હેઠળ કલમ ૩૭૦ હટાવવાનો કોઈ અધિકાર જ નથી.

## ફિલ્મ ગદર-૨ના સ્ક્રીનિંગ વખતે બદમાશોએ ફેંક્યો દેશી બોમ્બ

। નવી દિલ્હી, તા.૧૮ ।

બિહારની રાજધાની પટનાથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે, જ્યાં સિંગલ સ્ક્રીન થિએટરની બહાર અસામાજિકતત્વોએ બે દેશી ધમાકાથી ડરનો માહોલ ઉભો કરી દીધો છે. પરંતુ બંને બોમ્બ ઓછા ઘાતક હતા. તેથી કોઈ નુકસાનના સમાચાર સામે આવ્યા નથી. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે સિનેમાઘરમાં સની દેઓલની ફિલ્મ ગદર ૨નું સ્ક્રીનિંગ ચાલી રહ્યું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે બદમાશોએ થિયેટરને જે બે બોમ્બ વિસ્ફોટ કર્યા હતા તેમાંથી માત્ર એક જ વિસ્ફોટ થયો હતો અને બીજા બોમ્બને સ્થળ પર જ નિષ્ક્રિય કરી દેવામાં આવ્યો હતો. બદમાશોએ માત્ર બોમ્બ ફેંક્યા જ નહીં પરંતુ ત્યાં ભારે હંગામો પણ મચાવ્યો. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે બોમ્બ ફેંકનાર બંને શંકાસ્પદોની અટકાયત કરવામાં આવી છે.



બેઇજિંગની હદમાં ઇટ્રોંગ ઇન્ટરનેશનલ એક્ઝિબિશન અને કન્વેન્શન સેન્ટર ખાતે વાર્ષિક વર્લ્ડ રોબોટ કોન્ફરન્સ દરમિયાન રિમોટ કંટ્રોલ રોબોટ્સ કરે છે

### ચીનની રિયલ એસ્ટટ કંપનીની મુશ્કેલી વધી

## એવરગ્રાન્ડેએ યુએસ કોર્ટમાં નાદારીનો કેસ દાખલ કર્યો

। બેઈજિંગ, તા.૧૮ ।

ચીનની રિયલ એસ્ટેટ કંપની એવરગ્રાન્ડેએ અમેરિકી કોર્ટમાં નાદારી જાહેર કરવાનો કેસ દાખલ કર્યો છે. કંપનીએ યુએસ બેક્રપ્સી કોડના ચેપ્ટર ૧૫ હેઠળ સુરક્ષા માગી છે. આ ચેપ્ટર અમેરિકામાં વ્યાપાર કરતા વિદેશી ક્રેડિટર્સ માટે છે, જેમાં તેમની સંપત્તિ જપ્ત કરવાની જોગવાઈઓ છે. ચીનની રિયલ એસ્ટેટ ફર્મની નાદારીની ઘોષણા એવા સમયે આવી છે જ્યારે ચીનનું અર્થતંત્ર મુશ્કેલીમાંથી પસાર થઈ રહ્યું છે. અહેવાલો અનુસાર આ ચીની દિગ્ગજ કંપની પર લગભગ ૩૦૦ બિલિયન ડૉલરનું દેવું છે. આ કંપની વર્ષ ૨૦૨૧માં પણ તેની લોન ચૂકવવામાં ચૂકી ગઈ હતી. તે સમયે પણ કંપનીએ તેની નાણાકીય સ્થિતિ જાહેર કરી ન હતી. તેના ઠીક એક વર્ષ પછી એટલે કે વર્ષ ૨૦૨૨માં કંપનીના શેરને બિઝનેસમાંથી સસ્પેન્ડ કરી દેવાયા હતા. ત્યારબાદ કંપનીએ ગયા મહિને માહિતી આપી હતી કે તેને છેલ્લા ૨ વર્ષમાં લગભગ ૮૦ બિલિયન ડૉલરનું નુકસાન થયું છે. ચીનની ઘણી કંપનીઓ ખોટમાં ચાલી રહી છે.

# આતંકી યાસીન મલિકની પત્ની ઉપર પાકિસ્તાન મહેરબાન

### કાકરની કેબિનેટમાં કાશ્મીરી અલગાવવાદી નેતા યાસીન મલિકની પત્ની મુશાલ હુસૈનને સલાહકાર બનાવાયા છે

। ઇસ્લામાબાદ, તા.૧૮ ।

કાશ્મીરના અલગાવવાદી નેતા યાસીન મલિક ભારતની જેલમાં બંધ છે. ટેરર ફન્ડિંગ કેસમાં દોષી સાબિત થનાર યાસીન મલિકની પત્નીને લઈને એક મોટા સમાચાર સામે આવી રહ્યાં છે. યાસીન મલિકની પત્ની મુશાલ હુસૈનને પાકિસ્તાને પોતાની સલાહકાર બનાવી છે. તમને જણાવી દઈએ કે પાકિસ્તાનમાં પ્રધાનમંત્રી શાહબાઝ શરીફે રાજીનામું





આપી દીધુ છે. ત્યારબાદ અનવર ઉલ હક કાકરને દેશના કેરટેકર પ્રધાનમંત્રી બનાવવામાં આવ્યા છે. કાકરની કેબિનેટમાં મુશાલ હુસૈન હવે માનવાધિકાર સાથે જોડાયેલા મામલામાં પીએમની મદદ કરશે. યાસીન મલિકની પત્ની મુશાલ હુસૈન પાકિસ્તાનની રહેવાસી છે. પાકિસ્તાનના નેતાઓ અને આંતરરાષ્ટ્રીય સંગઠનો પાસે મુશાલ સતત પોતાના પતિ યાસીનને છોડાવવા માટે અપીલ કરી રહી છે. મુશાલ હુસૈનનું કહેવું છે કે યાસીન મલિક નિર્દોષ છે. મુશાલની માતા પાકિસ્તાની મુસ્લિમ લીગની મહિલા એકમની પૂર્વ મહાસચિવના રૂપમાં કામ કરી ચુકી છે. મુશાલના ભાઈ હૈદર અલી મલિક અમેરિકામાં પ્રોફેસર તરીકે ભણાવે છે. તમને જણાવી દઈએ કે મુશાલ પીસ એન્ડ કલ્ચર ઓર્ગેનાઈઝેશનના ચેરપર્સનના રૂપમાં કામ કરે છે, જે એક પાકિસ્તાની ઓર્ગેનાઈઝેશન છે. પીસ એન્ડ કલ્ચર સંગઠન વૈશ્વિક શાંતિ અને પ્રેમને પ્રમોટ કરવાનું કામ કરે છે. વર્ષ ૨૦૦૫માં યાસીન મલિક અને મુશાલની મુલાકાત ઈસ્લામાબાદમાં થઈ હતી. આ દરમિયાન અલગાવવાદી નેતા પોતાની સેપરેટિસ્ટ મૂવમેન્ટના સપોર્ટમાં સમર્થન માટે પાકિસ્તાન પહોંચ્યો હતો. અહીં યાસીને ફૈઝ અહમદ ફૈઝની નઝ્મ વાંચી હતી. ત્યારબાદ બંને વચ્ચે મુલાકાત થઈ રહી અને ૨૦૦૯માં યાસીને મુશાલ સાથે લગ્ન કરી લીધા હતા. નોંધનીય છે કે યાસીન અને મુશાલની ઉંમરમાં ૨૦ વર્ષનું અંતર છે. હાલમાં યાસીન મલિક દિલ્હીની તિહાડ જેલમાં બંધ છે. ત્યારબાદ બંને વચ્ચે મુલાકાત થઈ રહી અને ૨૦૦૯માં યાસીને મુશાલ સાથે લગ્ન કરી લીધા હતા. નોંધનીય છે કે યાસીન અને મુશાલની ઉંમરમાં ૨૦ વર્ષનું અંતર છે. હાલમાં યાસીન મલિક દિલ્હીની તિહાડ જેલમાં બંધ છે.

## તંત્રી લેખ...

# બંધારણની કલમ ૩૭૦ની સમજૂતી કરાર

ભારત અને પાકિસ્તાનનાં ભાગલા પાડવા માટે બ્રિટિશ સરકારે બનાવેલા કાયદામાં ૫૬૨ દેશી રજવાડાઓ માટે એક વિશેષ જોગવાઈ કરવામાં આવી હતી. આ જોગવાઈ પ્રમાણે જે તે રાજ્યના રાજા એમની ઈચ્છા પ્રમાણે પોતાના રાજ્યને ભારત સાથે કે પાકિસ્તાન સાથે જોડવા માટે સ્વતંત્ર હતા. જો રાજા પોતાના રાજ્યને ભારત કે પાકિસ્તાન પૈકી કોઈપણ દેશ સાથે જોડવા ન માંગતા હોય તો પોતે અલગ દેશ તરીકે એનું અસ્તિત્વ ચાલુ રાખી શકે. આઝાદી વખતે કાશ્મીરના મહારાજા હરિસિંહે ભારત કે પાકિસ્તાન સાથે જોડાવાના બદલે પોતાનું અલગ અસ્તિત્વ ચાલુ રાખવાનો નિર્ણય કરેલો હતો. ૨૦મી ઓકટોબર ૧૯૪૭ના રોજ આઝાદ કાશ્મીર ફોર્સે પાકિસ્તાન આર્મી સાથે મળીને કાશ્મીર પર ચઢાઈ કરી. સામનો કરવા માટે ગયેલી મહારાજા હરિસિંહની ફોઝનાં કેટલાય સૈનિકો સામેના લોકો સાથે જોડ-ાઈ ગયા એટલે બાકી વધેલા સૈનિકો મુકાબલો કરવા સક્ષમ ન રહ્યા. પાકિસ્તાની આર્મી શ્રીનગર તરફ આગળ વધી રહી હતી. મહારાજા હરિસિંહને જ્યારે એવું લાગ્યું કે હવે એ કોઈપણ સંજોગોમાં ટકી શકે તેમ નથી એટલે એમણે એમનાં દીવાન મહેરચંદ મહાજનને મદદ માટે ભારત મોકલ્યો. ભારત સરકારે મદદ માટે મનાઈ કરી દીધી કારણકે કાશ્મીર ભારત સાથે જોડાયેલું નહોતું. ગુહખાતુ સંભાળતા સરદાર પ ટેલે કહ્યું કે કાશ્મીર ભારત સાથે જોડાવા માટેના જોડાણખતમાં સહી કરી આપે તો એ ભારતનો હિસ્સો ગણાય પછી ભારત કાશ્મીરને મદદ કરી શકે. ભારત સરકારની આ વાત સ્વીકારીને મહારાજા હરિસિંહએ ૨૬મી ઓક્ટોબર ૧૯૪૭ના રોજ જોડાણખત પર રહી કરીને કાશ્મીરને ભારત સાથે જોડી દીધું. કાશ્મીર હવે ભારતનો હિસ્સો બની ગયું એટલે તુરંત જ ભારતના સૈન્યને કાશ્મીરમાં ઉતારવામાં આવ્યું અને પાકિસ્તાની આર્મીને જડબાતોડ જવાબ આપવામાં આવ્યો. કાશ્મીરમાં બહુમત પ્રજા મુસ્લિમ હતી અને ભારતની બહુમત પ્રજા હિંદુ હતી. કાશ્મીરના લોકોને ભય હતો કે ભારત એની સાથે કેવું વર્તન કરશે. કાશ્મીરના નેતા શેખ અબ્દુલ્લા ભારતના તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુના સારા મિત્ર હતા આથી શેખ અબ્દુલ્લા પોતાની રજુઆત લઈને જવાહરલાલ નહેરુ પાસે આવ્યા. શેખ અબ્દુલ્લાની માંગણી હતી કે કાશ્મીરની પ્રજાને સાંત્વના આપવા માટે ભારત સરકાર કાશ્મીરને વિશેષ બંધારણીય અધિકારો આપે. આવા વિશેષ અધિકારોની યાદી તૈયાર કરીને શેખ અબ્દુલ્લાએ નહેરુજીને રજુઆત કરી.

# સ્વિમિંગથી સમગ્ર શરીરની કસરત

કોઈ પણ સિઝનમાં સ્વિમિંગ ખુબ જ આદર્શ તરીકે છે. નિષ્ણાંતોની સાથે સાથે જાણકાર લોકો પણ નક્કરપણે માને છે કે સ્વિમિંગ શરીર અને કાર્ડિયોવેસ્કુલર સિસ્ટમ તેમજ મસલ્સ ટોનિંગથી લઈને હાર્ટ સુધી તમામ શરીર માટે લાભકારી સાબિત થાય છે. સ્વિમિંગ તમામ રીતે ઉપયોગી છે. સ્વિમિંગ વર્કઆઉટમાં બ્રેસ્ટ સ્ટ્રોક, સાઈડ સ્ટ્રોક, બટરફલાય અને ફ્રી સ્ટાઈલ સામેલ હોય છે. દરેક સ્ટ્રોક્સનુ ફોક્સ અલગ અલગ મસલ ગ્રુપ્સ પર હોય છે. અલબત્ત પાણીમાં શરીરને મુવ કરવા માટે લગાવવામાં આવતા દરેક સ્ટ્રોકમાં વધુને વધુ મસલ ગ્રુપ્સ સામેલ હોય છે. વજન ઘટાડી દેવા માટે પણ સ્વિમિંગને ખુબ સારા વિકલ્પ તરીકે ગણવામાં આવે છે. અલબત્ત સ્વિમિંગની ગતિ , સ્વિમ સ્ટ્રોક અને વજન મુજબ કેલોરી બર્ન થાય છે. એક કલાક સુધી સ્વિમિંગ કરવાથી એટલી જ કેલોરી બર્ન થાય છે આની અસર જોડ અને હાડકા પર પણ પડે ચે. જો કોઈ વ્યક્તિનુ વજન ૧૬૦ પાઉન્ડ છે તો સામાન્ય ગતિથી એક કલાક સુધી સ્વિમિંગ કરવાથી આશરે ૪૨૩ કેલોરી સરળ રીતે બર્ન થાય છે. ઝડપી ગતિથી ૭૧૫ કેલોરી બર્ન કરવામાં આવી શકે છે. જ્યારે એક કલાકમાં ૩.૫ મીલ વોક કરવા પર માત્ર ૩૧૪ કેલોરી અને યોગ કરવાથી ૧૮૩ કેલોરી પ્રતિ કલાક બર્ન થાય છે. જો તમે પોતાના વજનને ઘટાડી દેવા ઈચ્છો છો તો દરરોજ ૧૦થી ૩૦ મિનિટ અને સપ્તાહમાં એકથી ત્રણ વખત સ્વિમિંગ ચોક્કસપણે કરવી જોઈએ. દરેક સપ્તાહમાં સ્વિમની અવધિ પાંચ પાંચ મિનિટ સુધી વધારી દેવાની જરૂર હોય છે. સ્ટ્રોક્સ પણ વધારે કરવામાં આવે તે જરૂરી છે. સમગ્ર મસલ્સની કસરત થઈ શકે તે માટે સતત પ્રયાસો કરવા જોઈએ. બ્રેસ્ટ સ્ટ્રોકને વધારે સમય સુધી મેન્ટેન રાખવામાં સરળતા હોવાની સાથે સાથે કેલોરી પણ બર્ન થાય છે. સ્વિમિંગના કારણે હાર્ટ રેટ વધે છે. શરીર પર કોઈ પણ પ્રકારના દબાણ વગર હાર્ટ રેટ વધે છે. સ્ટ્રેથ વધવા, અને સમગ્ર શરીરના મસલ્સ ટોન કરવામાં મદદ મળે છે. કાર્ડિયોવેસ્કુલર માટે પણ આ એક સારી કસરત છે. કેટલાક અભ્યાસમાં પણ આ બાબત ઉભરીને સપાટી પર આવી છે કે સ્વિમિંગ બ્લડપ્રેશરને ઘટાડી દેવા સાથે સાથે_લડ શુગને પણ નિયંત્રિત કરવામાં મદદરૂપ થાય છે. ઈજા થવા, કોઈ પણ પ્રકારની વિકલાંગતા થવાની સ્થિતીમાં પણ સ્વિમિંગ ફાયદાકારક સાબિત થાય છે. સ્વિમિંગથી વહેલી તકે તમામ પ્રકારની રિક્વરી થાય છે. પીડા પણ ઘટતી જાય છે. જો કે કેટલીક બિમારી ધરાવતા લોકોએ સાવધાનીપૂર્વક અને તબીબોની સલાહ મુજબ કોઈ કસરતને ધ્યાનમાં લેવા અને તેને અમલી કરવાની જરૂર હોય છે. અસ્થમાના દર્દીને પણ સ્વિમિંગના કારણે ફાયદો થાય છે. કારણ કે તેના કારણે શ્વાસની કસરત થઈ જાય છે. ફેફસાની ક્ષમતા પણ વધી જાય છે. એમ પણ માનવામાં આવે છે કે સ્વિમિંગ પુલમાં ઉપયોગ કરવામાં આવતા કેમિકલ એટલે કે ક્લોરીનથી અસ્થમાંની શંકા વધી જાય છે. આવી સ્થિતીમાં ક્લોરીનની જગ્યાએ સોલ્ટ વોટરનો ઉપયોગ કરનાર પુલની પસંદગી કરવામાં આવે તે જરૂરી છે. તબીબોની સલાહ મુજબ જ પગલા લેવામાં આવે તે જરૂરી છે. સ્વિમિંગના કારણે ગુડ કોલેસ્ટ્રોલ વધી જાય છે. સ્વસ્થ રહેવા માટે જરૂરી છે કે શરીરમાં બે કોલેસ્ટ્રોલનુ પ્રમાણ ઓછુ રહે અને ગુડ કોલેસ્ટ્રોલ એટલે કે એચડીએસનુ પ્રમાણ ઓછુ રહે. સપ્તાહમાં પાંચ વખત સ્વિમિંગ કરવાની સ્થિતીમાં કોલેસ્ટ્રોલનુ પ્રમાણ સંતુલિત રહે છે. આના કારણે હાર્ટ રોગની શંકા ઓછી થઈ જાય છે. સ્વિમિંગના કારણે શરીર વધારે સ્ફુર્તિમાં રહે છે. આ વર્કઆઉટમાં સ્ટ્રેચ, ટ્વિસ્ટ અને પાણીમાં પોતાને ખેંચવા જેવા પ્રક્રિયા હોય છે. જેના કારણે ફલેક્સિબિલિટી વધી જાય છે. તરતી વેળા કમરથી લઈને હાત, પગ અને પીઠના હાડકાનો પણ ઉપયોગ થાય છે. આ ઉપરાંત સ્વિમિંગથી લોહીનો પ્રવાહ ૧૪ ટકા સુધી સુધરે છે. જેના કારણે દિમાગ સુધી લોહી સરળતાથી પહોંચે છે. સંશોધન દર્શાવે છે કે પાણીમાં સ્ટ્રોક લગાવવાથી દબાણ છાતી પર આવે છે. આના કારણે લોહી પ્રવાહ સુધેરે છે.

# ભારતનું કદાચ પહેલું એવું મંદિર હશે જ્યાં જ્યોતિર્લિંગ અને શક્તિપીઠ રૂપે શિવ અને શક્તિ બંને સાથે બિરાજમાન છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



શ્રાવણિય ભક્તિનો રંગ જામતો જાય છે, અને શિવાલયોમાં ભગવાન ને રીઝાવવા ભીડ પણ થતી જોવા મળે છે, એટલે કે લોકો પોતાની આસ્થાનું સમર્પણ કરવાં મંદિરો તરફ જવા લાગ્યા છે. આમ પણ હાલમાં દરેક દેશ મંદીમા છે અને ઉપરથી મહાસત્તાની હોડમાં સતત યુદ્ધની રણનીતિ એ બે સમસ્યા છે. કોઈ પણ વૈશ્વિક સમસ્યાનું નિરાકરણ ઈશ્વર સિવાય બીજું કોણ કરી શકે!! અને એમાં પણ આ તો ભોળો ભંડારી એટલે રાય રંકના ભેદ કરતો નથી. તેમજ પુરાણો જોતાં તો એવું લાગે કે, મહાદેવ તો દેવ દાનવનાં ભેદ પણ જોતાં ન હતાં, અને તેથી જ કેટલાય અસુરોએ શિવનું તપ કરી વરદાન પ્રાપ્ત કર્યા હતાં. ભગવાન શંકર સ્વયં જ્યાં પ્રગટ થયાં છે, એવા લિંગ ને આપણે જ્યોતિર્લિંગ તરીકે ઓળખીએ છીએ, અને ભારતમાં પુરા ૧૨ એવા જ્યોતિર્લિંગ આવ્યા છે. પ્રથમ દિવસે આપણે સોમનાથના જ્યોતિર્લિંગ વિશે વાત કરી હતી, આજે આપણે બીજા ક્રમે આવતું જ્યોતિર્લીંગ એટલે કે શ્રી શૈલે મલ્લિકાર્જુન વિશે વાત કરીશું. આંધ્રપ્રદેશના કુર્નુર જિલ્લામાં કૃષ્ણા નદીને કિનારે આવેલું આ જ્યોતિર્લીંગ અદભુત સ્થાપત્યનો નમૂનો છે. આ ઉપરાંત નલ્લામલાઈની ટેકરી તેમજ ત્રણ નદીના સંગમ પાસે આવેલું આ શ્રી શૈલમ જ્યોતિર્લિંગ એ સમયની જાહોજલાલીની યાદ તાજી કરાવી જાય છે. આ મંદિરમાં શિવ પીઠ અને શક્તિપીઠ એમ બંને બિરાજમાન છે.ભારતનું કદાચ પહેલું એવું મંદિર હશે જ્યાં જ્યોતિર્લિંગ અને શક્તિપીઠ રૂપે શિવ અને શક્તિ બંને સાથે બિરાજમાન છે. મલ્લિકાર્જુન શબ્દનો અર્થ કરીએ તો મલ્લિકા એટલે પાર્વતી અને અર્જુન એટલે શિવ એવો થાય છે. જ્યોતિર્લિંગ સ્વરૂપે મલ્લિકાર્જુન અને શક્તિપીઠ રૂપે ભ્રમપ રામ્બા બિરાજમાન છે. આ મંદિર પણ ખૂબ જ પ્રાચીન સમયનું હોવાથી અદભુત વારસો ધરાવે છે, આ ઉપરાંત આ મંદિર સાથે પણ બે પૌરાણિક કથાઓ જોડાયેલી છે.

શિવ પાર્વતીનાં બે પુત્ર છે, ગણેશ અને કાર્તિકેય. આ બંનેમાં લગ્ન પહેલાં કોના થશે, એ બાબતે એકવાર વિવાદ થયો, એટલે શિવજીએ સમાધાનનો રસ્તો દેખાડતાં કહ્યું કે, જે કોઈ પૃથ્વીની પરિક્રમા કરી પ્રથમ આવશે તેના લગ્ન પહેલા થશે. કાર્તિકે પોતાનું વાહન એટલે કે મોર લઈને પૃથ્વીના પ્રવાસે નીકળે છે, જ્યારે ગણેશજી પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી માતા-પિતાની પ્રદક્ષિણા કરે છે, અને શંકર ભગવાન પ્રસન્ન થઈને કહે છે કે તું સાચો વિદ્યાનો ઉપાસક છે,તું જીત્યો, અને ગણેશનાં લગ્ન રિદ્ધિ સિદ્ધિ સાથે કરાવવામાં આવે છે. કાર્તિકેય પૃથ્વીની પરિક્રમા કરી પાછા આવે છે, અને જોવે છે કે ગણેશના લગ્ન તો થઈ ગયાં, અને એ પણ આ રીતે! એટલે તેઓ રિસાઈ જાય છે, અને માતા-પિતાને છોડી એટલે કે કૈલાસને છોડી ક્રૌંચ પર્વતની ટેકરી એ આવીને વસે છે. અન્ય દેવતા કાર્તિકેયને મનાવવાની ઘણી કોશિશ કરે છે, શિવજી આ કામ નારદ મુનિને સોપે છે, નારદમુની પણ ભગવાન કાર્તિકેયને મનાવવાની કોશિશ કરે છે, પરંતુ તે માનતાં નથી. આથી પુત્ર વિયોગ સહન ના થતા શિવ પાર્વતી બન્ને ક્રૌંચની ટેકરી પર આવવા નીકળે છે, અને માર્ગ યાદ રહે એ માટે માર્ગમાં આવતી ટેકરીઓ પર પોતાનું જ્યોતિ સ્વરૂપ મૂકે છે, અને એ રીતે આ શ્રીશૈલમની ટેકરી પર પોતાનું જ્યોતિ સ્વરૂપ મુકે છે, શિવ પાર્વતી બન્ને જણાં પોતાના અસ્તિત્વની છાપ અહીં છોડે છે, પુરાણ મુજબ દક્ષ યજ્ઞમાં અડધા બળેલા સતીના શરીર ને લઈને ક્રોધાયમાન શંકર આ પૃથ્વી પર અહીંથી તહીં ફરે છે, અને તેના શરીરના અવયવો જ્યાં જ્યાં પડે છે, ત્યાં આગળ શક્તિપીઠનું નિર્માણ થયું છે. એટલે એ રીતે જોઈએ તો પણ અહીં શક્તિપીઠ પણ આવેલી છે.

સ્કંદપુરાણમાં આ વિશે આખો એક અધ્યાય આવેલો છે, અને એ બીજી દંતકથા મુજબ મલ્લિકાર્જુન મંદિર વિશે એક પ્રાચીન કથા એવી છે કે જેના અનુસાર શિવગણ નંદીએ અહીયાં તપસ્યા કરી હતી. તેઓની તપસ્યાથી પ્રસન્ન થઈને ભગવાન શિવ અને પાર્વતીએ તેમને મલ્લિકાર્જુન અને ભ્રમરામ્બાના રૂપમાં દર્શન આપ્યા હતાં. આ જ્યોતિર્લીંગનું વર્ણન મહાભારતમાં પણ છે. પાંડવોએ પાંચપાંડવ લિંગની સ્થાપના અહીયાં કરી હતી. ભગવાન રામે પણ આ મંદિરનાં દર્શન કર્યા હતાં. ભક્ત પ્રહલાદના પિતા હિરણ્યકશ્યપ પણ અહીંયા પૂજા અર્ચના કરતાં હતાં.

હિન્દુ ધર્મ ગ્રંથોમાં ૧૮ મહાશક્તિનો ઉલ્લેખ તેમજ વર્ણન જોવા મળે છે, અને એમાં ભ્રમરામ્બા એ શક્તિના સ્વરૂપનો પણ પુરાણોમાં ઉલ્લેખ જોવા મળે છે. આ મંદિરમાં બે સુંદર ગોપૂરમ આવેલા છે, અને બરાબર મધ્યમાં મલ્લિકાર્જુન સ્વામીનું મંદિર આવેલું છે, જ્યારે બીજા ગોપૂરમમાં ભ્રમરામ્બા દેવીનું મંદિર છે. પૌરાણિક કથા અનુસાર અરુણાસુર નામના રાક્ષસે બ્રહ્માજીનું ખૂબ આકરું તપ કર્યું, અને બ્રહ્માજી પ્રસન્ન થતા તેણે એવું વરદાન માગ્યું, કે મને કોઈ બે પગ વાળુ કે ચાર પગ વાળું પ્રાણી મારી ન શકે, અને વરદાન મળતાં તેનો ત્રાસ વધી ગયો. આથી દેવો મા દુર્ગાના શરણે જાય છે, માતા દુર્ગા દેવોને આશ્વાસન આપે છે અને એ દૈત્યને મારવાનું નક્કી કરે છે. મા દુર્ગા છ પગ વાળા ભ્રમરોને અરુણા સુરને મારવા મોકલે છે, અને આ ભ્રમરો અરુણા સૂરને મારી નાખે છે આથી તે ભ્રમરામ્બા તરીકે ઓળખાયા.

લગભગ ૧૨મી સદીમાં બંધાયેલા આ મંદિરનું સ્થાપત્ય અદભુત છે, અને એ સમયના કલ્યાણ ચાલુક્ય વંશના શાસન દરમિયાન આ મંદિરનું નિર્માણ થયું હતું. આ ઉપરાંત ઈસ્વીસન ૧૨૩૦માં કોકટિયા ગણપતિદેવીની બહેન મલયા દેવીએ મંદિરના હાલના ભાગનું નિર્માણ કર્યું છે, વિજયનગર સામ્રાજ્યના કૃષ્ણદેવરાયજી અને છત્રપતિ શિવાજી એ આ મંદિરના ગોપૂરમ બંધાવ્યા હતાં. ૭૦૦ મીટર લાંબી અને સો મીટર ઊંચી આ મંદિરની દીવાલ છે, અને અંદરની બાજુએથી જુદી જુદી મુદ્રાઓ કંડારવામાં આવી છે.

શ્રી શૈલેષ મલ્લિકાર્જુન મંદિરમાં શિવ-પાર્વતી ઉપરાંત બ્રાસનો ઊંચો જોવા મળે છે અને પીપળાનું વૃક્ષ નીચે નાગ પ્રતિષ્ઠા કરવામાં આવી છે. ડાબી બાજુએ રામ ગર્ભ ગણપતિ અને જમણી બાજુએ મંદિરના રક્ષક વીરભદ્રની મૂર્તિ ઓ છે. મંદિરનું નાનું એવું કાળું શિવલિંગ સોનાનું આવરણ ધરાવે છે, અને મંદિરના પાછળના ભાગમાં પાંડવો દ્વારા સ્થાપિત પંચ પાંડવ નું મંદિર પણ છે, અને અહીં પાસે એક કૂવો છે, એમાંથી મંદિરના અભિષેક માટે જળ લેવામાં આવે છે. શ્રી શૈલેષ મલ્લિકાર્જુન મંદિરમાં શિવ-પાર્વતી ઉપરાંત બ્રાસનો ઊંચો જોવા મળે છે અને પીપળાનું વૃક્ષ નીચે નાગ પ્રતિષ્ઠા કરવામાં આવી છે. ડાબી બાજુએ રામ ગર્ભ ગણપતિ અને જમણી બાજુએ મંદિરના રક્ષક વીરભદ્રની મૂર્તિ ઓ છે. મંદિરનું નાનું એવું કાળું શિવલિંગ સોનાનું આવરણ ધરાવે છે, અને મંદિરના પાછળના ભાગમાં પાંડવો દ્વારા સ્થાપિત પંચ પાંડવ નું મંદિર પણ છે, અને અહીં પાસે એક કૂવો છે, એમાંથી મંદિરના અભિષેક માટે જળ લેવામાં આવે છે.

આ મંદિરના દર્શને જવા માટે બસ, ટ્રેન, અને પ્લેન ત્રણે સાધનો ઉપલબ્ધ છે. ટ્રેન દ્વારા જવું હોય તો અમદાવાદ થી, હૈદરાબાદ સિકંદરાબાદ, ભાવનગરથી ભાવનગર કાકીનાડા, અને રાજકોટ થી રાજકોટ સિકંદરાબાદ આમ ટ્રેનો અઠવાડિયામાં બે વાર મળે છે. તો આ કોરોના કાળ દરમિયાન ભગવાન શંકરના શિવાલયનો મહિમા જાણી અને આપણે આપણો ભક્તિભાવ વધારવાનો છે. બોલો ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, હર હર ભોલે, હર હર ભોલે.

### શ્રાવણ માસના શિવ મહિમા-૩

# સદાશિવ પંચાક્ષર મંત્રનો મહિમા જાણવા પ્રયત્ન કરીશું



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



યશપાલસિંહ ટી વાઘેલા થરા શ્રાવણ માસની આરાધના ઉપાસના અભિષેકમાં શિવભક્તો તલ્લીન થઈ રહ્યા છે.પાર્થિવ શિવ લીંગ અને શિવલિંગ પૂજન વિધિનો મહિમા જોયા પછી આજે ત્રીજા દિવસે આપણે શ્રાવણ માસના શિવ મહિમા-૩માં સદાશિવ પંચાક્ષર મંત્રનો મહિમા જાણવા પ્રયત્ન કરીશું. મંત્ર- જાપ નું મહત્વ સુત કહે છે કે બ્રાહ્મણો ! સદાશિવ પંચાક્ષર મંત્ર-(નમઃ શિવાયનો જપ મહા માસ તેમજ શ્રાવણ મહિનામાં કરવો ઉત્તમ ગણાય છે. પ્રથમ મિતાહાર તેમજ મૌન રાખીને એક હજાર જપ વડે શુદ્ધ થવું ત્યારબાદ શિવજીનું સ્મરણ કરવું. તેમના સ્વરૂપમાં તદાકાર થવું. ત્યારબાદ જપનો પ્રારંભ કરવો.ભકતે પોતાના સંકલ્પ મુજબ જપ કરતા રહેવું. જપ પૂર્ણ થયા બાદ શિવજીનું પૂજન શ્રધ્ધા ભાવથી વિધિ મુજબ કરવું.હોમ પણ કરાય બામણોને દાન તથા ભોજન પણ આપી શકાય,તપ જપ દાન અને ધ્યાન દ્વારા પવિત્ર બનેલો મનુષ્ય શિવનું દર્શન પામીને ધન્ય બને છે .એક દિવસ મારા પિતાશ્રી લોમહર્ષાના આશ્રમમાં વત્સમુનિનું આગમન થયું. તેઓ ત્યાં ચતુર્માસ રહ્યા . તેમણે મને કહ્યું કે "મંત્રજાપ નો મહિમા અમાપ અને અનંત છે. 'આ માટે તેમણે એક દ્રષ્ટાંત આપ્યું છે.પૂર્વે ચમત્કારમાં આવેલ સિદ્ધેશ્વરના શિવાલય માં એકવાર ઉત્સવનું આયોજન થયું. કેટલાક લોકોની પ્રેરણાથી એક જુવાને સર્પ પકડી દર્શનાર્થીઓ તથાભક્ત જનોની ભીડમાં છોડયો. સર્પ ને જોઈ ત્યાં નાસ ભાગ શરૂ થઈ ગઈ પરંતુ તે સમયે મનિ સ્વસ્થ ચિત્તે બેસી રહ્યા.તેઓ ત્યાં એક તસુ ભાર પણ ખસ્યા નહિ .પેલો સર્પ તેમણે વિટળાઈ ગયો .આ દ્રશ્ય મુનીના શિષ્ય જોયું .તે ક્રોધે ભરાઈ ગયો. તેમણે તરત જ શ્રાપ આપ્યો કે "આ સર્પ ફેંકનાર સર્પ બની જાય . "તે યુવાન સર્પ બની ગયો થોડીવારમાં તે મુનિ જાગૃત થયા અપકાર ઉપર ઉપકાર કરવાનો ધર્મ અને તેનો તેનો મર્મ સમજાવ્યો પછી તેમણે પેલા બનેલા યુવાનને કહ્યું " જળમાં જઈ ને રહે અને ત્યાં દરરોજ શિવ પંચાક્ષરનો જપ કરશે, એટલે તારા પાપનો ક્ષય થશે.જ્યારે વત્સ મુનિ તને લાઠી વડે ફટકારશે ત્યારે તું શ્રાપ મુક્ત થઈ પુનઃ દિવ્ય દેહ ધારણ કરી શિવલોકમાં જઈ શકીશ દૈવયોગે હું કરતો કરતો વનમાંથી નદી તટે જઈ ચડ્યો, તાજેતરમાં જ મારી પુત્રીને સર્પદંશ થયેલો એટલે સર્પ પર મને ગુસ્સો આવ્યો,ને મે તરત જ સર્પને જોઈ લાઠી પ્રહાર કર્યો પરિણામે તે સર્પ ની જગ્યાએ તેજોમય દિવ્ય દેહ ધારી જુવાન આળસ મરડી ઊભો થયો.હે મુનિઓ!એક મનુષ્ય ભક્તિ ભાવ અને શ્રધ્ધાથી દાન આપે અને બીજું પંચાક્ષરનો જપ કરે બંનેનું આ પર્વત પર કરેલો જપ દસ હજાર થી અધિક, ફળ સમાન ગણાય છે.કોઈ એક સર્વ તિર્થોમાં સ્નાન કરે,ચાંદાયસ વગેરે વ્રત કરે,એક પંચાગ્નિ તપી તપ કરે, સર્વ સંગનો ત્યાગ કરી જ્ઞાન પ્રાપ્તિ કરે અથવા બીજા મંત્ર જાપ કરે તો બંનેને સમાન ફળ મળે છે . આમ પંચાક્ષર.તેમણે બધી બીના જાણી તેમણે શિષ્યને મંત્રના જપ નું ફળ ખૂબ જ છે શિવ પંચાક્ષર મંત્રવેદ માં અનેશિવશાસ્ત્રમાં આ પંચાક્ષર અક્ષર છે સાથે છ અક્ષરનો કયો છે. આ મંત્ર અર્થગંભીર,વેદના સારરૂપ અને મુક્તિદાયક છે.તે સાક્ષાત સદાશિવ સ્વરૂપ છે, તેથી સિધ્ધી આપનાર છે. મંત્રો ઘણાં છે.

પરંતુ સદાશિવે રચેલાં આ મહામંત્ર જેવો બીજો કોઈ મંત્ર નથી.શિવનું જ્ઞાન શિવની સમજણ અને વિદ્યા છે,તે પંચાક્ષર મંત્રનું ભાષ્ય છે . આ મંત્ર દિવ્ય મનને નિર્મળ કરનાર સર્વ મનોરથ પૂર્ણ કરનાર છે તથા શિવ સ્વરૂપ સર્વજ્ઞ પરમાત્મા શિવે પ્રાણ યાત્રાના મનૌરથની સિદ્ધી માટે આ "ૐ નમઃ શિવાય "મંત્ર કહ્યો છે . કોઈપણ માણસ આ પંચાક્ષર મંત્રના જપમાં નિષ્ઠા વાળો થાળુ હોય તે પાપરૂપ વિટંબણામાંથી છૂટી જાય છે.હે દેવી પૃથ્વી પર ભ્રષ્ટ થયેલ,દોષિત બનેલ દુઃખી,કરભર્યો માનવ મારો ભક્ત બનીને બને છે.આ પંચાક્ષરી વિદ્યા દ્વારા સુખદાયી મંત્રના ઋષિ વામ દેવ છે છંદ પંકિત છે અને હું તેનો દેવતા છું.ગૌતમ,અત્રિ,વિશ્વામિત્ર અંગીરા અને ભારદ્વાજ આ પાંચ અક્ષરોના ઋષિઓ છે. ગાયત્રી,અનુષ્ટુપ,ત્રિરૂપ,બૃહતી અને વિરાટ એ પાંચ છંદો છે,ઈન્દ્ર, રુદ્ર, વિષ્ણુ, બ્રહ્મા તથા કાર્તિકેય એ પાંચ તેના દેવો છે. પૂર્વ પશ્ચિમ દક્ષિણ, ઉત્તર અને ઉર્ધ્વ એવાં મારા પાંચ વર્ણોના સ્થાને રહેલા છે .સાધકે સ્નાન કરી પવિત્ર પ્રદેશ માં સુંદર, વ્યવસ્થિત આસન ગૌરી ઉત્તરા ભિમુખે અગર પૂર્વાભિમુખ બેસી હૃદયમાં શંકર-પાર્વતીનું ધ્યાન ધરવું,બાદ દેવ ગુરુને પ્રણામ કરવા.વંદન કરીને ન્યાસ વડે શરીર ને પૂર્ણ કરવું, પ્રાણ અને અયાનને ઘસ કરી પછી પંચાક્ષર વિધાનો જપ કરવો. ઘરમાં કરેલો જય સામાન્ય ગામના પાદરમાં કરેલો જપ સો ગણો,ભવનમાં કરેલો જપ હજાર ગણો નદી કિનારે દેવાલયમાં કરેલો જપ અનેક ગણું ફળ આપનાર છે.પંચાક્ષર મંત્રનું એકાગ્ર ચિત્તે ચિંતન કે શ્રવણ કરનાર પાપ મુક્ત.ભગવાન શિવની પૂજામાં પાંચ અક્ષર નમઃ શિવાય' નું ખૂબ જ મહત્વ છે.ભગવાનશિવ ને સૃષ્ટિના પાલનહાર માનવામાં આવે છે.આ સૃષ્ટિ પંચતત્વથી બની છે. આ પાંચ અક્ષરથી સૃષ્ટિ ના પંચતત્વને નિયંત્રિત કરી શકાય છે. દરેક અક્ષરનો પોતાનો અર્થ અને મહત્વ છે. આ અક્ષરો નો એકસાથે જાપ કરવાથી અનેક લાભ થાય છે.જો તમને મહેનત કર્યા પછી પણ પરિણામ નથી મળતું, કરવામાં આવી રહેલું કામ ખરાબ થઈ રહ્યું છે,તો તમારે ભગવાન શંકરના શિવ પંચાક્ષર મંત્રનો નિયમિત જાપ પણ કરવો જોઈએ.શિવનો પંચાક્ષરી મંત્ર પાંચ શ્લોકોથી બનેલો છે, જેનો પ્રથમ શ્લોક ન અક્ષરથી શરૂ થાય છે,બીજો શ્લોક મ અક્ષરથી શરૂ થાય છે.આના જેવા પાંચ પંક્તિ ઓ "ન મઃ શિ વા ય" મંત્ર બનાવે છે. ભગવાન શિવનો સૌથી પ્રસિદ્ધ મંત્ર "ઓમ નમઃશિવાય" શિવ પંચાક્ષર સ્તોત્રમાંથી ઉદભવ્યો છે, કારણ કે શિવ પંચાક્ષર સ્તોત્રમાં પાંચ શ્લોક છે,જે અનુક્રમે ન-મ- શિ-વ-વાય પાંચ અક્ષરોથી શરૂ થાય છે.પંચાક્ષરનો અર્થ છે- જે પાંચ અક્ષરોથી બનેલો છે, એટલે કે શિવ પંચાક્ષર મંત્ર પાંચ અક્ષરો ન-મ-શિ-વ-ય પર આધારિત છે, શિવ પંચાક્ષર મંત્રમાં પાંચ શ્લોક છે જેનો પહેલો અક્ષર ન-મ-શિ- વ-ય છે. અનુક્રમે. આ છે એટલે કે, પ્રથમ શ્લોકનું પ્રથમ વર્ણન મ છે, બીજા શ્લોકનો પ્રથમ અક્ષર મ છે, ત્રીજા શ્લોકનો પ્રથમ અક્ષર શી છે, ચોથા શ્લોકનો પ્રથમ અક્ષર વા છે, પાંચમા શ્લોકનો પ્રથમ અક્ષર વાય છે પંચાક્ષરી મંત્રની સિદ્ધિ માટે તમારે બ્રહ્મ મુહૂર્તમાં સવારે વહેલા ઊઠીને શિવ પંચાક્ષરી મંત્રનો ત્રણ વાર જાપ કરવો જોઈએ, તેનાથી તમારા મનને આંતરિક શાંતિ મળે છે અને કોઈપણ કાર્ય પ્રત્યેના નકારાત્મક વિચારો તમારા મનમાં આવતા નથી અને તમારું કાર્ય સફળ થાય છે.શિવ પંચાક્ષર મંત્રનો રુદ્રાક્ષ માળા સાથે જાપ કરવામાં આવે તો તે વધુ અસર કારક બને છે. આ મંત્રનો જાપ કરતી વખતે તમારા મનને નિયંત્રિત કરીને ભગવાન શિવનું ધ્યાન કરો. પંચાક્ષરી મંત્રની સિદ્ધિ માટે ધાર્મિક અને નૈતિક આદર્શોનું પાલન કરો. આ મંત્ર શક્તિશાળી બનાવવા માટે, તમારા વિચારો, શબ્દો અને કાર્યો ઉચ્ચતમ ધોરણો અનુસાર કરો.

# એડલ્ટ સાઈટ પર પોતાના ફોટા જોઈને ચોંકી ગઈ



એક છોકરીએ જ્યારે એડલ્ટ વેબસાઈટ પર તેના ફોટા જોયા ત્યારે તેને આશ્ચર્ય થયું. આ તસવીરો તેણે એક ફોટોશૂટ દરમિયાન ક્લિક કરી હતી. પરંતુ ફોટોગ્રાફરે તેણીની સંમતિ વિના તેને એડલ્ટ વેબસાઈટ પર અપલોડ કર્યા હતા. જોકે, યુવતી ઈચ્છતી હોવા છતાં ફોટોગ્રાફર સામે કાયદેસરની કાર્યવાહી કરી શકી ન હતી. તેની પાછળની મજબૂરી તેણે પોતે જ જણાવી છે. મામલો અમેરિકાનો છે.

ડેઈલી સ્ટાર સાથે વાત કરતા ૨૧ વર્ષીય સવા શુલ્ટ્ઝે કહ્યું કે તેણે નર્સિંગનો કોર્સ કરીને મોડલિંગમાં કરિયર બનાવવાનું નક્કી કર્યું હતું. આ માટે એક ફોટોગ્રાફરનો સંપર્ક કર્યો, જેણે મારા ગ્લેમરસ ફોટા લીધા. પરંતુ તેણે દગો કર્યો અને પૂછ્યા વગર મારા ફોટા એડલ્ટ સાઈટ પર અપલોડ કર્યા. અમેરિકાના ઉટાહમાં રહેતી સવા કહે છે કે તે સમયે મારી ઉંમર ૧૯ વર્ષની હતી. મિત્રોને ખબર પડી કે મારા ફોટા અમુક એડલ્ટ વેબસાઈટ પર હાજર છે. આ જાણ્યા પછી મારા હોશ ઉડી ગયા, કારણ કે મેં કોઈને આવું કરવાની પરવાનગી આપી ન હતી.

આ ક્ષણને યાદ કરતાં સવાએ કહ્યું- હું દિલગીર છું કારણ કે લોકોએ કહ્યું હતું કે મારા બોલ્ડ ફોટા સોશિયલ મીડિયા પર પણ લીક થયા છે. તેના પર મારું કોઈ નિયંત્રણ નહોતું. ફોટોગ્રાફરના વિશ્વાસઘાતથી મને શરમ અને નબળાઈનો અનુભવ થયો. મને પણ આ બાબતે ગુસ્સો આવતો હતો. પણ કોઈક રીતે પોતાની જાતને સંભાળી લીધી. સાવા કહે છે કે તે ફોટોગ્રાફર સામે કાયદેસરની કાર્યવાહી કરી શકતી નથી કારણ કે તેણે તેની સાથે લેખિત કરાર કર્યો નથી. જો કે, તેને ભવિષ્ય માટે ચોક્કસપણે એક પાઠ મળ્યો. સાવાએ અન્ય લોકોને પણ આ અંગે જાગૃત કર્યા છે.

# છીંક આવતાં મગજની નસો ફૂટી ગઈ!

## કોરોનાના આ દિવસોમાં લોકો છીંક રોકવાની કોશિશ કરે છે





જો તમે પણ છીંક રોકવાની કોશિશ કરો છો તો સાવચેત રહો. આ જીવલેણ સાબિત થઈ શકે છે. તમે બહેરા થઈ શકો છો અને મગજની ચેતા પણ ફૂટી શકે છે. આવું એક અમેરિકન વ્યક્તિ સાથે થયું. તેને વારંવાર છીંક આવતી હતી. તેનાથી પરેશાન થઈને તેણે છીંક રોકવાનો પ્રયાસ કર્યો. પછી અચાનક એટલી જોરદાર છીંક આવી કે મગજની ચેતા ફાટી ગઈ. મગજમાં લોહી વહેવા લાગ્યું. હવે બચવું અશક્ય લાગતું હતું. આ વ્યક્તિની ત્રણ સર્જરી કરવી પડી, ત્યારે જ તેનો જીવ બચી ગયો.

અલાબામા શહેરના રહેવાસી ૨૬ વર્ષીય સેમ મેસિનાએ જણાવ્યું કે તે બેડ પર સૂતો હતો. વારંવાર છીંક આવતી હતી. ઘણી વખત તેણે છીંક રોકવાનો પ્રયત્ન કર્યો. પરંતુ અચાનક મને ખૂબ જ ઝડપથી છીંક આવી અને મગજની નસોમાં વિસ્ફોટ થયો અને ધમનીઓ ફાટી ગઈ. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે માથામાંથી લોહી નીકળવા લાગ્યું. નસકોરામાંથી લોહી વહેવા લાગ્યું. મને પણ આંચકો આવ્યો અને બેભાન થઈ ગયો. તે સમયે મારે મરી જવું જોઈતું હતું પણ ભગવાનનો આભાર કે હું બચી ગયો.

**મારા મગજમાં લોહી વહેતું હતું**

મેસિનાએ જણાવ્યું કે બેહોશ થતા પહેલાં તેણે તેની માતાને ફોન કર્યો. મારી ગર્લફ્રેન્ડને કહ્યું, જે મને હોસ્પિટલ લઈ ગઈ. જ્યારે ડોક્ટરોએ જોયું તો તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. મારા મગજમાંથી લોહી નીકળતું હતું. તે હોસ્પિટલમાં આવી સારવારની કોઈ સુવિધા ન હોવાથી ઈમરજન્સીમાં તેને બીજી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. અઠવાડિયામાં ત્રણ વખત સર્જરી કરવામાં આવી. ૨૭ ટાંકા લીધા. હોસ્પિટલના ICUમાં એક મહિનો વિતાવ્યા બાદ તબિયત સુધરી હતી. હમણાં પણ તબિયતમાં ખાસ સુધારો થયો નથી. ક્યારેક ચક્કર આવે છે. તબીબોના મતે આ વ્યક્તિનો જન્મ આર્ટેરીયોવેનસ માલફોર્મેશન (AVM) નામની ખામી સાથે થયો હતો. મોટાભાગના લોકોને આ સમસ્યા હોય છે. તેને એન્યુરિઝમલ ખોડખાંપણ પણ કહેવામાં આવે છે. જ્યારે મગજમાં ધમનીઓ અને નસોને જોડતી રક્તવાહિનીઓ એકબીજામાં ફસાઈ જાય છે, એટલે કે, તેમનામાં અસામાન્ય જોડાણ રચાય છે ત્યારે રક્ત ગંઠાઈ જાય છે. તીક્ષ્ણ છીંકને કારણે આ ગાંઠમાં વિસ્ફોટ થયો અને ધમનીઓ ફૂટી.

# દુનિયાની અનોખી ઘડિયાળ જેમાં ૧૨ વાગતા જ નથી



ભાઈ તારા ચહેરા પર ૧૨ કેમ વાગ્યા છે. આ શબ્દો તમે કેટલીક વખત તમારા મિત્રોને કીધા હશે જ્યારે તે ઉદાસ હશે. પણ શું તમે ક્યારેય કોઈને કીધું છે કે તારા ચહેરા પર ૧૧ કેમ વાગ્યા છે? હકીકતમાં ૧૨ તો ઘડિયાળમાં જ વાગતા હોય છે. પણ દુનિયામાં એક જગ્યા એવી છે જ્યાંની ઘડિયાળમાં ક્યારેય ૧૨ વાગતા જ નથી. જાણીને તમને આશ્ચર્ય થશે પરંતુ આ સાચી વાત છે. એક એવી ઘડિયાળ છે જેમાં ક્યારેય ૧૨ વાગતા નથી.

એક એવી ઘડિયાળ જ્યાં ક્યારેય ૧૨ વાગતા નથી. આ ઘડિયાળ સ્વિટ્ઝર્લેન્ડમાં છે સ્વિટ્ઝરલેન્ડના સોલોર્થન શહેરમાં ક્યારેય ૧૨ વાગતા નથી...કારણ શું.... અહિયાના લોકોને ૧૨ અંક ગમતો જ નથી. અને ૧૧ અંક એટલો જ પ્રિય છે. આ વાત ખાલી ઘડિયાળ પૂરતી નથી. પરંતુ દરેક કામમાં ૧૧ અંકને વિશેષ મહત્વ આપ વામાં આવ્યું છે. ૧૧મો જન્મ દિવસ ઉત્સાહ પૂર્વક ઉજવાય.. અને તેમાં આપવામાં આવતી ભેટ પણ વિશેષ હોય છે. ચર્ચા અને ચેપલની ગણતરી પણ ૧૧-૧૧ની આસપાસ કરવામાં આવે છે. હકિકતમાં સ્વિટ્ઝર્લેન્ડના સોલોર્થન શહેરમાં એક ચર્ચ છે જેમાં ૧૧ અંકને પ્રાથમિક્તા આપવામાં આવી છે. પરંતુ અહીંના લોકો શું કામ ૧૧ અંકને આટલુ મહત્વ આપે છે. કેમ આ લોકો ૧૧ અંકના દિવાના છે કે ઘડિયાળમાં પણ છેલ્લે ૧૧ જ વાગે છે. આની પાછળ એક પ્રાચીન માન્યતા છે. સોલોથર્નના રહેવાસીઓ ખુબ જ મહેનતુ હતા. પરંતુ તનતોડ મહેનત પછી પણ ગરીબી પીછો છોડતી નહોતી. અને લાંબા સમય પછી અહીંની ટેકરીઓ પર એલ્ફ આવવા લાગ્યા. અને એલ્ફ આવતાની સાથે જ લોકોના જીવનના ખુશહાલી ફરી આવી ગઈ. એલ્ફ વિશે જર્મનીમાં પૌરાણિક કથાઓ પણ છે. જર્મન લોકો માને છે કે એલ્ફ પાસે દિવ્ય તેમજ અલૌકિક શક્તિ હોય છે.

# રાજા ચાર્લ્સના રાજ્યાભિષેકમાં ૧૦૦૦ કરોડનો ખર્ચ



બ્રિટનમાં (Britain) રાજાશાહી, રાજવી પરિવાર અને મહેલ હંમેશા ચર્ચાનો વિષય રહ્યા છે. ૨૦૦ વર્ષ સુધી ભારત સહિત વિશ્વના અનેક દેશો પર રાજ કરનાર આ પરિવારની સર્વોપરિતા આજે પણ ચાલુ છે. ૬ મે એટલે કે આજે વિશ્વની નજર બ્રિટન પર રહેશે. જ્યારે બ્રિટિશ રાજવી પરિવારના (British Royal Family) નવા રાજા ચાર્લ્સ ત્રીજાનો લંડનમાં વેસ્ટમિન્સ્ટર એબી ખાતે તાજ પહેરાવવામાં આવશે. આ રાજ્યાભિષેક સાથે પ્રિન્સ ચાર્લ્સ સત્તાવાર રીતે બ્રિટનના રાજા બનશે. રાણી એલિઝાબેથ II નું ૮ સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ ૯૬ વર્ષની વયે અવસાન થયું છે. શાહી પરિવારના નિયમો અનુસાર, શાહી ઘરની લગામ સૌથી વરિષ્ઠ સભ્યને આપવામાં આવે છે, પરંતુ આ વરિષ્ઠતા ક્રમ તેમની ઉંમરના આધારે નક્કી કરવામાં આવે છે. રોયલ ફેમિલીનો ઈતિહાસ પણ ઘણો રોયલ રહ્યો છે. એટલા માટે પ્રિન્સ ચાર્લ્સનો રાજ્યાભિષેક પણ ઐતિહાસિક બની રહેશે. આવી ઘટના ૭૦ વર્ષ પછી બનવા જઈ રહી છે, આ પહેલા આવી શાહી પરંપરા છેલ્લે ૧૯૫૩માં સ્વર્ગસ્થ રાણી એલિઝાબેથ દ્વિતીય માટે યોજાઈ હતી. બ્રિટનમાં સમ્રાટના રાજ્યાભિષેકની પ્રક્રિયા છેલ્લા એક હજાર વર્ષથી એકસરખી જ છે. એટલે કે તેમાં કોઈ મોટો ફેરફાર થયો નથી. બ્રિટનના રાજાનો રાજ્યાભિષેક હવે યુરોપ માં આવો એકમાત્ર સમારોહ છે, જે હજુ પણ ચાલી રહ્યો છે. હવે તમારા મનમાં આ સવાલ આવતો જ હશે કે બ્રિટનમાં રાજ્યાભિષેક શું છે.

તમને જણાવી દઈએ કે રાજ્યાભિષેક એક સમારોહ છે જેમાં સમ્રાટને ઔપચારિક રીતે તાજ પહેરાવવામાં આવે છે. પ્રથમ રાજા અથવા રાણીના મૃત્યુ માટે શોકનો સમય પૂરો થયા પછી આ વિધિ થાય છે. બ્રિટનમાં રાજ્યાભિષેકને ધાર્મિક પ્રસંગ માનવામાં આવે છે જે બ્રિટનમાં તહેવારની જેમ ઉજવવામાં આવે છે. છેલ્લા ૯૦૦ વર્ષથી વેસ્ટમિન્સ્ટર એબીમાં રાજ્યાભિષેક સમારોહ યોજાય છે. આ વખતે પણ આ પરંપરા માત્ર વેસ્ટમિંસ્ટર એબીમાં જ અનુસરવામાં આવશે.

BOLLYWOOD NEWS FLASH

**સૈફ અલી ખાન ૫૩ વર્ષનો થઈ ગયો છે, બુધવારે તેનો બર્થ ડે હતો, જેનું સેલિબ્રેશન તેણે બાળકો સાથે કર્યું હતું**



# સૈફ અલી ખાને પત્ની અને ચારેય બાળકો સાથે સેલિબ્રેટ કર્યો બર્થ ડે

। મુંબઈ, તા.૧૮ ।

સારા અલી ખાનનો બર્થ ડે ૧૨ ઓગસ્ટે જ્યારે સૈફ અલી ખાનનો બર્થ ડે ૧૬ ઓગસ્ટે આવે છે. દર વર્ષે સારા બર્થ ડે પહેલા મમ્મી અમૃતા રાવ સાથે બનાવે છે અને સૈફના જન્મદિવસ પર તેના ઘરે બંનેનું જોડે સેલિબ્રેશન કરવામાં આવે છે. આ વખતે પણ તેમ જ થયું. સારાએ શનિવારે ઉજવણી કરી હતી તેની તસવીરો સોશિયલ મીડિયા પર સામે આવી હતી અને હવે સૈફ સાથે તેણે કરેલી કેક કટિંગની તસવીરો ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહી છે. સૈફ ઈન્સ્ટાગ્રામ પર નથી ત્યારે સારા અને કરીના કપૂર તેમના હેન્ડલ પર ઝલક દેખાડી છે. જેમાં જુનિયર પ ટૌડી જેહ સૌથી આકર્ષણનું કેન્દ્ર રહ્યો. સારા અલી ખાને પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કરેલી પોસ્ટની પ હેલી તસવીરમાં જોઈ શકાય છે કે, તે ઓલ-વ્હાઈટ લૂકમાં છે, ઈબ્રાહિમે ગ્રે ટીશર્ટ અને ડેનિમ પહેર્યું છે જ્યારે બર્થ ડે બોય સૈફ ગ્રીન કલરના કૂર્તા- વ્હાઈટ પ ાયજામામાં છે. તૈમૂરે યલ્લો ટીશર્ટ અને ડેનિમ પહેર્યું છે. જેહ મોટાભાઈ ઈબ્રાહિમના ખભે બેઠો છે, તેણે ગ્રીન ટીશર્ટ અને શોર્ટ્સ પહેરી છે. તે પોતાની આંગળીમાં લાગેલી કેક ખાઈ રહ્યો છે. ટેબલ ત્રણ-ત્રણ યમ્મી કેક પ ડેલી છે. બીજી તસવીરમાં પટૌડી સિબલિંગની સાથે કરીના પણ જોવા મળી, જે કો-ઓર્ડ સેટમાં છે. સારા કેક કટ કરી રહી છે અને જેહની નજર તેના પર અટકી છે. અંતિમ તસવીરમાં પટૌડી ભાઈ-બહેન છે. તમામના ચહેરા પર સ્માઈલ છે. જણાવી દઈએ કે, અત્યારથી ચારેયનું બોન્ડિંગ જબરદસ્ત છે.

# જોન અબ્રાહમ એક્ટર ન હોત તો મિકેનિક હોત : અભિષેક

। મુંબઈ, તા.૧૮ ।

અભિષેક બચ્ચન અને જોન અબ્રાહમની વચ્ચેની મિત્રતા જગજાહેર છે. અભિષેકે કહ્યું કે જોન એક્ટર નહીં પણ મિકેનિક હોવો જોઈએ. તેમને બાઈક ખૂબ જ પસંદ છે. તે બાઈક ચલાવવા ઉપરાંત તેને એસેમ્બલ પણ કરે છે. તેમને બાઈક સાથે ટિંકરિંગ પસંદ છે. નસીબે તેને એક્ટર બનાવ્યો, નહીં તો તે ક્યાંક મિકેનિક બની ગયો હોત. અભિષેકે એક જૂના ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, જોન અબ્રાહમે જ તેમને બાઈક ચલાવતા શીખવ્યું હતું. અગાઉ અભિષેક બાઈક ચલાવતી વખતે ડરી ગયો હતો. બંને કલાકારોએ 'ધૂમ'



ફિલ્મમાં કામ કર્યું હતું. ફિલ્મનો સેન્ટર પોઈન્ટ સુપર બાઈક રાખવામાં આવ્યો હતો. અભિષેક બચ્ચન તેમની આગામી ફિલ્મ 'ઘૂમર'ને કારણે ચર્ચામાં છે. ફિલ્મના પ્રમોશન દરમિયાન તેને બાઈક પર કેટલાક પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. મારો એક મિત્ર છે, જોન અબ્રાહમ. મને લાગે છે કે તેમને ખરેખર બાઈક ગમે છે. તેઓ પહેલાં બાઈકને તોડી નાખે છે અને પછી તેને એસેમ્બલ કરે છે. તેમને આ કામમાં ખૂબ આનંદ આવે છે. હું તેમની પાસેથી બાઈક વિશે ઘણું શીખ્યો છું. અભિષેકે કહ્યું હતું કે જોને તેમને પહેલીવાર બાઈક ચલાવતા શીખવ્યું હતું. આ ફિલ્મ ધૂમના સમયની વાત છે. અગાઉ અભિષેકને બાઈક કેવી રીતે ચલાવવું તે આવડતું ન હતું. તેમને બાઈક ચલાવવાની પણ મંજૂરી નહોતી. અભિષેક પિતા અમિતાભ બચ્ચન અને માતા જયાથી ડરતા હતા. અભિષેકે કહ્યું, મને બાઈક કેવી રીતે ચલાવવી તે આવડતું ન હતું. મેં થોડા સમય પહેલાં (ધૂમ) ફિલ્મમાં બાઈક ચલાવી હતી, પરંતુ તેઓએ મને ટ્રોલી પર બેસાડીને શોટ લીધો હતો. બીજી તરફ જોન મારી સાથે બાઈક પર સવાર થઈને મને શીખવતો. તે બાંદ્રામાં રહેતો હતો પણ મારા માટે જુહુ સુધી પાછો આવતો હતો. જોન અબ્રાહમે પણ ઘણી વખત મોટરબાઈક પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કર્યો છે. 'ધૂમ' રીલિઝ થયા બાદ તેણે કહ્યું હતું, મેં મોટરસાઈકલ સાથે લગ્ન કર્યા છે. હું નથી ઈચ્છતો કે કોઈ મારી બાઈકને અડકે કે બેસે.

**સની દેઓલની ફિલ્મ ગદર ૨ની કમાણી જોઈને લાગે છે કે આ સિક્વલ ગદરનો રેકોર્ડ પણ તોડી નાખશે**

# ૬ દિવસમાં 'ગદર ૨' બની ૨૦૨૩ની બીજી સૌથી મોટી હિટ ફિલ્મ

। મુંબઈ, તા.૧૮ ।

સની દેઓલની એક ગર્જનાએ બોક્સ ઓફિસ પર બધાને પાછળ છોડી દીધા છે. સની દેઓલની ગદર ૨ સુનામી બનીને જબરદસ્ત કમાણી કરી રહી છે, જેના મોજામાં શાહરૂખ ખાનની પઠાણથી લઈને પ્રભાસની આદિપુરુષ અને સલમાન ખાનની કિસી કા ભાઈ કિસી કી જાનથી લઈને રણવીર સિંહની રોકી અને રાનીની પ્રેમ કહાની ઉડી ગઈ, ખબર પણ પડી નહીં. ગદર ૨ને રિલીઝ થયાને ૬ દિવસ થઈ ગયા છે, પરંતુ સિનેમાઘરોમાં તારા સિંહને જોવા લોકોની ભીડ ઓછી થઈ રહી નથી.



ગદર ૨ બોક્સ ઓફિસ પર શાનદાર બિઝનેસ કરી રહી છે. આ ફિલ્મ ૬ દિવસમાં ૩૦૦ કરોડનો આંકડો સ્પર્શી જશે. લૉંગ વીકએન્ડનો પૂરો ફાયદો ઉઠાવતા ગદર ૨ એ માત્ર ૩ દિવસમાં ૧૦૦ કરોડનો આંકડો પાર કરી લીધો. ગદર ૨ સ્વતંત્રતા દિવસ પર સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મનો રેકોર્ડ પણ ધરાવે છે. સની દેઓલની ગદર ૨ શાહરૂખ ખાનની પઠાણ પછી વર્ષ ૨૦૨૩ની બીજી સૌથી મોટી હિટ ફિલ્મ બની ગઈ છે. ગદર ૨ હવે કમાણીના મામલે માત્ર પઠાણથી પાછળ છે. કેરળ સ્ટોરી ૨૪૨.૨૦ કરોડ સાથે ત્રીજા નંબરે છે. ચોથા નંબર પર રણબીર કપૂરની ફિલ્મ 'તુ જૂઠી મેં મક્કર' છે, આ ફિલ્મે ૧૪૯.૦૫ કરોડની કમાણી કરી છે. પાંચમા સ્થાને રણવીર સિંહ અને આલિયા ભટ્ટની ફિલ્મ રોકી ઔર રાની ૧૩૭.૦૨ કરોડની કમાણી સાથે છે.

# લોકોએ મને બિગ બોસમાં ન આવવાની સલાહ આપી : પૂજા

। મુંબઈ, તા.૧૮ ।



પૂજા ભટ્ટ બિગ બોસ OTT 2'ની સૌથી મજબૂત સ્પર્ધક પૈકી એક હતા. શોમાંથી બહાર નીકળ્યા બાદ પૂજાએ કહ્યું કે લોકોએ તેને બિગ બોસનો ભાગ ન બનવાની સલાહ આપી હતી. જો કે, ત્યારબાદ પિતા મહેશ ભટ્ટ અને મિત્ર દીપક તિજોરીએ તેને શોમાં ભાગ લેવા માટે પ્રેરિત કર્યા હતા. અભિનેત્રીએ કહ્યું કે તેમણે આ શોને પોતાના માટે પડકાર તરીકે લીધો અને સારું પ્રદર્શન પણ કર્યું હતું. પૂજા ભટ્ટે જણાવ્યું કે, જ્યારે તેમને બિગ બોસ OTT 2 ની ઓફર મળી ત્યારે મેં મારી પોતાની જાતને પૂછ્યું કે શું મારે પાસ ગુમાવવો પડશે? પૂજાએ કહ્યું, 'હું બધું સમજી ગઈ હતી. તેથી જ હું આ શો કરવા માગતી હતી, કારણ કે હું એવી વસ્તુઓ કરવાનો પ્રયાસ કરવા માગુ છું જે કાં તો મને ઉપર લઈ જાય અથવા મને નીચે લઈ જાય. તે સમયે ઘણા લોકોએ મને આ શો ન કરવાની ચેતવણી આપી હતી.' પૂજાએ વધુમાં ઉમેર્યું હતું કે તે લાંબા સમયથી બિગ બોસની ફેન છે અને તેમણે શોની ગત સીઝનને પણ ફોલો કરી છે. વાતચીત દરમિયાન પૂજાએ કહ્યું, 'સાચું કહું તો હું પોતે આશ્ચર્યચકિત થઈ ગઈ કે મારા પિતાએ મને આ શો કરવા માટે પ્રેરિત કરી હતી. આ સાથે મારા મિત્ર દીપક તિજોરીએ પણ મને સલાહ આપી હતી કે તમારે આ અનુભવ કરવો જ જોઈએ.

# ઇમરાન ખાને ફિલ્મ લકની થ્રો-બેક તસવીર શેર કરી

। મુંબઈ, તા.૧૮ ।



આમિર ખાનનો ભત્રીજો અને એક્ટર ઈમરાન ખાન આજકાલ ઈન્ડસ્ટ્રીમાં પોતાના કમબેકના સમાચારોને કારણે ચર્ચામાં છે. આ દરમિયાન ઈમરાન ફરી એકવાર સોશિયલ મીડિયા પર એક્ટિવ થઈ ગયો છે. ઍક્ટરે કમબેકનો સંકેત આપ્યા પછી, અભિનેતાએ બુધવારે તેની ૧૪ વર્ષ જૂની ફિલ્મ લકના સેટ પ રથી તસવીરો શેર કરી. આ દરમિયાન તેણે શૂટિંગ સાથે જોડાયેલી ખતરનાક વાતો પણ કહી છે. તસવીરો શેર કરતાં ઈમરાને ખુલાસો કર્યો કે, ફિલ્મના એક સીનનું શૂટિંગ કરતી વખતે પોપચા બળી ગયા હતા કારણ કે તે અસલી આગ સાથે શૂટિંગ કરી રહ્યો હતો. ઈમરાને એ પણ જણાવ્યું કે તે અસલી એરક્રાફ્ટ પર લટકી રહ્યો હતો. અસલીમાં ઈમરાને લકના સેટ પરથી કેટલીક મ્જી તસવીરો શેર કરી હતી. એક તસવીરમાં અભિનેતા આગની વચ્ચે છત્રી લઈને ઊભો જોવા મળ્યો હતો. બીજા અને ત્રીજા ફોટામાં તે સેસ્ના એરક્રાફટમાં એક્શન સીન શૂટ કરતો જોવા મળે છે. પોતાની ફિલ્મનો ઉલ્લેખ કરતા ઈમરાને લખ્યું, નસીબની વાત કરીએ તો મને આ જૂની તસવીરો મળી અને મને લાગ્યું કે તેને શેર કરવી રસપ્રદ રહેશે. હા, આ અસલી આગ છે. છત્રીએ મને સૂર્ય પ્રકાશથી બચાવ્યો હતો. પરંતુ જ્વાળાઓથી નહીં. અસલીમાં એક ટેક દરમિયાન મારા પોપચા બળી ગયા હતા. જ્યારે જ્વાળાઓ મારી ખૂબ નજીક આવી હતી. ઈમરાને વધુમાં લખ્યું, 'હા હું ખરેખર ઉડતા સેસના એરક્રાફ્ટના બહારના ભાગ સાથે જોડાયેલો હતો.

### પરમ લોક વિજ્ઞાન કેન્દ્ર અને જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, ભરૂચ દ્વારા

# આગામી તા.૨૪ ઓગસ્ટના રોજ જિલ્લા કક્ષાની રૂરલ આઇ. ટી. ક્વીઝ સ્પર્ધા યોજાશે

। કેતન મહેતા ભરૂચ, તા.૧૮ ।

દર વર્ષે ટાટા કન્સલ્ટનસી સર્વીસ, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ કર્ણાટક સરકારના આઈ. ટી. વિભાગ અને બી. ટી. વિભાગના સહયોગથી રૂરલ આઈ. ટી. ક્વીઝનું આયોજન કરવામાં આવે છે.આ ક્વીઝનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ્ય શાળાના વિદ્યાર્થીઓને ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિશે જાગૃત કરવાનો છે. આ ક્વીઝમાં ગ્રામ્ય વિસ્તારની શાળામાં અભ્યાસ કરતાં ધોરણ ૮ થી ૧૦ ના વિધ્યાર્થીઓ ભાગ લઈ શકશે.

રજિસ્ટ્રેશન તારીખ ૨૨ ઓગષ્ટ સુધી કરી શકાશે.પરમ લોક વિજ્ઞાન કેન્દ્ર- જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, ભરૂચ ધ્વારા જિલ્લા કક્ષાની સ્પર્ધા તા. ૨૪ ઓગષ્ટ ૨૦૨૩ ને ગુરુવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે તપોવન સંસ્કાર કેન્દ્ર,




નિલકંઠેશ્વર મહાદેવ રોડ, ઝાડેશ્વર ખાતે યોજવામાં આવનાર છે. જિલ્લા કક્ષાએ પસંદ પામેલ ૧૫ વિદ્યાર્થીઓ આગામી તા.૧૫ સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ યોજવામાં આવેલ રાજ્ય કક્ષાની રૂરલ આઈ. ટી. ક્વીઝમાં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. વધુ માહિતી માટે કો-ઓર્ડીનેટર કેશાબેન પ્રજાપતિ (મો.૭૯૯૦૫૦૩૨૩૯) પર સંપર્ક કરવો.

# માંજલપુરની દિવ્યાંગ ધ્રુવી પટેલને મળી ૧૨,૦૦૦ની નોકરી



। વડોદરા, તા.૧૮ ।

વડોદરા શહેરમાં મહિલાઓ માટે રોજગાર ભરતી મેળો યોજાયો હતો. આ મેળામાં ઘણા ઉમેદવારો નોકરી મેળવવાની આશાએ ઉપસ્થિત રહ્યા હતા જેમાં માંજલપુરની ૨૨ વર્ષીય ધ્રુવી પટેલ કે જે સાંભળી કે બોલી શકતી નથી એ પણ હાજર રહી હતી.

ધ્રુવી એ ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ કર્યા પછી આઈ. ટી. આઈ. માં કોપા નો ૧ વર્ષીય કોર્સ કર્યો હતો. ધ્રુવીએ કયારેય હાર નહોતી માની તેના પરિણામ સ્વરૂપ એને માણેજા સ્થિત સ્કેફલર ઈન્ડિયા લિમિટેડ કમ્પનીમાં રૂ. ૧૨,૦૦૦ ની નોકરી મળી છે જેથી તે હવે તેના દરેક સપનાં સાકાર કરવા સક્ષમ અને પૂર્ણ આત્મવિશ્વાસ સાથે આત્મનિર્ભર પણ બની છે.

રોજગાર કચેરી વડોદરા તરફથી યોજાયેલ દિવ્યાંગ ભરતી મેળા દરમ્યાન ધ્રુવી પટેલનું માણેજાની સ્કેફલર ઈન્ડિયા લિમિટેડ કંપની તરફથી ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યું હતું જેમાં એ કંપનીમાં નોકરી કરવા માટે ધ્રુવીની પસંદગી કરવામાં આવી હતી.



ધ્રુવી સામાન્ય કરતાં ઓછું બોલી કે સાંભળી શકે છે પરંતુ એને કંઈક કરવાની હોંશ હતી એટલે અમે બધી રીતે એને મદદ કરી અને રોજગાર કચેરી દ્વારા અમને ઘણી માહિતી મળી હતી જેના થકી આજે એને રૂ. ૧૨,૦૦૦ ની નોકરી મળી જે નાનીસૂની વાત નથી જ. નોકરી મળતાંની સાથે જ ધ્રુવીએ એની બંધ આંખોએ જોયેલું સપનું સાકાર થતું જોયું. આર્થિક ભીંસમાં પાછીપાની કરતા યુવાઓ માટે પ્રેરણારૂપ બનવું છે એમ ધ્રુવી પટેલે કહ્યું હતું. ધ્રુવી હવે બહુ જ ખુશ છે હવે એ ગર્વભેર સમાજમાં રહી શકશે અને એ માટે અમે સરકારનો દિલથી આભાર માનીએ છીએ એમ ધ્રુવી જોડે આવેલ વાલીએ ધ્રુવી વતી એની લાગણી વ્યક્ત કરી હતી.

### ઝાલોદ નગરના બાંસવાડા રોડ પર

# એસ.બી.આઇ બેંકની સામે ખાડામાં કામચલાઉ રીતે મેટલ નાંખતા અવારનવાર અકસ્માતના બનતા બનાવો

**આ રોડ પર કેટલીય વાર ખાડામાં પટકાઈ અકસ્માતો તેમજ ગાડીના ટાયરો ફાટી જવાના બનાવો બનેલ છે**

। ઝાલોદ, તા.૧૮ ।

ઝાલોદ નગરમાં ખરાબ રોડ રસ્તાને લઈ દરેક વિસ્તારોના નગરજનો ત્રાસી ગયેલ છે. કોઈ પણ વિસ્તારમાં રસ્તાઓ સારા નથી અને રસ્તાની હાલત અતિ દયનીય છે. ખરાબ તૂટેલા રસ્તાઓ અને ખાડાઓને લઈ કેટલીય વાર ગાડી પડી જવાના બનાવો , રસ્તામાં માટી આવી જતી હોવાથી ચોમાસામાં રોડ ચીકણો થઈ જતાં નાના નાના કેટલાય પડી જઈ ઈજા થવાના બનાવો બનેલ છે. થોડા દિવસો અગાઉ એક બાળકી જતી હતી તો ટ્રકના ટાયર થી પથ્થર ઉછળતા તે ઈજાગ્રસ્ત થયેલ હતી. તેમજ આવા અકસ્માત કેટલાય બને છે છતાય જવાબદાર તંત્રના પેટનું પાણી હલતું નથી. આવતા જતા વાહન લઈને નીકળતા લોકોના વાહનોના ટાયર ફાટી જવાના બનાવો, પંચર બની જવાના બનાવો તેમજ ખરાબ રસ્તાને લઈ અમુક લોકોને શારીરિક રીતે સ્વાસ્થ્યને લઈ સમસ્યાઓ વધતી જોવા મળેલ છે.

નગરના જાગૃત નાગરિક એવા અજય ભગત ઠુંઠી કંકાસીયા થી ગામડી ચોકડી વચ્ચે આવેલ પ્રભુતાપાર્ટી પ્લોટના બાંસવાડા રોડ પર ૧૪-૦૮-૨૦૨૩ ના રોજ પોતાનું ટુ વ્હીલર વાહન લઈ જતી વખતે વાહન સ્લીપ ખાઈ દસ ફૂટ સુધી વાહન ઘસડાઈ ગયેલ હતું અને વાહન પર સવાર બે વ્યક્તિઓ માંથી એક વ્યક્તિ જે વાહન ચલાવતા હતા તે અજય ભગતને ગંભીર ઈજાઓ થયેલ હતી. ગંભીર ઈજાઓ થતાં પગમાં ફ્રેકચર થઈ ગયેલ હતું જેને લઈ ડોક્ટર દ્વારા એક મહિનાના બેડ રેસ્ટની સલાહ આપી હતી અને વાહનની પાછળ બેસેલ વ્યક્તિને પણ ઈજાઓ થયેલ હતી. અજય ભગત દ્વારા અરજીમાં જણાવેલ મુજબ નગરપાલિકા દ્વારા રોડ રીપેરીંગ કે ખાડાઓ પૂરવામાં પાલિકા દ્વારા કોઈ પણ જાતના પેરામીટર જાળવવામાં આવેલ નથી તેમજ જાહેર જનતાની સુખાકારીની સરેઆમ ઉપેક્ષા કરવામાં આવી રહેલ છે તેવા આક્ષેપો નગરપાલિકાને અરજી કરી કરવામાં આવેલ છે. તેમજ આવા કેટલાય અકસ્માતો અહીંયાં બનતા રહેતા હોવાનું પણ જણાવેલ છે. આ અંગે સત્વરે જનતાના હિતમાં પગલાં લેવા નગરપાલિકાને એક અરજી દ્વારા માંગ કરવામાં આવેલ છે.

### ટ્રસ્ટ તરફથી ભોજન મફત અપાશે, તહેવારોમાં યોજાશે સાંસ્કૃતિક કાર્યક્રમ

# જસદણ નજીક ઘેલા સોમનાથમાં આખો શ્રાવણ માસ લોકમેળો, પ્રથમ વખત મોટા પાયે આયોજન

। હુસામુદ્દીન કપાસી જસદણ, તા.૧૮ ।

રાજકોટ જિલ્લાના જસદણ નજીક આવેલા સુપ્રસિધ્ધ ઘેલા સોમનાથ મંદિર ખાતે આ વર્ષે કલેક્ટર પ્રભવ જોશી દ્વારા શ્રાવણ માસ નિમિતે એક મહિના સુધી લોકમેળાનું સુંદર આયોજન કર્યુ છે. જેને આજે કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયા અને મંત્રી મુળુભાઈ બેરાએ આ લોક મેળાને ખુલ્લો મુક્યો હતો.

જસદણ નજીક ઘેલા સોમનાથ મહાદેવના મંદિર ખાતે દર વર્ષે મેળાનું આયોજન કરવામા આવે છે. પરંતુ આ વખતે કલેક્ટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ જસદણ પ્રાંત અધિકારી રાજેશ આલ દ્વારા મોટાપાયે સૌપ્રથમ વખત ભવ્ય લોકમેળાનું આયોજન કર્યુ છે. જેમાં યાંત્રિક રાઈડો, સ્ટોલ, ખાણી-પીણીના સ્ટોલ, રમકડાના સ્ટોલની જાહેર હરરાજી કરી આપવામા આવ્યા છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રભરમાંથી આવતા લોકો માટે અલગ પાર્કિંગ વ્યવસ્થા પણ ઉભી કરવામા આવી છે. આ લોક મેળાનું મંત્રી કુંવરજીભાઈ બાવળિયા અને મુળુભાઈ બેરાએ આજે ઉદ્દઘાટન કર્યુ છે. અને કલેક્ટર પ્રભવ જોશી, ડીડીઓ પ્રાંત અધિકારી સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા.



ઘેલા સોમનાથ ખાતે સતત એક મહિના સુધી લોકમેળો ચાલશે જેમાંથી અંદાજે ૩૦ લાખ જેટલી આવક થશે. ઘેલા સોમનાથ મંદિરના વિકાસ માટે વાપરવામાં આવશે. કલેક્ટર પ્રભવ જોશી દ્વારા માહિતી આપતા જણાવ્યું હતું. કે, ઘેલા સોમનાથ લોકમેળામાં સાતમ-આઠમ, રક્ષાબંધનના તહેવારો પર લોકડાયરો, સાંસ્કૃતિક કાર્યક્રમ અને સંતવાણી જેવા કાર્યક્રમો પણ રાખવામાં આવ્યા છે. જ્યારે ઘેલા સોમનાથ ટ્રસ્ટ દ્વારા ફ્રીમાં ભોજન વ્યવસ્થા પણ રાખવામાં આવી હોવાનું જણાવ્યું હતું

# વેણી મકાઈના પાકને ચાટી રહી છે

। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૮ ।

કૃષિ અને આદિવાસી સ્વરાજ સંગઠન ઝાલોદની માસિક બેઠક ઝલાઈ માતા મંદિર પ રિસરમાં યોજાઈ હતી. બેઠકમાં ૧૦ પુરૂષ અને ૯ મહિલા સદસ્યોએ ભાગ લીધો હતો. સભાના અધ્યક્ષ રાજુભાઈ સંગાડા, રમેશ ભાઈ/ બાલુભાઈ ડામોરે ગત સભાની કાર્યવાહીની ચર્ચા કરતા જણાવ્યું હતું કે, હાલમાં મકાઈ, સોયાબીન, કબૂતરો પીડિત છે. રોગો, પાક બગડી રહ્યો છે, તાલુકા કક્ષાએ જાણ કરવામાં આવશે, મીટીંગમાં વાગધરા સંસ્થાના બાબુલાલ ચૌધરીએ જણાવ્યું હતું કે આગામી માસમાં કુપડા બાંસવાડામાં સ્વરાજ સમાગમનું આયોજન થવા જઈ રહ્યું છે.જેને લઈને નિર્ણાયક ભૂમિકા ભજવશે. આ દરમિયાન સક્રિય સભ્યોની યાદી તૈયાર કરવામાં આવી હતી. માનસિંહ નિનામાએ લાઠીની પરંપરા વિશે વાત કરી ત્યારે હાજર સભ્યોએ જણાવ્યું કે અમારી જગ્યાએ ઘરના પાયા ભરવા અને પાકને નિંદામણ કરવા માટે લાળનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે સંસ્થાના પ્રમુખે જણાવ્યું હતું કે તમામના સહકારથી ૪૦ ખેડૂતોને મનરેગાની સુવિધા મળશે. ઓગસ્ટ મહિનામાં ફળદાયી રોપાઓ વાવવા માટે અરજી કરવામાં આવી છે. સંસ્થાના સભ્યો પોતાના સ્તરે સ્વરાજ સંગઠનના કાર્યક્ષેત્રમાં આવેલી ઉચ્ચ



માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી પડેલી જગ્યાઓ અંગે માહિતી આપશે અને બાળકોના ભવિષ્યને ધ્યાનમાં રાખીને કાર્ય યોજનાની સાથે ભાવિ વ્યૂહરચના પણ નક્કી કરવામાં આવશે. અને સંબંધિત વિભાગને જાણ કરવામાં આવશે જેથી બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી શકે સરકારી શાળાઓમાં શૌચાલયોની જર્જરિત હાલત અને પાણીની વ્યવસ્થાના અભાવે આ અંગે રણનીતિ નક્કી કરવામાં આવી હતી.

માસિક સભામાં શંકરભાઈ નિનામા, રાશુભાઈ કિશરી, બસંતા બેન ડામોર, વીણા બેન કિશોરી, મધુ બેન ભરીયા, ઈન્દુ બેન ગરાસીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ માહિતી બ્લોક ફેસિલિટેટર ઝાલોદના ગીરીશભાઈ પટેલે આપી હતી.

# જસદણમાં મનસુખભાઈ થડેશ્વરનું નિધન : સોમવારે બેસણું

। જસદણ, તા.૧૮ ।

પરજીયા સોની મનસુખ ભાઈ કરશન ભાઈ થડેશ્વર જસદણ તેઓ કરશનભાઈ આપાભાઈ થડેશ્વર નાં દીકરા તથા સ્વઃ રસિક ભાઈ તથા સ્વઃ સુરેશ ભાઈ નાં નાના ભાઈ સ્વઃ મુકેશ ભાઈ નાં મોટા ભાઈ તથા રસીલાબેન રતિલાલ ધકાણ મેંદરડા તથા રમાબેન ભગવાનજી ભાઈ (આરંભડા વાળા હાલ રાજકોટ) તથા અમિતાબેન અશોક કુમાર સાગર મહુવા સ્વઃ જ્યોતિ બેન પ્રવીણ ભાઈ લુહાર (કુકાવાવ વાળા હાલ રાજકોટ) રક્ષાબેન જનક ભાઈ સાગર (જેસર વાળા હાલ સુરત) નાં ભાઈ તથા નિલેશ ભાઈ અને ધવલ ભાઈ નાં પિતાશ્રી તથા ચાંદની બેન નીરજ કુમાર ગિરીશ ભાઈ ધાણક (જેતપુર વાળા હાલ રાજકોટ) તથા રેશમા બેન નીરજ કુમાર કમલ નયન ભાઈ ધાણક (લોટકા વડાળા વાળા હાલ બેહરીન) નાં પિતાશ્રી તથા નાનજીભાઈ પરસોતમભાઈ



સાગર (વેરાવળ વાળા હાલ દુબઈ)નાં જમાઈ તથા ભીખુ ભાઈ, દીપક ભાઈ તથા ઉમેશ ભાઈ નાં બનેવી ઉંમર વર્ષ ૬૭ તારીખ ૧૭-૮-૨૦૨૩ નાં ગુરુવાર નાં રોજ શ્રીજી ચરણ પામેલ છે સ્વઃ નું બેસણું ૨૧-૮-૨૦૨૩ સોમવાર નાં રોજ ગાયત્રી મંદિર જસદણ મુકામે સાંજે ૪ થી ૬ એસ. ટી ડેપો સામે ડોક્ટર રામાણી નાં દવાખાના સામે રાખેલ છે.

શોક સંદેશો વ્યકત કરવા માટે ધવલ ભાઈ મોઃ ૮૩૪૭૭ ૯૫૧૩૩

નિલેશભાઈ મોઃ ૯૭૨૫૪ ૫૫૪૮૩ સંપર્ક સાધવો.

# કરજણમાં ૨૦ નિવૃત્ત સેના જવાન, સ્વતંત્રતા સેનાનીના પરિજનોનું સન્માન કરવામાં આવ્યું

। વડોદરા, તા.૧૮ ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર દેશમાં ચાલી રહેલા મારી માટી, મારો દેશ અભિયાનનું આ ચરણ વડોદરા જિલ્લામાં અંતિમ તબક્કામાં પહોંચ્યું છે. આજે પાંચ તાલુકા મથકો પાદરા, શીનોર, સાવલી, વાઘોડિયા અને કરજણ ખાતે મારી માટી, મારા દેશના તાલુકા કક્ષાના કાર્યક્રમો યોજાયા હતા. જેમાં કરજણ ખાતે ધારાસભ્ય શ્રી અક્ષયભાઈ પટેલ અને કલેક્ટર શ્રી અતુલ ગોર ઉપસ્થિત રહ્યા હતા. ઉક્ત મહાનુભાવ સાથે અગ્રણી શ્રી સતિષભાઈ પટેલ દ્વારા કરજણ તાલુકા પંચાયત પરિસરમાં નિર્માણ પામનારી વસુધા વાટિકામાં વૃ ક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સાથે આઝાદીના લડવૈયાઓને યશોચિત સન્માન આપવા માટે નિર્માણ કરવામાં આવેલા શીલાફલકમનું અનાવરણ પણ કરાયું હતું. સ્વતંત્રતાના સંગ્રામમાં કરજણ તાલુકામાં બનેલા એક પ્રસંગનું સ્મરણ કરતા ધારાસભ્ય શ્રી અક્ષયભાઈ પટેલે જણાવ્યું કે, કરજણમાં અંબાલાલ ગાંધી સહિતના સેનાનીઓ દ્વારા રેલ્વેના પાટા ઉખાડી નાખી અંગ્રેજોના સૈન્યની ટ્રેન આગળના વધી શકે એવું સાહસ કરવામાં આવ્યું હતું. આ



સૈન્ય આઝાદીના આંદોલનને કચડવા માટે જવાનું હતું. આજે આવા અનેક સેનાનીઓને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સન્માન આપવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યું કે, મારી માટી, મારો દેશ કાર્યક્રમ એ લોકોમાં સ્વતંત્રતાનું મહાત્મ્ય સ્થાપિત કરવાનો અવસર છે. એટલે જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાગરિકોમાંથી ગુલામીની માનસિક્તા ખત્મ કરવા પ્રણ લેવડાવે છે. વડોદરા જિલ્લામાં આ અભિયાનમાં નાગરિકોએ સ્વયંભૂ જોડાઈને સફળ બનાવ્યો છે. કલેક્ટર શ્રી અતુલ ગોરે મારી માટી, મારો દેશ અંતર્ગત કરજણ તાલુકા સેવા સદન ખાતે નિર્માણ પામનારી વસુધા વાટિકામાં રોપયેલા વૃક્ષોનું જતન કરવાનું આહ્વાન કરતા કહ્યું કે, પ્રકૃત્તિનું જતન કરવાની આપણા સૌની જવાબદારી છે.

### પલસાણા તાલુકા પંચાયત કચેરી ખાતે

# ‘મારી માટી, મારો દેશ’ અભિયાન અંતર્ગત તાલુકા કક્ષાની ઉજવણી કરવામાં આવી

**પદાધિકારીઓએ હાથમાં માટી લઈ રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે સામૂહિક પંચ પ્રણ પ્રતિજ્ઞા લીધી**

। સુરત, તા.૧૮ ।

‘આઝાદી કા અમૃત મહોત્સવ’ અભિયાન અંતર્ગત માતૃભૂમિના વીરોને વંદન અને દેશની માટીને નમનની થીમ પર કેન્દ્ર અને રાજ્યવ્યાપી ‘મારી માટી,મારો દેશ’ અભિયાન ચાલી રહ્યું છે. ત્યારે સુરત જિલ્લાના પલસાણા તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા પંચાયત પ્રમુખ વૈશાલીબેન પટેલની અધ્યક્ષતામાં ‘મારી માટી, મારો દેશ’ તાલુકા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે પલસાણા પોલીસ સ્ટેશન દ્વારા આયોજીત તિરંગાયાત્રામાં પોલીસ જવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખે જણાવ્યું હતું કે, દેશની આઝાદી માટે પોતાના પ્રાણોની આહુતી આપનારા વીર જવાનોને સાચા અર્થમાં શ્રધ્ધાંજલિ અર્પવા માટે મારી માટી મારો દેશ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જે અંતર્ગત શહીદ થનારા વીર અને તેમનાં બલિદાનને યાદ કરીને રાજય અને રાષ્ટ્રને અગ્રેસર બનાવવાનો અનુરોધ તેમણે કર્યો હતો.

આ અવસરે પાંચ થીમ આધારિત ઉજવણી હેઠળ શિલાફલકમનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ સાથે હાથમાં માટી સાથે વિકસિત દેશ માટે પુરુષાર્થ કરવા, ગુલામીની માનસિકતા નાબૂદ કરવા, ભવ્ય વારસાના ગૌરવનું જતન કરવા, રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે કાર્ય કરવા, રાષ્ટ્ર પ્રત્યેની ફરજો પાળવાની સામૂહિક પંચ પ્રતિજ્ઞા લીધી હતી. સાથે સેલ્ફી, વૃક્ષારોપણ અને અંતમાં રાષ્ટ્રગાન સાથે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારા અધીરો તથા જિદ્દી સ્વભાવ પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો ખાસ કરીને પાર્ટીમાં કેમ કે ત્યાં આ સ્વભાવ મૂડ બગાડી શકે છે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે. ઊંડી લાગણી ધરાવતા પ્રેમનો અત્યાનંદ તમે આજે અનુભવશો. તેના માટે થોડો સમય ફાળવો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે. આજ નો દિવસ પ્રેમ ના રંગો માં ડૂબી જશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે. પૈસા ની બાબત માં તમારે પરિવાર ના બધા સભ્યો ને સ્પષ્ટ રહેવા ની સલાહ આપવી જોઈએ. તમે તમારા સમય ને તમારા હૃદય ની નજીક ના લોકો સાથે વિતાવવા નું અનુભવો છો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. નાણાંપ્રવાહમાં વધારો મહત્વની ખરીદી કરવી તમારી માટે આસાન બનાવશે. મિત્રો સાથેની પ્રવૃત્તિઓ માણવાલાયક હશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. તમારૂં સ્મિત તમારા પ્રિયપાત્રની ખુશા માટેની અકસીર દવા છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે અન્યોની જરૂરિયાત તમારી ઈચ્છામાં હસ્તક્ષેપ કરશે આથી પોતાનું ધ્યાન રાખો-તમારી લાગણીઓને દબાવો નહીં અને હળવાશ અનુભવવા માટે તમને જે ક્રમમાં ચીજો કરવી ગમે છે તેમ કરો. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. આજે તમારા માતા-પિતા તમારા જીવનસાથીને કોઈક ખરેખર અદભુત આશીર્વાદ આપશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે આજે તમારા સ્વાસ્થ્ય વિશે ચિંતા કરવાની જરૂર નથી. તમારી આસપાસના લોકો તમારું મનોબળ તથા જુસ્સો વધારશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? બાળકો શાળાને લગતા પ્રૉજેક્ટ્સ વિશે સલાહ માગી શકે છે. તમારૂં પ્રેમ જીવન આયુષ્યભરના બંધનમાં પરિણમશે અને લગ્નનો પ્રસ્તાવ મળશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. કેટલાક માટે નવો રૉમાન્સ તેમનો ઉત્સાહ વધારશે તથા તેમને ખુશખુશાલ મિજાજમાં રાખશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારો ગુસ્સો કોઈકને વધુ મુશ્કેલીમાં મુકી દેશે. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? આજે ઘરના કેટલાક સંવેદનશીલ મુદ્દા ઉકેલવા તમારે તમારૂં બુદ્ધિચાર્તુય તથા ધાક અજમાવવાની જરૂર પડશે. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે.

## અમદાવાદ હાટ ખાતે કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયાએ 'રાખી મેળો' ખુલ્લો મૂક્યો

। અમદાવાદ, તા.૧૮ ।

ગુજરાત સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિભાગ તથા ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ. દ્વારા અમદાવાદ હાટ ખાતે 'રાખી મેળા'નું આયોજન કરવામાં આવ્યું છે. સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયાના હસ્તે રાખી મેળો ખુલ્લો મુકાયો હતો. આ પ્રસંગે અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમારની પણ ઉપસ્થિતિ રહ્યા હતા.

તા.૧૮મી ઓગસ્ટથી ૨૭ ઓગસ્ટ સુધી આ 'રાખી મેળા' શહેરીજનો માટે ખુલ્લો રહેશે. આ રાખી મેળામાં ૮૨ જેટલા સ્ટોલ પ્રદર્શન - સહ વેચાણ અર્થે તૈયાર કરાયા છે.

## વિશ્વ ફોટોગ્રાફી દિન:ઝી ટીવીના કલાકારો જીવનના મહત્વને કેપ્ચર કરવાના મહત્વ વિશે જણાવે છે



૧૯મી ઓગસ્ટના દિવસે વિશ્વ ફોટોગ્રાફી દિનની ઉજવણી કરવામાં આવે છે, જેફોટોગ્રાફીના શોખીનોની સાથોસાથ જેઓ વિઝ્યુઅલ ઈમેજરીથી મોહિત થાય છે તેમના બંને માટે એક પ્રસંગ છે. આજે ફોટોગ્રાફીને સૌથી આકર્ષક કળામાંની એક ગણવામાં આવે છે અને આ દિવસ છે, જ્યારે આ ક્ષેત્રના શ્રેષ્ઠ સંશોધકો કેટલીક સામાન્ય વસ્તુઓને સૌથી અસામાન્ય રીતે કેપ્ચર કરવાનો હેતુ ધરાવે છે. આ ઉજવણીમાં સમગ્ર વિશ્વના પ્રોફેશનલ્સ જોડાય છે, ત્યારે ઝી ટીવીના કલાકારો જેવા કે, ભાગ્ય લક્ષ્મીનો મોહિત મલ્હોત્રા, કુંડલી ભાગ્યનો માનિત જૌરા, મીતનો સૈય્યદ રઝા અહમદ અને મૈત્રીની ભાવિકા ચૌધરી તેમના જીવનની ક્ષણોના કેપ્ચરીંગના મહત્વ વિશે ચર્ચા કરે છે.

મોહિત મલ્હોત્રા, જે ઝી ટીવીના ભાગ્ય લક્ષ્મીમાં વિક્રાંતનું પાત્ર કરી રહ્યો છે તે કહે છે, "આજે, વિશ્વ ફોટોગ્રાફી દિન નિમિતે, હું એટલું જ કહીશ કે, કેટલીક શ્રેષ્ઠ ક્ષણોને એક કેમેરાથી કેપ્ચર કરવીએ જાદુથી કંઈ ઓછું નથી. ફોટોગ્રાફીએ ફક્ત કળા નથી, પણ તેમાં લાગણી, અનુભવ અને વાર્તા બધું જ એક જ ફ્રેમમાં જોવા મળે છે. મને લાગે છે કે, ફોટોગ્રાફીએ મને એક અલગ જ દ્રષ્ટિકોણ આપે છે, મારા માટે આ એક શોખ નથી પણ કંઈક શોધવાનો પ્રવાસ છે. મારા માટે કોઈની સાથે પિક્ચર શેર કરવાનો અર્થ છે, મારા વિશ્વનો એક ભાગ વહેંચવો. તો, એ બધા જ ફોટોગ્રાફર માટે છે, જેઓ તેમની દરેક ક્લિકની સાથે સુંદરતા, લાગણી અને વાર્તાને કેપ્ચર કરે છે. ચાલો આપણે પણ એક ફોટોગ્રાફ દ્વારા યાદોંના કેનવાસ પર પેઈન્ટિંગ કરીએ.

## રોટરી ક્લબ ઓફ અમદાવાદ વેસ્ટે ગવર્મેન્ટ પોલિટેનિકમાં સ્વતંત્રતા દિવસ પર ૩૦૦થી વધુ વૃક્ષો રોપી શહિદ વન તૈયાર કરાયું



૧૫ ઓગસ્ટના ખાસ દિવસ નિમિત્તે રોટરી ક્લબ ઓફ અમદાવાદ વેસ્ટ દ્વારા વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોય છે. ત્યારે ફરી એકવાર પ્રેરણારુપ મેસેજ આપવા માટે ગવર્મેન્ટ પોલિટેકનિક, આંબાવાડી, અમદાવાદ ખાતે ૩૦૦થી વધુ વૃક્ષો રોપીને શહિદ વન તૈયાર કરવામાં આવ્યું છે. એટલું જ નહીં સૌથી અગત્યની વાત એ પણ છે કે, દેશના વિવિધ રાજ્યોના સ્વાતંત્ર્ય સેનાનીઓ કે જેઓ શહીદ અને અમર છે ત્યારે આ દરેક વૃક્ષને ફ્રીડમ ફાઈટરનું નામ આપ વામાં આવ્યું છે. ૫ ઓગસ્ટના દિવસે અખંડ ભારતનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

આ ખાસ પ્રસંગે રોટરી ક્લબ ઓફ અમદાવાદ વેસ્ટના રોટ્રીયન શ્રી રાજેન્દ્ર નાગર, પ્રેસિડેન્ટ તથા રોટ્રીયન શ્રી પ્રણવ પંડ્યા સેક્રેટરી તથા પ્રોફેસર શ્રી ભાસ્કર જે ઐયર, પ્રિન્સિપાલ, ગવર્મેન્ટ પોલિટેકનિક કોલેજ સહીતના વિવિધ મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. અર્બન ફોરેસ્ટ માટે લેઆઉટ, સિલેક્શન જાણીતા એવા હિમાલી સરવૈયા, ઓ.એલ. ગ્રીન ફાઉન્ડેશન દ્વારા તૈયાર કરાયું હતું. આ સિવાય સંસ્થા સાથે જોડાયેલા અન્ય વોલેન્ટીયર્સ તેમજ યુવાનો હાજર રહ્યા હતા.

## દિવ્યપથ શાળાની વિદ્યાર્થિની અને વાહ એવોર્ડ વિજેતા આયુષી રાવલ ને યુનિવર્સિટી ઓફ વિસ્કોન્સિન દ્વારા પીએચડી માટે નિમંત્રણ



દિવ્યપથ માંથી ધોરણ ૧૨ સાયન્સ પાસ કર્યા બાદ આયુષી એ પોતાની મહત્વાકાંક્ષાને પરિપૂર્ણ કરવા અને વૈજ્ઞાનિક જિજ્ઞાસાઓને સંતોષવા ગુજરાત, અમદાવાદ ની એલ. ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગ માંથી અંડરગ્રેજ્યુએટ ડિગ્રી તરીકે બાયોમેડિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરવાનું પસંદ કર્યું.

એક વાર, કૉલેજથી મુસાફરી કરતી વખતે, એક માર્ગ અકસ્માત એણે જોયો જેમાં એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો હતો અને ખૂબ લોહી વહી રહ્યું હતું. એમ્બ્યુલન્સને સ્થળ પર પહોંચવામાં ૨૦ મિનિટનો સમય લાગ્યો અને આ ઘટનાએ આયુષી ને ખૂબ અસર કરી. આ અવલોકન થી સેલ બાયોલોજીમાં એની રુચિ વધી. અને આઘાતજનક રક્તસ્રાવની સ્થિતિ માટે હેમોસ્ટેટિક ઘા ડ્રેસિંગ પરના એના એન્જિનિયરિંગ ઈનોવેશન પ્રોજેક્ટનો એક ભાગ બની ગઈ.

આ પ્રોજેક્ટને ગુજરાત સરકારની સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી **(SSIP)** તરફથી પ્રોટોટાઈપ ડેવલપમેન્ટ માટે ગ્રાન્ટ અને ફાર્માકોલોજી વિભાગ, **LM** કોલેજ ઓફ ફાર્મસી, ભારત સાથે સંશોધન સહયોગ પ્રાપ્ત થયો છે.

## જિલ્લા કલેક્ટરશ્રી ડો.જીન્સી રોયના અધ્યક્ષપદે જિલ્લા સંકલન-ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ




। બોટાદ, તા.૧૮ ।

બોટાદ જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. જીન્સી રોયનાં અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન વ ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લા કલેક્ટરશ્રીએ પ્રજાકીય પ્રશ્નોનાં સમયસર, ઝડપી અને સુચારુ ઉકેલ લાવવા અનુરોધ કર્યો હતો. આ બેઠકમાં બાકી સરકારી લેણાની વસુલાત, પેન્શનના કેસોનો નિકાલ, આર.ટી.આઈ. અંતર્ગત આવેલ અરજીઓનો નિકાલ કરવાની સાથોસાથ ગ્રામ્ય અને તાલુકાકક્ષાએ આવેલ સ્વાગત કાર્યક્રમની અરજીઓનો સત્વરે સકારાત્મક નિકાલ લાવવા તેમજ આવી અરજીઓનો સ્થાનિકકક્ષાએ નિકાલ થઈ શકે તેમ ન હોય તો જ તેવી અરજીઓને જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં લાવવા સુચનો કર્યા હતાં. કલેક્ટરશ્રીએ બાળકો અને યુવાનોમાં રહેલાં કલા-કૌશલ્યને ઉજાગર કરવાના હેતુસર પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર યોજનામાં સમાવિષ્ઠ રમતગમત, પર્યાવરણ, સાંસ્કૃતિકક્ષેત્રમાં વિશિષ્ટ પ્રતિભા ધરાવતાં ૧૮ વર્ષ સુધીના યુવાનોની નોંધણી જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રીના સંકલનમાં રહીને ઓનલાઇન પોર્ટલ પર કરવા જરૂરી સુચનો સાથે માર્ગદર્શન પુરું પાડ્યું હતુ. અધિક નિવાસી કલેક્ટરશ્રી મુકેશ પરમારે સમગ્ર બેઠકનું સંચાલન કર્યું હતું.

બોટાદ જિલ્લા કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે યોજાયેલી બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી અક્ષય બુદાણીયા, પોલીસ અધિક્ષકશ્રી કે.એફ.બલોલિયા, નાયબ વન સંરક્ષકશ્રી આયુષ વર્મા, જિલ્લા પૂરવઠા અધિકારીશ્રી, ઈન્ચાર્જ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી, જિલ્લા આયોજન અધિકારીશ્રી સહિત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## વરુણ ધવનએ EatFitના સહયોગથી પોતાની સૌપ્રથમ રેસ્ટોરન્ટ Dil Se EatFit અમદાવાદ શહેરમાં ખોલી

। અમદાવાદ, તા.૧૮ ।

ભારતની અનેક સૌથી મોટી તંદુરસ્ત ફૂડ પ્લેટફોર્મમાંની એક એવી ક્યોરફૂડ્સ ગૃહની **EatFit**એ અમદાવાદના હૃદયસમા ભાગ એવા પંચવટી સિગ્નલ પાસે સીજી રોડ પર સૌપ્રથમ ઓફલાઈન રેસ્ટોરન્ટ **DilSe EatFit** ખુલ્લી મુકીને રોમાંચક સિદ્ધિની ઉજવણી કરી હતી. આ લોન્ચ એક ભવ્ય ઘટના બની હતી કેમ કે પ્રભાવી વ્યક્તિત્વ ધરાવતા બોલુવુડના અભિનેતા વરુણ ધવને પણ હાજરી આપી હતી એટલુ જ નહી તે સહ માલિક પણ છે અને ઈટફીટના બ્રાન્ડ એમ્બેસેડર પણ છે. તેના અભિનેતે લગતા સ્પર્શ અને ખુશીએ લોન્ચ સમયે ૧૦૦૦ વધુ પ્રેક્ષકોને આકર્ષ્યા હતા, જેમને બાદમાં **EatFit** દ્વારા ડિઝાઈન કરાયેલ પોષણયુક્ત ફૂડ પેલેટ પીરસવામાં આવી હતી.




ક્યોરફૂડ્સ દ્વારા **'DilSe EatFit'** એ કંપનીની ભારતીયો માટે તંદુરસ્ત ખાણાને પુનઃવ્યાખ્યાયિત કરવાની પ્રતિબદ્ધતા છે. બ્રાન્ડનો ઓનલાઈન ક્લાઉડ-કિચન બાદ ઓફલાઈન ક્ષેત્રે પ્રવેશ દ્વારા તે શોખીનોને ભૂલી ન શખાય તેવો ડાઈનીંગ અનુભવ પૂરો પાડવા માગે છે જેમાં આરોગ્ય અને સામેલગીરી એક સાથે સ્થાન ધરાવે છે. આ લોચ સાથે બ્રાન્ડે અમદાવાદમાં એવા ગ્રાહકો માટે દ્વાર ખોલ્યા છે જેઓ તંદુરસ્ત અને ભપકાદાર ડાઈનીંગ અનુભવ કરવા માગે છે.

લૉન્ચમાં ચમકદાર અને ગ્લેમરનો ઉમેરો કરીને, બૉલિવુડ સ્ટાર અને **EatFit**ના સહ-ઓનવર - વરુણ ધવન આ પ્રસંગને આકર્ષિત કરતી વખતે દરેકની નજરમાં રહ્યા હતા. વરુણે ક્યોરફૂડ્સના સ્થાપક અંકિત નાગોરી સાથે, રિબન કાપવાની સમારંભ સાથે ઈવેન્ટની શરૂઆત કરી હતી, જે ઑફલાઈન રેસ્ટોરન્ટના સત્તાવાર ઉદઘાટનનું પ્રતીક હતું. સ્ટોરની અંદર, વરુણ પ્રભાવકો સાથે સંકળાયેલા હતા, અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર એક આકર્ષક બઝનું સર્જન કર્યુ હતુ. પ્રભાવકો સાથેની તેમની ક્રિયાપ્રતિક્રિયા એ સુનિશ્ચિત કરે છે કે તેમના અનુયાયીઓને ઈવેન્ટની વિશિષ્ટ ઝલક જોવા માટે માનવામાં આવે છે, જે ઉત્તેજના અને અપેક્ષા પેદા કરે છે.

## જાપાનની વીમા કંપની ડાઇ-ઇચી લાઈફ હોલ્ડિંગ ઇક્.ની મદદથી રિન્યુબાયએ સિરીઝ ડી ફંડિંગ રાઉન્ડમાં ૪૦ મિલિયન અમેરિકન ડોલર એકત્ર કર્યા

। નવી દિલ્હી, તા.૧૮ ।

ઈન્શ્યોરટેક જાયન્ટ રિન્યુબાયે જાપાનની અગ્રણી વીમા કંપની ડાઈ-ઈચી લાઈફ હોલ્ડિંગ્સ ઈક્.થી સીરિઝ ડી ફંડિંગ રાઉન્ડમાં ૪૦ મિલિયન અમેરિકી ડોલર એકત્ર કરવાનું પૂર્ણ કર્યું છે. આ સમય કંપનીની હાલની સ્થિતિ સિરીઝ ડી ફંડ રાઉન્ડનો એક ભાગ છે, જે અન્ય કેટલાક મુખ્ય રોકાણકારોનું ધ્યાન આકર્ષિત કરવામાં સફળ રહ્યું છે અને ટૂંક સમયમાં પૂરું થવાની આશા છે.

રિન્યુબાય અગ્રણી ટેક્નોલોજીનો ઉપયોગ સમગ્ર જીવન, આરોગ્ય અને મોટર વીમામાં ૧,૦૦,૦૦૦થી વધુ વીમા સલાહકારો દ્વારા કરવામાં આવે છે જ્યાં તેઓ તેમના ગ્રાહકો માટે પારદર્શક રીતે સ્થળ પર ઉત્પાદન સુવિધાઓ, કિંમત અને ઈશ્યૂ પોલિસીની તુલના કરી શકે છે. કંપની સરળ ડિજિટલ અનુભવ આપવા માટે ૪૦ થી વધુ વીમા કંપનીઓ સાથે કામ કરે છે અને હવે તેના ૫ મિલિયનથી વધુ ગ્રાહકો છે. રિન્યુબાય ૧૫૦૦ શહેરોમાં તેની વ્યાપક ડિસ્ટ્રિબ્યુશન ફ્રેંચાઈઝને જોતાં બજારમાં અલગ છે.

પહેલેથી જ કંપનીનો ૭૦% વ્યવસાય ટાયર ૩,૪,૫ બજારોમાંથી આવે છે. રિન્યુબાય પાસે આ બજારો માટે આરોગ્ય અને જીવન ઉકેલો માટે ટેલર મેડ પેકેજો પણ છે. (તાજેતરમાં હસ્તગત) આર્ટિવેટિક AIના ટેક એકીકરણ સાથે રિન્યુબાયએ તેની વર્તમાન પોલિસી ડિલિવરી અને સર્વિસિંગ ક્ષમતાઓમાં નોંધપાત્ર સુધારો કર્યો છે અને વધારો કર્યો છે.

### ન્યુઝ બોક્ષ

## દિલ્હી-પુણે વિસ્તારાની ફ્લાઈટમાં બોમ્બની માહિતી મળતાં પ્રવાસીઓને ઊતારી લેવાયા

। નવી દિલ્હી, તા.૧૮ ।

દિલ્હી એરપોર્ટ પર દિલ્હી-પુણે વિસ્તારાની ફ્લાઈટમાં બોમ્બ હોવાની માહિતી મળતાં જ સિક્યોરિટી એજન્સી દોડતી થઈ હતી. પ્રવાસીઓ અને તેમના લગેજને સુરક્ષિત રીકે ઉતારી લેવામાં આવ્યા હતા. જીએમઆર કોલ સેન્ટરને ફ્લાઈટમાં બોમ્બ હોવાનો કોલ મળ્યો હતો. બોમ્બની અફવા બાદ એરપોર્ટ પર આઈસોલેશન બે ખાતે એરક્રાફ્ટનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને ફ્લાઈટમાંથી કોઈ પણ શંકાસ્પદ વસ્તુઓ નહોતી મળી આવી. સીઆઈએસએફઅને દિલ્હી પોલીસના વરિષ્ઠ અધિકારીઓએ આ સમાચારની પુષ્ટિ કરી છે. દિલ્હી એરપોર્ટ પર દિલ્હી-પુણે વિસ્તારા ફ્લાઈટમાં બોમ્બની ધમકી મળી હતી. એરપોર્ટ પર આઈસોલેશન બેમાં એરક્રાફ્ટની ઝીણવટપૂર્વક તપાસ કરવામાં આવી હતી અને તમામ મુસાફરોને તેમના સામાન સાથે સુરક્ષિત રીતે નીચે ઉતારી દેવામાં આવ્યા હતા. જીએમઆર કોલ સેન્ટરને ફ્લાઈટમાં બોમ્બની માહિતી આપતો કોલ આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આ પહેલાં વિસ્તારાની ફ્લાઈટમાં ગરમ પીણું ઢોળાઈ જતાં ૧૦ વર્ષની બાળકી ગંભીર રીતે દાઝી ગઈ હતી. આ ઘટના બાદ વિસ્તારા એરલાઈન્સ દ્વારા એક નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું અને જણાવવામાં આવ્યું હતું કે આ ઘટના ૧૧મી ઓગસ્ટના રોજ ફ્લાઈટ યુકે ૨૫માં બની હતી. દિલ્હી-ફ્રેન્કફર્ટ ફ્લાઈટમાં ૧૦ વર્ષની બાળકી પર ગરમ પીણું ઢોળાઈ જતાં તે દાઝી ગઈ હતી. બાળકીની સારવારનો સંપૂર્ણ ખર્ચ વિસ્તારા દ્વારા ઉઠાવવામાં આવશે. મળી રહેલી માહિતી પ્રમાણે ૧૦ વર્ષની આ બાળકી તેના માતા-પિતા સાથે મુસાફરી કરી રહી હતી. કંપનીએ આ બાબતે જણાવ્યું હતું કે અમારા કેબિન ક્રૂએ છોકરીના માતા-પિતાને વિનંતી પર ચોકલેટ આપી હતી અને કોઈ કારણસર આ ગરમ પાણી તેના પર પડ્યું. આ દુર્ઘટના બાદ અમારા ક્રૂ મેમ્બરે તરત જ બાળકીને ફર્સ્ટ એઈડ સારવાર આપી હતી.

### ભારતના ચૂંટણી આયોગ મોટો આદેશ

# તલાટીઓ અને મધ્યાહન ભોજન કર્મચારીઓ સહિત ૧૨ કેડરના કર્મચારીઓ સંભાળશે BLOની કામગીરી

### ૩ વર્ષ કે તેથી વધુ સમય જે શિક્ષકોએ બૂથ લેવલ ઓફિસર (BLO)ની કામગીરી કરી હોય તેમને આ કામમાંથી મુક્ત કરવા માટે ચૂંટણી આયોગનો આદેશ

। નવી દિલ્હી, તા.૧૮ ।

ચૂંટણી કામગીરીમાં રોકાયેલા **BLO (Booth Level Officer)** અંગે મોટા સમાચાર સામે આવ્યા છે. ચૂંટણી આયોગે બૂથ લેવલ ઓફિસરની કામગીરી અંગે સૂચના આપી છે. શિક્ષકો સહિત ૧૨ કેડરોને **BLO**ની કામગીરી સોંપવા આદેશ આપ્યો. તલાટી, મધ્યાન ભોજન, અન્ય કર્મીઓને કામ સોંપવા આદેશ કરાયો. સાથે જ ૩ વર્ષથી વધુ **BLO** કામગીરી કરનારને મુક્તિ આપવા આદેશ કરાયો. બુથ લેવલ ઓફિસરની નિમણુક અંગે ભારતના ચૂંટણી આયોગ, દિલ્હીની માર્ગદર્શન અને સૂચનાઓ મુજબ કાર્યવાહી કરવા આદેશ કરાયો છે. મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી તરફથી તમામ કલેક્ટર તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીને આદેશ અપાયા. બી.એલ.ઓ.ની કામગીરી શિક્ષકો ઉપરાંત અન્ય ૧૨ કેડર, જેમાં તલાટી, મધ્યાહન ભોજન તેમજ સ્થાનિક કર્મચારીઓ પાસેથી કરાવવા આદેશ કરાયો છે. સાથે જ શિક્ષકોને **BLO** ની કામગીરી ઓછામાં ઓછી આપવા સૂચના આપી. **BLO** ની નિમણુંક માટે માત્ર જિલ્લા તેમજ તાલુકા શિક્ષણ અધિકારી સિવાય તાલુકા તેમજ જિલ્લાની અન્ય કચેરીના અધિકારીઓ પાસેથી કર્મચારીઓની માહિતી પણ મેળવવાની રહેશે. ૩ વર્ષથી વધુ કામગીરી કરી હોય તેમને **BLO** ની કામગીરીમાંથી મુક્તિ આપવા તાત્કાલિક હુકમ કરાયા. **BLO** તરીકે અલગ અલગ કેડરના કેટલા કર્મચારીઓ ફરજ બજાવે છે, તેની માહિતી પણ મુખ્ય નિર્વાચન કચેરી તરફથી માંગવામાં આવી. ઉલ્લેખનીય છે કે, બુથ લેવલ ઓફિસરની નિમણુક અને કામગીરી માટે શિક્ષક સંગઠનો દ્વારા અન્ય ૧૩ કેડરને કામગીરી સોંપવા, શિક્ષકોને ઓછામાં ઓછા સૂચિત કરવા, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિકના શિક્ષકોને મુક્તિ આપવા, કામગીરી રોટેશન મુજબ આપવા, ભથ્થું વધારવા, ૫૦ વર્ષ કરતા વધુ ઉંમરના કર્મીઓને કામગીરી ના સોંપવા તેમજ **BLO** ની કામગીરી અન્ય એજન્સી તેમજ બેરોજગારો પાસેથી કરાવવા માગ કરાતી રહી છે. રાજ્યભરની ગ્રાન્ટ ઈન એઈડ સ્કૂલના સંચાલક સહિત શૈક્ષણિક - વહીવટી કર્મચારીઓ છઠ્ઠા તબક્કાનું આંદોલન શરૂ કરાયું છે. ગ્રાન્ટેડ સ્કૂલના સંચાલક, શિક્ષકો સહિત કર્મચારીઓના આંદોલનનો બીજો દિવસ છે. પડતર માંગણીઓ મામલે શિક્ષકો કાળા કપડાં પહેરી બાળકોને અભ્યાસ કરાવશે. કાજ્યની ૭ હજારથી વધુ ગ્રાન્ટેડ શાળાના ૬૦ હજાર કર્મચારીઓ સાતમા તબક્કાનું આંદોલન કરી રહ્યાં છે. ૨૪ ઓગસ્ટ સુધી કાળા કપડાં પહેરી પડતર માંગણીઓ અંગે વિરોધ નોંધાવવામાં આવશે.

### એરફોર્સે ૨૨૦ થી વધુ લોકોને બચાવ્યા

## હિમાચલમાં પહાડી તૂટવા લાગી, લોકો ઘર છોડીને ભાગવા લાગ્યા

### હિમાચલ પ્રદેશમાં વરસાદ અને ભૂસ્ખલનથી ભારે મુશ્કેલી સર્જાઈ છે : અત્યાર સુધીમાં ૩૩૦ લોકોના મોત

। શિમલા, તા.૧૮ ।



હિમાચલ પ્રદેશમાં વરસાદ અને ભૂસ્ખલનથી ભારે મુશ્કેલી સર્જાઈ છે. અત્યાર સુધીમાં ૩૩૦ લોકોના મોત થયા છે, જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે. ૧૩ ઓગસ્ટથી અત્યાર સુધીમાં ૭૪ લોકોએ અકસ્માતમાં જીવ ગુમાવ્યા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં અંદાજિત ૭,૭૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. શિમલામાં ભૂસ્ખલનમાં અત્યાર સુધીમાં ૧૫ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. જો કે હજુ પણ ૬ લોકો કાટમાળમાં દટાયા હોવાની આશંકા છે. વિસ્તારમાં રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. મંડી શહેરની પ્રખ્યાત તરણા ટેકરી હવે તુટી જવાના આરે પહોંચી ગઈ છે. આ ટેકરીમાં મોટી તિરાડો દેખાય છે. રસ્તાઓમાં મોટા ખાડાઓ જોવા મળી રહ્યા છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર નજીકમાં બનેલા મકાનો ગમે ત્યારે ધરાશાયી થઈ શકે છે. હિમાચલની સાથે સાથે ઉત્તરાખંડમાં પણ કુદરતની આ તબાહી આવી છે અને તેની અસર પંજાબ સુધી પહોંચી છે. આ રાજ્યોમાં **NDRF**ની ૩૦ ટીમો બચાવ કાર્યમાં લાગેલી છે. મંડી જિલ્લામાં ૧૩થી ૧૫ ઓગસ્ટ વચ્ચે પડેલા ભારે વરસાદને કારણે ભારે તારાજી સર્જાઈ છે.

### પ્રાઈવસીનું ઉલ્લંઘન વૈશ્વિક ચિંતાનો વિષય બની ગયો

## સુરક્ષાની ચિંતાને ધ્યાનમાં રાખીને લેપ ટોપની આયાત પર પ્રતિબંધ : ગોયલ

। નવી દિલ્હી, તા.૧૮ ।

પ્રાઈવસીનું ઉલ્લંઘન વૈશ્વિક ચિંતાનો વિષય બની ગયો છે, જેના કારણે અમેરિકા સહિત વિશ્વના તમામ વિકસિત દેશોએ પણ પોતાની ચિંતા વ્યક્ત કરી છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે ભારત સરકાર આ અંગે સતર્ક છે. ભારત વિરોધી દેશોથી ભારત સરકાર સતર્ક છે. એક કાર્યક્રમમાં કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે પણ હાજરી આપી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે લેપટોપની આયાત પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય સુરક્ષાની ચિંતાઓને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. સરકારના નિર્ણયને કારણે ભાવ કે તેની ઉપલબ્ધતામાં કોઈ સમસ્યા નહીં રહે. ભારત સરકાર ઉદ્યોગ સાથે જોડાણ કરવા અને અન્ય વિકલ્પો પર વિચાર કરવા તૈયાર છે. તેમણે કહ્યું કે આ એક ગંભીર સુરક્ષા મુદ્દો છે. ચીનના કારણે ભારતે પણ ટેસ્લા પર પ્રતિબંધ મૂક્યો હતો. અમે સુરક્ષાને લઈને ખૂબ જ સતર્ક છીએ. ભારતને તેના વિરોધીઓથી બચાવવા જરૂરી છે.

## શિક્ષિત ઉમેદવારને મતની અપીલ કરનારા શિક્ષકની હકાલપટ્ટી થઈ

। નવી દિલ્હી, તા.૧૮ ।

ઓનલાઈન એજ્યુકેશન પ્લેટફોર્મ અનકેડેમીએ કથિત રીતે વિદ્યાર્થીઓને શિક્ષિત ઉમેદવારોને મત આપવા અપીલ કરનાર એક શિક્ષકને કાઢી મુક્યા હતા. શિક્ષક કરણ સાંગવાને વિદ્યાર્થીઓને "શિક્ષિત ઉમેદવારો" ને મત આપવા અપીલ કરી. અનકેડેમીના આ નિર્ણયને લઈને સોશિયલ મીડિયા પર અલગ-અલગ પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. આ દરમિયાન દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલે શિક્ષકને નોકરીમાંથી કાઢી મૂકવાના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા છે. કરણ સાંગવાને પ્રવચન દરમિયાન કોઈનું નામ લીધા વગર વિદ્યાર્થીઓને અપીલ કરી હતી કે અભણ લોકોને સત્તાના હોદ્દા પર ન બેસાડવા અને આવનારી ચૂંટણીમાં સાક્ષર વ્યક્તિને મત આપો. એડ-ટેક કંપનીએ તેના નિવેદનમાં જણાવ્યું હતું કે કંપની શિક્ષકોને વર્ગખંડમાં તેમના અંગત મંતવ્યો શેર કરવાની મંજૂરી આપતી નથી. 'અનકેડેમીના કો-ફાઉન્ડર રોમન સૈનીનું કહેવું છે કે સાંગવાને કોન્ટ્રાક્ટનું ઉલ્લંઘન કર્યું છે, તેથી જ તેની હકાલપટ્ટી કરવામાં આવી છે. એક્સપર એક પોસ્ટમાં, દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે કહ્યું, "શું શિક્ષિત લોકોને મત આપવા માટે અપીલ કરવી ગુનો છે? જો કોઈ અભણ હોય તો હું તેને અંગત રીતે માન આપું છું. પરંતુ લોકપ્રતિનિધિઓ અભણ ન હોઈ શકે.

### બાળકોનો જન્મદર ચિંતાજનક રીતે ઘટી રહ્યો છે

## ઈંગ્લેન્ડ-વેલ્સમાં બાળકોનો જન્મદર સૌથી નીચા સ્તરે

। લંડન, તા.૧૮ ।

તમામ આધુનિક દેશોમાં બાળકોનો જન્મદર ચિંતાજનક રીતે ઘટી રહ્યો છે જેમાં યુકે પણ સામેલ છે. યુકેના ઈંગ્લેન્ડ અને વેલ્સમાં ગયા વર્ષે બાળકોનો જન્મદર છેલ્લા બે દાયકામાં સૌથી નીચા સ્તરે પહોંચી ગયો છે. જોકે, ભારત જેવા દેશોથી આવેલા લોકોએ ઉંચો જન્મદર જાળવી રાખ્યો છે. યુકેમાં જે બાળકોનો જન્મ થાય છે તેમાં માતા-પિતા બંને વિદેશમાં જન્મેલા હોય તેવા પરિવારો વધારે છે. એટલે કે યુકેની ડેમોગ્રાફીમાં પરિવર્તન આવી રહ્યું છે. ગયા વર્ષે યુકેમાં જે બાળકોનો જન્મ થયો તેમાંથી ૨૩ ટકા બાળકોના માતાપિતા બંને વિદેશી હતા. ૨૦૦૮માં આ પ્રમાણ ૧૭ ટકા જેટલું હતું. એક વર્ષ અગાઉ ૨૧ ટકા બાળકો એવા હતા જેના માતાપિતા બંને વિદેશમાં જન્મયા હતા. એટલે કે વિદેશથી આવેલા લોકોના કારણે જ યુકેમાં જન્મદરને ટેકો મળ્યો છે. તેના વગર યુકેની વસતીને મોટી અસર થાય તેમ છે. લેટેસ્ટ આંકડા દર્શાવે છે કે યુકે બહારની મહિલાઓએ વધારે બાળકોને જન્મ આપ્યો છે.

### વિરોધ કરવા આવી રહેલા ૫૦ની અટકાયત

# ઈમામ શાહ બાવા દરગાહનું નામ બદલીને હંસતેજજી મહારાજ ધામ કરાયું

### પોલીસે સલામતીને ધ્યાને લઇ મહેડાવ નજીકથી બસ સહિત ૫૦ લોકોને ડિટેઇન કર્યા

| અમદાવાદ, તા.૧૮ |

અમદાવાદની સીમમાં આવેલા પીરાણા દરગાહને મંદિરમાં રૂપાંતર કરવાને લઈ લોકો વિરોધ કરી રહ્યા છે. જેને લઈ સૈયદ ઈમામશાહ બાવાના વંશજોએ રૂપાંતરના વિરોધમાં આંદોલન જાહેર કર્યું હતું. આ તરફ હવે પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થાને ધ્યાને રાખી મહેડાવ નજીકથી ૫૦ લોકોને ડીટેઈન કર્યા છે. આ તમામ લોકો મહેડાવમાં મંદિરના વિરોધમાં આંદોલન કરતા હોવાનું સામે આવ્યા છે. જેને લઈ આજે પેટલાદથી અમદાવાદના પીરાણા જતી બસમાં સવાર તમામને પોલીસે અટકાવ્યા છે.

પીર ઈમામશાહ બાવાના મૃત્યુની પાંચ સદીઓ પછી જેમનું અમદાવાદની સીમમાં આવેલા પીરાણા ગામ ખાતેનું મંદિર હિન્દુ-મુસ્લિમ સાંપ્રદાયિક સૌહાર્દનું પ્રતીક છે. આ તરફ હવે તેમના હિન્દુ અનુયાયીઓએ સુફી સંત સદગુરુ હંસતેજ મહારાજનું નામકરણ કર્યું છે. પીરના વંશજો જેઓ સ્થાનિક સૈયદ સમુદાયના છે તેઓએ આ નામ બદલવાનો સખત વિરોધ કર્યો છે. પીરના વંશજોનું શું કહેવું છે ? ઈમામશાહ બાવાના વંશજોએ



કહ્યું કે આ તીર્થસ્થાનને ભગવા કરવાનો પ્રયાસ છે. જેના વિરોધમાં તેઓ શુક્રવારે બપોરે મંદિર પરિસરમાં અનિશ્ચિત ઉપવાસ શરૂ કરશે. ઈમામશાહ બાવા રોઝા સંસ્થાનના ત્રણ મુસ્લિમ ટ્રસ્ટીઓએ ગુરુવારે જિલ્લા કલેક્ટરને તેમના અનિશ્ચિત ઉપવાસની જાણ કરી અધિકારીઓના તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરી. આ ટ્રસ્ટીઓએ ઉપવાસ પર ઉતરેલા ૨૫ લોકો માટે સુરક્ષાની પણ માંગ કરી છે. બદલેલા નામનું બોર્ડ લાગ્યું અને પછી....

ઈમામશાહ બાવાના વંશજોએ કહ્યું કે ગવર્નર સહિત વિવિધ સત્તાવાળાઓને કરેલી રજૂઆતમાં કહ્યું કે, ટ્રસ્ટીઓએ હઝરત પીર ઈમામશાહ બાવાની દરગાહ (જેઓ ૧૬મી સદીની શરૂઆતમાં મૃત્યુ પામ્યા હતા) ને હિંદુ ધાર્મિક સ્થાનમાં રૂપાંતરિત કરવાના "પ્રયાસ" સામે વાંધો ઉઠાવ્યો છે. તેઓએ કહ્યું કે કેટલાક અસામાજિક તત્વોએ ૧૩ ઓગસ્ટના રોજ સમાધિ પર અને તેની આસપાસ દેવતાઓના પોસ્ટરો ચોંટાડ્યા હતા અને ૧૫ ઓગસ્ટે મંદિરની બહાર ૨૫ ફૂટનું હોર્ડિંગ લગાવ્યું હતું. આ હોર્ડિંગમાં 'ઓમ શ્રી સદગુરુ હંસતેજી મહારાજ અખંડ દિવ્યજ્યોતિ મંદિર' લખવામાં આવ્યું છે.

આ તરફ સંત માટે હિન્દુ નામ ધરાવતા હોર્ડિંગ્સ પર મંદિરના ટ્રસ્ટીઓમાંથી એક હર્ષદ પટેલે કહ્યું કે, આ સંતનું નામકરણ નથી. મુસ્લિમ ટ્રસ્ટીઓ આવો દાવો કરવામાં આવ્યો તે ખોટું છે.

### અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા

# 'માટીને નમન, વીરોને વંદન' થીમ અંતર્ગત શહેરનો અમૃત કળશ તૈયાર કરાવામાં આવ્યા

| અમદાવાદ, તા.૧૮ |

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આ વર્ષે માતૃભૂમિના વીરો અને માટીને વંદનની થીમ પર કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા 'મેરી માટી, મેરા દેશ' અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

અમદાવાદ જિલ્લામાં પણ 'મેરી માટી, મેરા દેશ' અભિયાનની ભવ્ય ઉજવણી થઈ રહી છે. આ અભિયાન અંતર્ગત જિલ્લામાં ગ્રામ પંચાયતથી લઈને મહાનગરના દરેક વોર્ડ ખાતે વીર શહીદોની યાદમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

અમદાવાદ શહેરના તમામ ૪૮ વોર્ડમાં 'મેરી માટી, મેરા દેશ' અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. સાથે સાથે 'માટીને નમન, વીરોને વંદન' થીમ પર શિલાફલકમનું નિર્માણ કરાયું હતું અને માટીના કળશ પણ તૈયાર કરવામાં આવ્યા હતા.

આજે પરિમલ ગાર્ડન ખાતે શહેરના સાતેય ઝોનમાંથી તૈયાર કરાયેલા માટીના કળશને એકત્ર કરી મહાનગરનો મુખ્ય એક 'અમૃત કળશ' તૈયાર કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત લોકોએ હાથમાં મુઠ્ઠીભર માટી લઈ પ્રતિજ્ઞા લીધી હતી અને સેલ્ફી લઈ વેબસાઈટ પર અપલોડ પણ કરી હતી. સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગોમાં રંગાઈ ગયું હતું.

આ પ્રસંગે શહેરના મેયર શ્રી કિરીટભાઈ પરમારે જણાવ્યું હતું કે, 'મેરી માટી, મેરા દેશ' અભિયાન અંતર્ગત શહેરના તમામ ૪૮ વોર્ડમાં







જનભાગીદારીથકીભવ્યઅનેયાદગારઉજવણી કરવામાં આવી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને પ્રજાના સહિયારા પ્રયાસથી ઠેર ઠેર રાષ્ટ્રભક્તિ છવાઈ.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી હર્ષદભાઈ પટેલ, સ્ટેન્ડિંગકમિટીનાચેરમેનશ્રીહિતેશભાઈ બારોટ, ડેપ્યૂટી મેયર શ્રીમતી ગીતાબહેન પટેલ તથા કોર્પોરેશનના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ અને વિવિધ ઝોનમાંથી લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### સાબરમતી નદીમાં વધતા પ્રદૂષણ મુદ્દે હાઇકોર્ટ આકરા પાણીએ

| અમદાવાદ, તા.૧૮ |

સાબરમતી નદીમાં વધતા પ્રદૂષણ મામલે હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. નદીમાં વધી રહેલા પ્રદૂષણ મામલે હાઈકોર્ટે આકરું વલણ આપનાવ્યું છે. કોર્ટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો ઉધડો લીધો હતો. કોર્ટે કહ્યું કે કોર્પોરેશન અને GPCB કોઈ કોંક્રિટ પગલાં લઈ રહ્યા નથી. કોઈ પ્લાનિંગ નથી, કોઈ રોડ મેપ નથી, કોઈ ટાઈમ લાઈન નથી. માત્ર સોગંદનામા નહીં હકીકતમાં દેખાય એવું કામ થવું જોઈએ. કોઈ વિઝન વગરની કામગીરી ચાલી શકે નહિ. તો હાઈકોર્ટે વધુમાં કહ્યું કે, મ્યુનિસિપલ કમિશનરનું વિઝન સ્પષ્ટ હોવું જોઈએ. તમારા પ્રશ્નોનું સમાધાન તમારે જ કરવાનું છે. તમારા પ્રહસનો બતાવીને કામગીરી ન બતાવો તે ચલાવી શકાય નહી. કોર્ટે કામગીરી મામલે અસંતોષ વ્યક્ત કરતા કહ્યું કે, તમે કોઈ કામગીરી નથી કરી એવું નથી પણ જે કર્યું છે એ પર્યાપ્ત નથી. જાહેર હિતમાં જે રીતે કામ થવું જોઈએ એ દેખાતું નથી.

### નવી કારની ચોરી કરનારા માસ્ટર માઈન્ડ ગેંગના બે આરોપી પકડાયા

| વલસાડ, તા.૧૮ |

વલસાડમાં નવી XUV કારની ચોરી કરનારા બે શખ્સો ઉમરગામ પોલીસના સકંજામાં આવી ગયા છે. પોલીસે બે આરોપીની પૂણા પાસેથી કાર સાથે ધરપકડ કરી હતી. શોરૂમમાં પાર્ક કરેલી કારની ચોરી કરવામાં માસ્ટર માઈન્ડ ગેંગના બે આરોપી ઝડપાયા છે. ઉમરગામના સંજાણમાં આવેલા શોરૂમમાંથી આરોપીઓએ XUV કારની ચોરી કરી હતી.કારની ચોરી કરનારા શખ્સો CCTVમાં કેદ થયા હતા. જ્યાં પોલીસે CCTVના આધારે તપાસ હાથ ધરી હતી અને આરોપીઓને પકડવામાં પોલીસને સફળતા મળી હતી. હજી કાર ચોરીમાં વધુ લોકોની સંડોવણી હોવાથી પોલીસે વધુ તપાસ તેજ કરી છે.

### ઇન્ચાર્જ સર્કલ ઓફિસર અને નિવૃત તલાટી લાંચ લેતા ઝડપાઈ ગયા

| બનાસકાંઠા, તા.૧૮ |

ડીસા મામલતદાર કચેરીના જનસેવા કચેરીના ઈન્ચાર્જ સર્કલ ઓફિસર સહિત નિવૃત તલાટી લાંચ લેતા ઝડપાયા છે. પાલનપુર ACBની ટીમે ઈન્ચાર્જ સર્કલ ઓફિસર રમેશ પ્રજાપતિ અને નિવૃત તલાટી દશરથ ત્રિવેદીને ૧૮,૦૦૦ રૂપિયાની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યા છે. અરજદારની જમીનમાં વારસાઈ કરવા તેમજ ભાઈઓના ભાગની જમીન છૂટી પાડવા તેમજ વેચાણ દસ્તાવેજોની પાડેલ કાચી નોંધ મંજૂર કરવા લાંચ માંગી હતી.

### પાડોશીએ બારીની જાળીમાં સ્પાય કેમેરા લગાવ્યા

# પાડોશીએ મહિલાના મકાનના બાથરૂમમાં સ્પાય કેમેરો લગાવ્યો

| ગીર-સોમનાથ, તા.૧૮ |

સીસીટીવી, સ્પાઈ કેમેરા જેવી આધુનિક ટેકનલોજીથી આજના સમયના અનેક લાભ છે, પરંતુ જ્યારે આવી ટેકનોલોજી શેતાની માનસિકતા વાળા ગુનેગાર ના હાથમાં આવે છે ત્યારે તે સમાજમાં ચારે તરફ અસુરક્ષાની પરિસ્થિતિ ઊભી કરે છે. આવો જ એક કિસ્સો સામે આવ્યો છે ગીર સોમનાથના વેરાવળમાંથી જ્યાં એક મહિલાના પોતાની માલિકીના ઘરમાં તેના પાડોશીએ લગાવેલ ગુપ્ત સ્પાય કેમેરા મળી આવતા સમગ્ર પરિવાર ચિંતામાં મુકાઈ અને પોલીસ સ્ટેશને દોડી ગયો હતો. હોટલ કે બહારના સ્થળો પર આ પ્રકારના સ્પાય કેમેરા મળી આવવાની ઘટના આપણે સૌએ સાંભળી છે પણ... પોતાની માલિકીના ઘરના બાથરૂમમાં સ્પાઈ કેમેરા હોવાનો ખ્યાલ તો કોઈને સપનામાં પણ ન આવે... ગીર સોમનાથના વડામથક વેરાવળના પોષ એરિયા ૮૦ ફુટ રોડ પર એક ખાનગી મકાનમાં તેના પાડોશીએ બારીની ઝાળી માં સ્પાય કેમેરા લગાવ્યો હતો. ઘરના સભ્ય જ્યારે બાથરૂમમાં ગયા ત્યારે નાનું એવું ડીવાઈઝ જોઈ તેઓને શંકા ગઈ, અને બાજુમાં જ્યાં પાડોશીના મકાનમાં જઈને જોયું તો સ્પાય કેમેરાની આખી હકિગત સામે આવી. આખો મામલો પોલીસ સ્ટેશને પહોચ્યો ત્યારે પોલીસે આરોપી યુવક ગોપાલ વણિક વિરુદ્ધ I.T એકટ ની કલમ ૬૬ (ઇ) તેમજ IPC ૩૫૪(ગ) મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે આ ઘટનાથી અમુક પ્રશ્નો પ્રસ્તુત થાય છે જેના જવાબ મેળવવા ખૂબ જરૂરી બને છે. ત્યારે આ યુવક આ પ્રકારના કારસ્તાન પહેલા પણ કરી ચૂક્યો છે કે કેમ મળી આવ્યા પેહલા યુવા કે સ્પાઈ કેમેરામાં શું રેકોર્ડ કર્યું હતું? યુવક પાસે સ્પાય કેમેરો ક્યાંથી આવ્યો?

# ભુનેશ શ્રીવાસ્તવ સહાયક સબ ઈન્સ્પેક્ટર આરપીએફ પોસ્ટ ભુજને ભારતીય પોલીસ મેડલની જાહેરાત કરાઈ

| અમદાવાદ, તા.૧૮ |

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળ ના ભુજ આરપીએફ પોસ્ટ પર કાર્યરત સહાયક સબ-ઈન્સ્પેક્ટર શ્રી ભુનેશ શ્રીવાસ્તવને સ્વતંત્રતા દિવસ ૨૦૨૩ ના અવસર પર, કેન્દ્રીય ગૃહ મંત્રાલય તરફથી સરાહનીય સેવા માટે પોલીસ મેડલ આપવાની જાહેરાત કરવામાં આવી છે. ભુનેશ શ્રીવાસ્તવ વર્ષ ૧૯૯૫ માં તેઓ રેલવે પ્રોટેક્શન ફોર્સમાં કોન્સ્ટેબલ તરીકે નિયુક્ત થયા હતા. ૨૮ વર્ષોની તેમની સેવા દરમિયાન તેઓએ વિવિધ હોદ્દા પર પૂરી લગન અને મહેનત સાથે કામ કર્યું છે. કામ પ્રત્યેની તેમની પ્રામાણિકતા અને સમર્પણને કારણે તેઓ હેડ કોન્સ્ટેબલ અને મદદનીશ ના પદ પર બઢતી આપવામાં આવી છે. તેમના દ્વારા મજબૂત વિશ્લેષણ ટીમ તરીકે ''મજબૂત મોડ્યુલ'' નો ઉપયોગ કરીને સંબંધિત પોસ્ટ ને સોંપવામાં આવેલ શંકાસ્પદ વપરાશકર્તા આઈ.ડી. નું વિશ્લેષણ કર્યું, જેના પરિણામે વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૧ સુધી સપ્ટેમ્બર સુધી રેલવે અધિનિયમ ના કલમ ૧૪૩ હેઠળ કુલ ૧૩૩ કેસ નોંધાયા હતા. જેમાં રેલ્વે ટીકીટનું બ્લેક માર્કેટીંગ કરતા ૧૪૫ બહારના લોકો ઝડપાયા હતા, જેમની પાસેથી ૩૬૨ લાઈવ ટિકિટની કિંમત ૫૭૯૫૩૫ રૂપિયા અને ૨૦૫૩ ઉપયોગ કરવામાં આવેલ



ટિકિટોની રકમ ૨૯૫૧૧૧૫ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો, જેમાં ૫૬૪ ઈ-રેલ ટિકિટ યુઝર આઈડી બ્લોક કરવામાં આવ્યા છે. તેમણે ભુજ રેલ્વે સ્ટેશન ખાતે ફરજ દરમિયાન તારીખ ૨૪.૦૬.૨૦૨૨ ના રોજ ૦૭ સગીર બાળકોને બચાવ્યા અને તેમના દ્વારા મુસાફરોની ચૂકી ગયેલ લાખો રૂપિયાનો સામાન કાર્યવાહી બાદ તેમને સોંપવામાં આવ્યો છે.

તેમના યોગદાન માટે ભૂતકાળમાં ૨૪ રોકડ પુરસ્કાર અને ૦૬ પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યા છે. તેમણે રાજભાષાને લગતી વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. તેમને વર્ષ ૨૦૨૦ માં મહાનિર્દેશક પ્રશંસા પુરસ્કાર અને વર્ષ ૨૦૨૦ માટે ઉત્તમ પુરસ્કાર થી પણ સન્માનિત કરવામાં આવ્યા છે.

### રાજકોટની આર કે યુનિવર્સિટી કેમ્પસનો બનાવ

# ABVPના કાર્યકરો દ્વારા વિદ્યાર્થીને ઢોરમાર મારવામાં આવ્યાનો આક્ષેપ



| રાજકોટ, તા.૧૮ |

કૌશલ ભુતાણી નામના વિદ્યાર્થીન ABVPના કાર્યકરો દ્વારા ઢોરમાર મારવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. મોડી રાત્રે પણ હોસ્ટેલ બિલ્ડિંગમાં ગેરકાયદે ઘુસીને વિદ્યાર્થીને ધમકાવ્યાની માહિતી છે. તો રેક્ટર રાયસિંહ પર પણ હોસ્ટેલમાં ઘુસવામાં મદદ કરવાનો આરોપ રાજકોટની આર કે યુનિવર્સિટી ફરી વિવાદમાં આવી છે. શિક્ષાના ધામમાં ગુંડાગર્દીના દ્રશ્યો સામે આવ્યા છે. કેમ્પસમાં ABVP ના કાર્યકરો વિદ્યાર્થીને મારકૂટ કરતા હોવાનો આરોપ છે. ABVP ના યાન ગોહિલ, હર્ષ પટેલ, રુદ્રરાજ જાડેજા, જય પટેલ નામના વિદ્યાર્થીઓ સામે મારપીટ કરી હોવાનો આરોપ છે. કૌશલ ભુતાણી નામના વિદ્યાર્થીને ABVP ના કાર્યકરો દ્વારા ઢોરમાર મારવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. મોડી રાત્રે પણ હોસ્ટેલ બિલ્ડિંગમાં ગેરકાયદે ઘુસીને વિદ્યાર્થીને ધમકાવ્યાની માહિતી છે. તો રેક્ટર રાયસિંહ પર પણ હોસ્ટેલમાં ઘુસવામાં મદદ કરવાનો આરોપ છે. મહત્વનું છે કે અગાઉ પણ આર કે યુનિવર્સિટીમાં બબાલની ઘટનાઓ બની હતી.

# વિધર્મી યુવકે ધો.૧૦માં અભ્યાસ કરતી સગીરાને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યું

| સુરત, તા.૧૮ |

સુરતના ખટોદરા વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષીય સગીરા ધોરણ ૧૦ માં અભ્યાસ કરે છે. તે ધોરણ-૯માં અભ્યાસ કરતી હતી, ત્યારે વર્ષ ૨૦૨૨માં ઓક્ટોબર મહિનામાં તે ખટોદરા આઝાદ નગર વિસ્તારમાં રહેતા સોયેબ શફી શેખ સાથે સંપર્કમાં આવી હતી. આરોપી સોયેબ શફી શેખની એક ચીકનની શોપ હતી. તો મળતી માહિતી પ્રમાણે તે સગીરાનો પીછો કરતો હતો. એક વિધર્મી યુવકે સુરતના ખટોદરા વિસ્તારમાં ધોરણ ૧૦માં અભ્યાસ કરતી સગીરાને લગ્નની લાલચ આપી હતી અને બાદમાં પ્રેમ જાળમાં ફસાવી લીધી હતી. બાદમાં અલગ અલગ જગ્યાએ લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું. આ મામલે કિશોરીના પરિવારે ખટોદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સોયેબ શફી શેખની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.સુરતના ખટોદરા વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષીય સગીરા ધોરણ ૧૦ માં અભ્યાસ કરે છે. તે ધોરણ-૯માં અભ્યાસ કરતી હતી, ત્યારે વર્ષ ૨૦૨૨માં ઓક્ટોબર મહિનામાં તે ખટોદરા આઝાદ નગર વિસ્તારમાં રહેતા સોયેબ શફી શેખ સાથે સંપર્કમાં આવી હતી. આરોપી સોયેબ શફી શેખની એક ચીકનની શોપ હતી. તો મળતી માહિતી પ્રમાણે તે સગીરાનો પીછો કરતો હતો. બાદમાં આરોપીએ કોઈ રીતે સગીરાનો મોબાઈલ નંબર મેળવી લીધો હતો અને બાદમાં સગીરાને તેના વોટ્સએપ નંબર પર મેસેજ કરતો હતો અને વાતચીત કરતો હતો. એટલુ જ નહીં આરોપીએ સગીરાને લગ્નની લાલચ આપી હતી અને હું તને તારા પરિવાર કરતા પણ વધુ સારી રીતે સાચવીશ તેમ જણાવીને પ્રેમ જાળમાં ફસાવી હતી અને આરોપીએ સગીરાને પોતાના ઘરે તેમજ અલથાણ ગાર્ડન ખાતે મળવા બોલાવી દુષ્કર્મ આચર્યું હતું.

### મોંઘા નળની ચોરી કરતી ગેંગ ઝડપાઈ

# રાંદેર વિસ્તારમાં એક શો રુમનું શટર તોડીને નળની ચોરી થઇ

| સુરત, તા.૧૮ |

આરોપીઓએ રાંદેર વિસ્તારમાં એક શો રુમને શટર તોડીને નળની ચોરી કરી હતી. ઘટના બાદ પોલીસે સીસીટીવી આધારે તપાસ શરુ કરી હતી. જે દરમિયાન પોલીસે આરોપીઓને ઝડપી લઈને તપાસ શરુ કરી છે.સુરતના રાંદેર વિસ્તારમાં સિરામીક અને હાર્ડવેર મટિરીયલના શો રુમમાંથી તસ્કરોએ મોંઘાદાટ નળની ચોરી કરી હતી. પોલીસે મોંઘાદાટ નળની ચોરીને લઈને તપાસ શરુ કરી હતી. આ દરમિયાન પોલીસે ચાર શખ્શોને ઝડપી લઈને તપાસ શરુ કરી છે. તસ્કર ટોળકી પાસેથી ચોરીના નળનો જથ્થો મળી આવ્યો છે. ચારેય આરોપીઓની પૂછપરછ કરીને આરોપી ટોળકીએ અન્ય ક્યાં ક્યાં ચોરી આચરી છે, તે આશંકાને લઈને પૂછપરછ શરુ કરી છે. દોઢ લાખની કિંમતના નળ ચોરનારા આરોપીઓ પાસેથી ચોરીના નળને જપ્ત કરવામાં આવ્યા છે.

### ફરિયાદ મળતા DEOએ તપાસ હાથ ધરી

# ૧૫ ઓગસ્ટના દિવસે ધ્વજવંદન માટે શિક્ષક ન આવતા વિવાદ

| ડાંગ, તા.૧૮ |

૧૫મી ઓગસ્ટના દિવસે કેળ પ્રાથમિક શાળામાં ધ્વજવંદન કાર્યક્રમ હતો, જેમાં ગામનો જ શિક્ષક હાજર ન રહેતા વિવાદ સર્જાયો છે. ગ્રામજનો શાળામાં ધ્વજવંદન કરવા એકઠા થયા, પણ શિક્ષક જ ગેરહાજર રહ્યા હતા. જે બાદ ગ્રામજનોએ શિક્ષકની ગેરહાજરીનો વીડિયો બનાવીને વાયરલ કર્યો છે. ડાંગના સુબીર ખાતે આવેલા કેળ ગામની પ્રાથમિક શાળાના શિક્ષકની બેદરકારીના કારણે વિરોધ થયો છે. ૧૫મી ઓગસ્ટના દિવસે કેળ પ્રાથમિક શાળામાં ધ્વજવંદન કાર્યક્રમ હતો, જેમાં શાળાના શિક્ષક જ હાજર ન રહેતા વિવાદ સર્જાયો છે. ગ્રામજનો શાળામાં ધ્વજવંદન કરવા એકઠા થયા, પણ શિક્ષક જ ગેરહાજર રહ્યા હતા. જે બાદ ગ્રામજનોએ શિક્ષકની ગેરહાજરીનો વીડિયો બનાવીને વાયરલ કર્યો છે. તો શિક્ષક પર ગંભીર આક્ષેપ પણ લાગ્યા છે, કે શિક્ષક માત્ર પોતાની હાજરી પુરાવવા જ શાળામાં આવે છે. તેમજ શાળામાં આવીને દારૂ પણ પીતો હોવાની ચર્ચા છે. સમગ્ર ફરિયાદ બાદ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ શિક્ષક સામે વધુ તપાસ હાથ ધરી છે.

પત્રકાર નિમવાના છે...

આણંદ, ખેડા, વડોદરા જિલ્લામાં માનદ્ પત્રકારો નિમવાના છે..

મનિષ પ્રજાપતિ મો. 70966 59890

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત દૈનિક સમાચાર પત્ર

CNN Channel Nine Network GUJARAT

ઉપાડો ફોન 9800708900

આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો

આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો

દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...

cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨